णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

श्री भुवनभानुसूरि जन्मशताब्दीએ નવલું નજરાણુ - ૧૩

प्राचीनपरमर्षिकृतयोगसारप्रकरणे

चतुर्थप्रस्तावनूतनवार्त्तिकरूपा

# सत्त्वोपनिषद्

( માત્ર સંયમી ભગવંતો માટે )

संशोधनम् + संस्कृतवार्त्तिकनवसर्जनम् + गुर्जरभावानुवादः + सम्पादनम्

वैराग्यदेशनादक्ष-आचार्यदेवश्रीमद्विजय**हेमचन्द्र**सूरीश्वरशिष्य-

आचार्यदेवश्रीमद्विजय**कल्याणबोधि**सूरीश्वराः

प्रकाशक

श्री जिनशासन आराधना ट्रस्ट

- **પુસ્તકનું નામ** : સત્ત્વોપનિષદ્
- **મૂળ ગ્રંથ** : યોગસાર પ્રકરણનો સત્ત્વોપદેશ નામનો ચતુર્થપ્રસ્તાવ.
- **મૂળ ગ્રંથકાર** : અજ્ઞાત પ્રાચીન પરમર્ષિ.
- **નવનિર્મિત સંસ્કૃતવાર્તિક** : સત્ત્વોપનિષદ્.
- મૂળ ગ્રંથનું ત્રણ હસ્તાદર્શો દ્વારા **સંશોધન** + સંસ્કૃતવાર્તિક **નવસર્જન** + ગુજરાતી **ભાવાનુવાદ** + **સંપાદન** : પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય **કલ્યાણબોધિસૂરીશ્વરજી** મહારાજ
- **વિષય** : સત્ત્વોલ્લાસ.
- **વિશેષતા** : સત્ત્વનો ઉત્કર્ષ કરવા દ્વારા સાધનાને પરાકાષ્ઠામાં લઈ જતી પૂર્વાચાર્યની એક અપ્રતિમ કૃતિ. સંયમજીવનને વિશુદ્ધતર બનાવવા માટે પઠનીય ગ્રંથ.
- **પ્રકાશક** : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, મુંબઈ
- **પઠનપાઠનના અધિકારી** : ગીતાર્થગુરુ અનુજ્ઞાત સંયમી ભગવંત.
- **પ્રતિ** : ૫૦૦
- **આવૃત્તિ** : પ્રથમ, **પ્રકાશન વર્ષ**-વિ.સં.૨૦૬૬, વી.સં.૨૫૩૬, ઈ.સ.૨૦૧૦
- **મૂલ્ય** : રૂા.૧૦૦/-
- © **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

  પ્રસ્તુત ગ્રંથના કોઈ પણ અંશનો ઉપયોગ કરતાં પૂર્વે લેખક અને પ્રકાશકની લેખિત મંજૂરી જરૂરી છે.

  આ ગ્રંથ જ્ઞાનદ્રવ્યમાંથી પ્રકાશિત થયો હોવાથી ગૃહસ્થોએ તેની માલિકી કરવી હોય, તો તેનું મૂલ્ય જ્ઞાનખાતામાં અર્પણ કરવું.
- **પ્રાપ્તિ સ્થાન** : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

  **શ્રી ચંદ્રકુમારભાઈ જરીવાલા**, દુ.નં.૫-૬, બદ્રિકેશ્વર સોસાયટી, મરીન ડ્રાઈવ ઈ રોડ, **મુંબઈ**-૨. ફોન : ૨૨૮૧૮૩૯૦, ૨૨૬૨૪૪૭૭

  **શ્રી ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી**, ૬/બી, અશોકા કોમ્પ્લેક્ષ, પહેલા ગરનાળા પાસે, **પાટણ**-૩૮૪૨૬૫. (ઉ.ગુ.), મો. : ૯૯૦૯૪૬૮૫૭૨

  **શ્રી બાબુભાઈ સરેમલજી બેડાવાળા**, સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે, હીરા જૈન સોસાયટી, સાબરમતી, **અમદાવાદ**-૫. મો. : ૯૪૨૬૫ ૮૫૯૦૪.
- **મુદ્રક** : શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૫૪૬૦૨૯૫

......અનુમોદના..... અભિનંદન....... ધન્યવાદ.......

❁ સુકૃત સહયોગી ❁

પ.પૂ.સંયમૈકલક્ષી આચાર્યદેવ શ્રીમદ્વિજય **જગચ્ચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન પ.પૂ. આગમદિવાકર આચાર્યદેવ શ્રીમદ્વિજય **અભયચંદ્રસૂરીશ્વરજી** મહારાજાની પ્રેરણાથી તપસ્વી મુનિરાજશ્રી **સિદ્ધિવિજયજી** મ.સા., મુનિરાજશ્રી **રિદ્ધિવિજયજી** મ.સા. તથા મુનિરાજશ્રી **હીરવિજયજી** મ.સા.એ શ્રી ધરણીધર સંઘના આગંણે કરાવેલ પર્યુષણા પર્વની આરાધનાની અનુમોદનાર્થે

**શ્રી પ્રેમવર્ધક જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ**
**ધરણીધર દેરાસર**

૨૪, ધરણીધર સોસાયટી, નવા વિકાસગૃહ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

**જ્ઞાનનિધિના સદ્વ્યયની**
**ભૂરિ ભૂરિ અનુમોદના**

......અનુમોદના..... અભિનંદન....... ધન્યવાદ.......



## *વીર જિનને પાયે લાગુ, વીરપણું તે માંગુ રે..*

એક અજ્ઞાત પ્રાચીન પરમર્ષિએ કો'ક ધન્ય પળે એક અદ્ભુત રચના કરી, જેનું નામ છે **યોગસાર**. આ રચનામાં પાંચ પ્રસ્તાવ છે, જેમાં ચતુર્થ પ્રસ્તાવ છે **સત્ત્વોપદેશ**. આત્માના પ્રત્યેક પ્રદેશમાં અપૂર્વ વીર્યોલ્લાસ ભરી દેવાનું સામર્થ્ય આ સત્ત્વોપદેશમાં રહેલું છે. એના પર લખાયેલું સંસ્કૃત તથા ગુજરાતી વાર્તિક એટલે જ **સત્ત્વોપનિષદ્**.

પૂજ્ય સંયમી ભગવંતોને પ્રેરણા આપું એવી મારી યોગ્યતા નથી, આમ છતાં આ પ્રયાસ કર્યો છે, તેનું કારણ એ કે હું તો ચારણના સ્થાને છું. શૂરવીર યોદ્ધાઓ રણસંગ્રામમાં યુદ્ધ કરવા સજ્જ થાય ત્યારે ભાટ-ચારણો દુહા આદિ દ્વારા તેમને અત્યંત પ્રોત્સાહિત કરે, એવી પૂર્વકાળમાં વ્યવસ્થા હતી. જેના પ્રભાવે તેમની શૂરવીરતા અનેકગણી બની જાય, તેઓ મરણિયા બનીને શત્રુસેના પર ત્રાટકે, મહાપરાક્રમથી લડે અને જ્વલંત વિજય મેળવીને રહે, હા, પેલા ચારણોને તો તલવાર પકડતા પણ ન આવડતી હોય. અહીં ઉપનય તો સ્પષ્ટ જ છે. આ કૃતિના માધ્યમે પૂજ્ય સંયમી ભગવંતો કર્મસંગ્રામમાં જ્વલંત વિજય મેળવે, આ ચારણ પણ તેમના પગલે પગલે ચાલે, એ જ આ સર્જનનું ફળ ઈચ્છું છું.

સંસ્કૃત વાર્તિક પ્રાચીન શૈલીમાં રચાયેલું છે. આ શૈલીના જિજ્ઞાસુઓને વાદોપનિષદ્-પ્રસ્તાવના જોવા ભલામણ કરું છું. ગુજરાતી વાર્તિક એ ભાષાંતર નહીં, પણ ભાવાનુવાદ છે. વાર્તિકના ઉદ્દેશને પ્રધાનતા આપીને શાબ્દિક અર્થ આપવાની અહીં ઉપેક્ષા કરી છે. તેથી શબ્દાર્થના અર્થીઓની ક્ષમા ચાહું છું. બહુશ્રુત મહાત્માઓને મારી ક્ષતિઓનો નિર્દેશ કરવા નમ્ર પ્રાર્થના છે.

યોગસાર-ચતુર્થ પ્રકાશના મૂળ શ્લોકોનું સંશોધન ત્રણ હસ્તાદર્શો દ્વારા કરાયું છે.



(क - શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર, પાટણ, શ્રી સંઘનો જૈન જ્ઞાનભંડાર, ડા.૬૭, નં.૧૫૪૨)



(ख -શ્રી જૈન જ્ઞાનભંડાર, સંવેગીનો ઉપાશ્રય, હાજા પટેલની પોળ, અમદાવાદ. નં.૨૬૪૦)



(ग - શ્રી જૈન જ્ઞાનભંડાર, સંવેગીનો ઉપાશ્રય, હાજા પટેલની પોળ, અમદાવાદ.નં.૨૬૪૧)



પરમકૃપાળુ પરમાત્મા તથા અનંતોપકારી ગુરુદેવશ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની કૃપા આ સર્જન દરમ્યાન સતત વરસતી રહી છે. સંશોધનમાં ઉપયુક્ત હસ્તાદર્શોની સંરક્ષક સંસ્થાઓના અમે આભારી છીએ. પ.પૂ.વિદ્વત્સભાલંકાર આ.શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મહારાજે પાટણ-જ્ઞાનભંડારની હસ્તાદર્શ પાઠવી આપી. તથા અન્ય પણ અનેક ગ્રંથોના હસ્તાદર્શ આદિની ઉપયોગી માહિતી અમને પાઠવી આપી. તે બદલ તેમના અમે ઋણી છીએ. શ્રી પાર્શ્વ કૉમ્પ્યુટર્સ - શ્રી વિમલભાઈની કુશળતાથી ટાઈપ સેટીંગ તથા સુધારા-વધારાનું પરિશ્રમસાધ્ય કાર્ય પણ સફળતાપૂર્વક પાર પડી શક્યું છે. એમ અનેક પરિબળોના સમન્વયથી સંપન્ન થયેલ આ સર્જનમાં હું તો નિમિત્તમાત્ર છું. આ કૃતિ દ્વારા સ્વ-પરનું કલ્યાણ થાય એવી પુનઃ પુનઃ શુભેચ્છા સહ...

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો

મિચ્છામિ દુક્કડમ્.

- પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાનો ચરણકિંકર

વિજય **કલ્યાણબોધિસૂરિ**

ફા.સુ.૮, વીર સં.૨૫૩૫
ગિરધરનગર, અમદાવાદ.

श्री भुवनभानुसूरि जन्मशताब्दीએ નવલું નજરાણુ

# જ્ઞાનામૃતં ભોજનમ્...

પરિવેષક

પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આ. હેમચન્દ્રસૂરીશ્વરશિષ્ય

આ. કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.સા.

૧. સિદ્ધાન્તમહોદધિ મહાકાવ્યમ્ - સાનુવાદ.
૨. ભુવનભાનવીયમ્ મહાકાવ્યમ્ - સાનુવાદ, સવાર્તિક.
૩. સમતાસાગર મહાકાવ્યમ્ - સાનુવાદ.
૪. પરમપ્રતિષ્ઠા કાવ્યમ્ - સાનુવાદ, કલાત્મક આલ્બમ સાથે.
૫. જીરાવલીયમ્ કાવ્યમ્ - સાનુવાદ.
૬. પ્રેમમંદિરમ્ - કલ્યાણમંદિરપાદપૂર્તિ સ્તોત્ર - સાનુવાદ, સવાર્તિક.
૭. છંદોલંકારનિરૂપણમ્ - કવિ બનવાનો શોર્ટકટ - પોકેટ ડાયરી.
૮. તત્ત્વોપનિષદ્
૯. વાદોપનિષદ્
૧૦. વેદોપનિષદ્
૧૧. શિક્ષોપનિષદ્
} શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિકૃત ષષ્ઠી, અષ્ટમી, નવમી અને અષ્ટાદશી દ્વાત્રિંશિકા પર સંસ્કૃત ટીકા - સાનુવાદ.
૧૨. સ્તવોપનિષદ્ - શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિ તથા કલિકાલસર્વજ્ઞશ્રીહેમચન્દ્રાચાર્યકૃત અદ્ભુત સ્તુતિઓના રહસ્ય - સાનુવાદ.
૧૩. સત્ત્વોપનિષદ્ - યોગસાર ચતુર્થપ્રકાશવૃત્તિ - સાનુવાદ. (માત્ર સંયમી ભગવંતો માટે)
૧૪. દેવધર્મોપનિષદ્ - મહોપાધ્યાયશ્રી યશોવિજયજીકૃત દેવધર્મપરીક્ષા ગ્રંથની ગુર્જર ટીકા
૧૫. પરમોપનિષદ્ - મહોપાધ્યાયશ્રી યશોવિજયજી આદિ કૃત પાંચ 'પરમ' કૃતિઓ પર ગુર્જરવૃત્તિ
૧૬. આર્ષોપનિષદ્-૧
૧૭. આર્ષોપનિષદ્-૨
} શ્રી પ્રત્યેકબુદ્ધપ્રણીત ઋષિભાષિત (ઈસિભાસિયાઈ) આગમસૂત્ર પર સંસ્કૃત ટીકા.



૧૮. વૈરાગ્યોપનિષદ્ - શ્રીહરિહરોપાધ્યાયકૃત ભર્તૃહરિનિર્વેદ નાટક-ભાવાનુવાદ.
૧૯. સૂક્તોપનિષદ્ - પરદર્શનીય અદ્ભુત સૂક્તોનો સમુચ્ચય તથા રહસ્યાનુવાદ
૨૦. કર્મોપનિષદ્ - સિદ્ધાન્તમહોદધિ શ્રીપ્રેમસૂરીશ્વરજીકૃત કર્મસિદ્ધિ ગ્રંથ પર ભાવાનુવાદ.
૨૧. વિશેષોપનિષદ્ - શ્રી સમયસુંદરોપાધ્યાયજીકૃત વિશેષશતક ગ્રંથ પર ગુર્જર ભાવાનુવાદ.
૨૨. હિંસોપનિષદ્ - શ્રી હરિભદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ અવચૂરિ અલંકૃત હિંસાષ્ટક ગ્રંથ પર ગુર્જર ટીકા.
૨૩. અહિંસોપનિષદ્ - અજ્ઞાતકર્તૃક (પ્રવાદતઃ શ્રીહરિભદ્રસૂરિ મહારાજા કૃત) નાનાચિત્તપ્રકરણ પર સંસ્કૃત ટીકા-સાનુવાદ.
૨૪. ધર્મોપનિષદ્ - વેદ થી માંડીને બાઈબલ સુધીના ધર્મશાસ્ત્રોના રહસ્ય.
૨૫. શમોપનિષદ્ - નવનિર્મિત સપ્તક પ્રકરણ - સાનુવાદ.
૨૬. લોકોપનિષદ્ - શ્રી હરિભદ્રસૂરિકૃત લોકતત્ત્વનિર્ણય ગ્રંથ પર સંસ્કૃત વૃત્તિ (ભાગ-૧).
૨૭. આત્મોપનિષદ્ - શ્રી ઉદયનાચાર્યકૃત આત્મતત્ત્વવિવેક ગ્રંથ પર ગુર્જર ટીકા (ભાગ-૧).
૨૮. સામ્યોપનિષદ્ - મહોપાધ્યાયશ્રી યશોવિજયજીકૃત સમાધિ-સામ્યદ્વાત્રિંશિકા સચિત્ર સાનુવાદ.
૨૯. સદ્બોધોપનિષદ્ - સદ્બોધચન્દ્રોદય પંચાશિકા પર સંસ્કૃત વાર્તિક - સાનુવાદ
૩૦. સ્તોત્રોપનિષદ્ - શ્રીવજસ્વામિકૃત શ્રીગૌતમસ્વામિસ્તોત્ર - સચિત્ર સાનુવાદ.

૩૧. દર્શનોપનિષદ્-૧ } શ્રી માધવાચાર્યકૃત સર્વદર્શનસંગ્રહ
૩૨. દર્શનોપનિષદ્-૨ } ગ્રંથ પર ગુર્જર ભાવાનુવાદ.

૩૩. રામાયણના તેજ કિરણો - રામાયણી માટે પર્યાપ્ત આલંબન

૩૪. અસ્પર્શોપનિષદ્ - મહોપાધ્યાયશ્રી યશોવિજયજીકૃત અસ્પૃશદ્ગતિવાદ પર ગુર્જર વૃત્તિ

૩૫. હિતોપનિષદ્ - અધ્યાત્મકલ્પદ્રુમના યતિશિક્ષોપદેશાધિકાર તથા યતિશિક્ષાપંચાશિકા પર ગુર્જર વાર્તિક + સાનુવાદ સાવચૂરિ યતિવિચાર

૩૬. જ્ઞાનોપનિષદ્ - અષ્ટાવક્ર ગીતા પર સંસ્કૃત વૃત્તિ.

૩૭. સંબોધોપનિષદ્ - સટીક શ્રીરત્નશેખરસૂરિકૃત સંબોધસપ્તતિ ગ્રંથ પર ગુર્જરવૃત્તિ

૩૮. ઈષ્ટોપનિષદ્ - શ્રીપૂજ્યપાદસ્વામિકૃત ઈષ્ટોપદેશ ગ્રંથ પર સંસ્કૃત ટીકા-સાનુવાદ

૩૯. વિમોહોપનિષદ્ - શ્રીયશપાલમંત્રીકૃત મોહરાજપરાજય નાટક પર વિષમપદવ્યાખ્યા અને અનુવાદ

૪૦. શ્રામણ્યોપનિષદ્ - દશવિધ યતિધર્મ પર નવનિર્મિત પ્રકરણ (બીજું નામ શ્રમણશતક)

૪૧. સફળતાનું સરનામું - સફળ જીવન જીવવા માટે સફળ કિમિયાઓ

૪૨. સૂત્રોપનિષદ્ - શ્રીસૂત્રકૃતાંગસૂત્ર-દ્વિતીયશ્રુતસ્કંધ પર સંસ્કૃત સંગ્રહણી. (શ્રીસૂત્રકૃતાંગદીપિકા ભાગ-૨ના પુનઃ સંપાદન સાથે.)

૪૩. પ્રવ્રજ્યોપનિષદ્ - અજ્ઞાતપૂર્વાચાર્યકૃત પ્રવ્રજ્યાવિધાન પ્રકરણ પર ગુર્જર વૃત્તિ



૪૪. પ્રસન્નતાની પરબ - વક્તા-શ્રોતા બંનેને ઉપયોગી વૈરાગ્યાદિ રસઝરણા.

૪૫. દેશનોપનિષદ્ - વૈરાગ્યદેશનાદક્ષ પૂ. ગુરુદેવશ્રીની વાચનાઓનું સંસ્કૃત કાવ્યમય અવતરણ.

૪૬. જીરાવલા જુહારીએ - ગીત ગુંજન.

૪૭. ઉપદેશોપનિષદ્ - ઉપદેશરત્નકોષ ગ્રંથ પર વિશદ વૃત્તિ.

૪૮. પ્રાર્થનોપનિષદ્ - અલંકારિક સ્તુતિઓ પર તાત્પર્યવૃત્તિ-સાનુવાદ.

## In Process.....

- અંગોપનિષદ્ - અદ્યાવધિ અમુદ્રિત આગમ અંગચૂલિકાસૂત્ર પર નૂતન સંસ્કૃતવૃત્તિ
- વર્ગોપનિષદ્ - અદ્યાવધિ અમુદ્રિત આગમ વર્ગચૂલિકાસૂત્ર પર નૂતન સંસ્કૃતવૃત્તિ
- બોટિકોપનિષદ્ - અદ્યાવધિ અમુદ્રિત કૃતિઓ-બોટિક પ્રતિષેધ, બોટિક નિરાકરણ, દિગંબરમત ખંડન, બોટિકોચ્ચાટનના સમન્વય સાથે અનેક પ્રાચીન ગ્રંથોના આધારે દિગંબરમતની ગંભીર સમીક્ષા
- આગમોપનિષદ્ - આગમપ્રતિપક્ષનિરાકરણ (વિસંવાદ પ્રકરણ) પર વિશદ વિવરણ
- દુઃષમોપનિષદ્ - દુઃષમગંડિકા ગ્રંથ પર વિશદ વૃત્તિ.
- આચારોપનિષદ્ - શ્રીદેવસુંદરસૂરિકૃત સામાચારી પ્રકરણ પર વિશદ વૃત્તિ

## ✵ શ્રી જિનશાસન સુકૃત મુખ્ય આધારસ્તંભ ✵

(૧) નયનબાળા બાબુભાઈ જરીવાલા
હ. લીનાબેન ચંદ્રકુમારભાઈ જરીવાલા પરિવાર (મુંબઈ)

(૨) મૂળીબેન અંબાલાલ શાહ
હ. રમાબેન પુંડરીકભાઈ શાહ પરિવાર - ખંભાત (મુંબઈ)

## ✵ શ્રી જિનશાસન સુકૃત આધારસ્તંભ ✵

(૧) નયનબાળા બાબુભાઈ જરીવાલા
હ. શોભનાબેન મનીશભાઈ જરીવાલા પરિવાર (મુંબઈ)

## ❁ શ્રુતસમુદ્ધારક ❁

૧. ભાણબાઈ નાનજી ગડા, મુંબઈ
(પ્રેરક : પ.પૂ.ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરિ મ.સા.)

૨. શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ

૩. શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ
(પ્રેરક : પ.પૂ.તપસમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્વિજય હિમાંશુસૂરિ મ.સા.)

૪. શ્રી શ્રીપાલનગર જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ
(પ્રેરક : પ.પૂ.ગ.આ.રામચંદ્રસૂરિ મ.સા.ની દિવ્યકૃપા તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય મિત્રાનંદ સૂ.મ.સા.)

૫. શ્રી લાવણ્ય સોસાયટી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ
(પ્રેરક : પ.પૂ.પંન્યાસજી શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્ય)

૬. નયનબાલા બાબુભાઈ સી. જરીવાલા હા. ચંદ્રકુમાર, મનીષ, કલ્પનેશ
(પ્રેરક : પ.પૂ.મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)

૭. કેશરબેન રતનચંદ કોઠારી હા. લલિતભાઈ
(પ્રેરક : પ.પૂ.ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ)

૮. શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છીય જૈન પૌષધશાલા ટ્રસ્ટ, દાદર, મુંબઈ

૯. શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુલુંડ, મુંબઈ
(આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.ની પ્રેરણાથી)

૧૦. શ્રી સાંતાક્રુઝ શ્વે. મૂર્તિ. તપાગચ્છ સંઘ, સાંતાક્રુઝ, મુંબઈ
(પ્રેરક : આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)



૧૧. શ્રી દેવકરણ મૂલજીભાઈ જૈન દેરાસર પેઢી, મલાડ (વેસ્ટ), મુંબઈ
(પ્રેરક : પ.પૂ. મુનિરાજશ્રી સંયમબોધિ વિ.મ.સા.)

૧૨. સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત (પૂ.સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ.તથા પૂ.સા.શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. તથા પૂ.સા. શ્રી દિવ્યશાશ્રીજી મ. ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે)

૧૩. બાબુ અમીચંદ પન્નાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરીટીબલ ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦૦૦૬. (પ્રેરક : પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિજયજી મ.સા. તથા પૂ.મુનિરાજશ્રી મહાબોધિ વિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી હિરણ્યબોધિ વિજયજી મ.સા.)

૧૪. શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઈ
(પ્રેરક : પૂ. મુનિશ્રી હેમદર્શન વિ.મ. તથા પૂ. મુનિશ્રી રમ્યઘોષ વિ.મ.)

૧૫. શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મંગલ પારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ (પ્રેરક : પ.પૂ. આચાર્યદેવ શ્રી રુચકચંદ્રસૂરિ મ.)

૧૬. શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ (પ્રેરક : પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)

૧૭. શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ, બોમ્બે સેન્ટ્રલ, મુંબઈ
(પ્રેરક : પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિ. મ.)

૧૮. શ્રી કલ્યાણજી સોભાગચંદજી જૈન પેઢી, પીંડવાડા. (સિદ્ધાંતમહોદધિ સ્વ. આ. શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના સંયમની અનુમોદનાર્થે)

૧૯. શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ
(પ્રેરક : વૈરાગ્યદેશનાદક્ષ પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)

૨૦. શ્રી આંબાવાડી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ
(પ્રેરક : પૂ.મુનિ શ્રીકલ્યાણબોધિ વિ.મ.)

૨૧. શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, વાસણા, અમદાવાદ
(પ્રેરક : પૂ. આચાર્ય શ્રી નરરત્નસૂરિ મ.ના સંયમજીવનની અનુમોદનાર્થે પૂજ્ય તપસ્વીરત્ન આચાર્ય શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ.સા.)

૨૨. શ્રી પ્રેમવર્ધક આરાધક સમિતિ, ધરણિધર દેરાસર, પાલડી, અમદાવાદ
(પ્રેરક : પૂ.ગણિવર્ય શ્રી અક્ષયબોધિ વિજયજીમ.)

૨૩. મહાવીર જૈન શ્વે.મૂર્તિપૂજક સંઘ, પાલડી, શેઠ કેશવલાલ મૂલચંદ જૈન ઉપાશ્રય, અમદાવાદ. (પ્રેરક : પ.પૂ. આચાર્ય શ્રીરાજેન્દ્રસૂરિ મહારાજ સા.)

૨૪. શ્રી માટુંગા જૈન શ્વે. મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ એન્ડ ચેરિટીઝ, માટુંગા, મુંબઈ

૨૫. શ્રી જીવીત મહાવીરસ્વામી જૈન સંઘ, નાંદિયા (રાજસ્થાન) (પ્રેરક : પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિ વિજયજી મ.સા. તથા મુનિશ્રી મહાબોધિ વિજયજી મ.સા.)

૨૬. શ્રી વિશા ઓસવાલ તપાગચ્છ જૈન સંઘ, ખંભાત
(પ્રેરક : વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ.આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરિ મ.સા.)
૨૭. શ્રી વિમલ સોસાયટી આરાધક જૈન સંઘ, બાણગંગા, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૭.
૨૮. શ્રી પાલિતાણા ચાતુર્માસ આરાધના સમિતિ (પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના સંવત ૨૦૫૩ના પાલિતાણા મધ્યે ચાતુર્માસ પ્રસંગે)
૨૯. શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ (પ્રેરક : મુનિશ્રી નેત્રાનંદ વિજયજી મ. સા.)
૩૦. શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ.
(પ્રેરક : મુનિશ્રી સંયમબોધિ વિ.મ.)
૩૧. શ્રી કૃષ્ણનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, સૈજપુર, અમદાવાદ (પ.પૂ. આચાર્ય વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. ના કૃષ્ણનગર મધ્યે સંવત ૨૦૫૨ના ચાતુર્માસ નિમિત્તે પ.પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજય મ.સા.ના પ્રેરણાથી)
૩૨. શ્રી બાબુભાઈ સી. જરીવાલા ટ્રસ્ટ, નિઝામપુરા, વડોદરા
૩૩. શ્રી ગોડી પાર્શ્વનાથજી ટેમ્પલ ટ્રસ્ટ, પુના
(પ્રેરક : પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિ વિજયજી મ.સા.)
૩૪. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટ, ભવાની પેઠ, પુના.
(પ્રેરક : પૂ. મુનિરાજ શ્રી અનંતબોધિ વિજયજી મ.સા.)
૩૫. શ્રી રાંદેર રોડ જૈન સંઘ, સુરત (પ્રેરક : પૂ.પં. અક્ષયબોધિ વિજયજી મ.સા.)
૩૬. શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ દાદર જૈન પૌષધશાલા ટ્રસ્ટ, આરાધના ભુવન, દાદર, મુંબઈ (પ્રેરક : મુનિશ્રી અપરાજિત વિજયજી મ.સા.)
૩૭. શ્રી જવાહર નગર જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ, ગોરેગાવ, મુંબઈ
(પ્રેરક : પૂ. આ. શ્રીરાજેન્દ્રસૂરિ મ.સા.)
૩૮. શ્રી કન્યાશાલા જૈન ઉપાશ્રય, ખંભાત (પ્રેરક : પૂ.પ્ર.શ્રી રંજનશ્રીજી મ. સા. અને પૂ. પ્ર.શ્રી ઈંદ્રશ્રીજી મ.સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે પ.પૂ.સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. તથા સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.સા.)
૩૯. શ્રી માટુંગા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ એન્ડ ચેરીટીઝ, માટુંગા, મુંબઈ
(પ્રેરક : પૂ. પંન્યાસપ્રવર શ્રીજયસુંદરવિજયજી ગણિવર્ય)
૪૦. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, ૯૦ ફુટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ)
(પ્રેરક : પૂ.પં. શ્રી વરબોધિવિજયજી ગણિવર્ય)
૪૧. શ્રી આદિનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી (પ્રેરક : પ.પૂ.આ. શ્રીગુણરત્નસૂરિ મ.ના શિષ્ય પૂ. પંન્યાસજી શ્રીપુણ્યરત્નવિજયજી ગણિવર્ય તથા પૂ.પં. શ્રીયશોરત્નવિજયજી ગણિવર્ય)



૪૨. શ્રી કોઈમ્બતૂર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, કોઈમ્બતૂર
૪૩. શ્રી પંકજ સોસાયટી જૈન સંઘ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ
(પ.પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરિ મ.સા. ની ગુરુમૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે થયેલ આચાર્ય-પંન્યાસ-ગણિ પદારોહણ-દિક્ષા વગેરે નિમિત્તે થયેલ જ્ઞાનનિધિમાંથી)
૪૪. શ્રી મહાવીરસ્વામી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક દેરાસર, પાવાપુરી, ખેતવાડી, મુંબઈ (પ્રેરક : પૂ. મુનિશ્રી રાજપાલવિજયજી મ.સા. તથા પૂ.પં. શ્રી અક્ષયબોધિવિજયજી મ.સા.)
૪૫. શ્રી હીરસૂરીશ્વરજી જગદગુરુ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ ટ્રસ્ટ, મલાડ (પૂર્વ), મુંબઈ
૪૬. શ્રી પાર્શ્વનાથ શ્વે. મૂર્તિ. પૂ. જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ
(પ્રેરક : ગણિવર્યશ્રી કલ્યાણબોધિ વિ.મ.)
૪૭. શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વે. મૂ.પૂ. સંઘ જૈન- નગર, અમદાવાદ
(પૂ.મુનિશ્રી સત્યસુંદર વિ.મ.ની પ્રેરણાથી ચાતુર્માસમાં થયેલ જ્ઞાનનિધિમાંથી)
૪૮. રતનબેન વેલજી ગાલા પરિવાર, મુલુંડ, મુંબઈ
(પ્રેરક : પૂ. મુનિશ્રી રત્નબોધિ વિજયજી મ.સા.)
૪૯. શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ, મુંબઈ
૫૦. શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ, બાબુલનાથ, મુંબઈ (પ્રેરક : મુનિશ્રી સત્વભૂષણ વિજયજી)
૫૧. શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘ, મુંબઈ (પ્રેરક:ગણિવર્યશ્રી કલ્યાણબોધિ વિ.)
૫૨. શ્રી વિમલનાથ જૈન દેરાસર આરાધક સંઘ, બાણગંગા, મુંબઈ
૫૩. શ્રી વાડીલાલ સારાભાઈ દેરાસર ટ્રસ્ટ પ્રાર્થના સમાજ,મુંબઈ (પ્રેરક : મુનિશ્રી રાજપાલવિજયજી તથા પં. શ્રી અક્ષયબોધિ વિજયજી ગણિવર)
૫૪. શ્રી પ્રીન્સેસ સ્ટ્રીટ, લુહાર ચાલ જૈન સંઘ (પ્રેરક : ગણિવર્ય શ્રી કલ્યાણબોધિ વિ.)
૫૫. શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદિવલી (પૂર્વ), મુંબઈ (પ્રેરક : મુનિશ્રી રાજપાલ વિજયજી તથા પં. શ્રી અક્ષયબોધિ વિજયજી ગણિવર)
૫૬. સાધ્વીજી શ્રી સુર્યયશાશ્રીજી તથા સુશીલયશાશ્રીજીના પાર્લા(પૂર્વ) કૃષ્ણકુંજમાં થયેલ ચાતુર્માસની આવકમાંથી
૫૭. શ્રી પ્રેમવર્ધક દેવાસ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, દેવાસ, અમદાવાદ (પ્રેરક : પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ. તથા પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવજિયજી મ.)
૫૮. શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, સમા રોડ, વડોદરા
(પ્રેરક : પંન્યાસજી શ્રી કલ્યાણબોધિવિજયજી ગણિવર્ય)

૫૯. શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ, કોલ્હાપુર
(પ્રેરક : પૂ. મુનિરાજ શ્રી પ્રેમસુંદર વિજયજી)

૬૦. શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે.મૂ.પૂ. સંઘ, અમદાવાદ
(પ્રેરક : પ.પૂ. પંન્યાસપ્રવર પુણ્યરત્નવિજયજી મહારાજા)

૬૧. શ્રી દિપક જ્યોતિ જૈન સંઘ, કાલાચોકી, પરેલ, મુંબઈ (પ્રેરક : પૂ.પં. શ્રી ભુવનસુંદર વિજયજી ગણિવર્ય તથા પૂ.પં. શ્રી ગુણસુંદર વિજયજી ગણિવર્ય)

૬૨. શ્રી પદ્મમણિ જૈન શ્વેતાંબર તીર્થ પેઢી - પાબલ, પુના
(પ્રેરક : પં. કલ્યાણબોધિ વિજયજી ગણિની વર્ધમાન તપની સો ઓળીની અનુમોદનાર્થે, પં. વિશ્વકલ્યાણ વિજયજી)

૬૩. ઓમકાર સૂરીશ્વરજી આરાધના ભુવન, સુરત
(પ્રેરક : આ. ગુણરત્નસૂરિ મ.ના શિષ્ય મુનિશ્રી જિનેશરત્નવિજયજી મ.)

૬૪. શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, નાયડુ કોલોની, ઘાટકોપર (પૂર્વ) મુંબઈ (પ્રેરક : પ.પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)

૬૫. શ્રી આદિશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ગોરેગાવ
(પ્રેરક : પ.પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)

૬૬. શ્રી આદીશ્વર શ્વેતાંબર ટ્રસ્ટ, સાલેમ
(પ્રેરક : પૂ. ગચ્છાધિપતિ આ. જયઘોષસૂરીશ્વરજી મ.સા.)

૬૭. શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ, મુંબઈ
(પ્રેરક : પ.પૂ.પં.શ્રી કલ્યાણબોધિવિ.મ.સા.)

૬૮. શ્રી વિલેપાર્લે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરિટીઝ, વિલેપાર્લે (પૂર્વ), મુંબઈ
(પ્રેરક પ.પૂ.આ.શ્રીહેમચંદ્રસૂરિમ.સા.)

૬૯. શ્રી નેન્સી કોલોની જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, બોરીવલી, મુંબઈ
(પ્રેરક : પ.પૂ.પં.શ્રી કલ્યાણબોધિ વિ. મ.સા.)

૭૦. માતુશ્રી રતનબેન નરસી મોનજી સાવલા પરિવાર
(પ્રેરક : પ.પૂ.પં. શ્રીકલ્યાણબોધિ વિ.ના શિષ્ય મુનિ શ્રીભક્તિવર્ધન વિ. મ.તથા સા. જયશીલાશ્રીજીના સંસારી સુપુત્ર રાજનની પુણ્યસ્મૃતિ નિમિત્તે હ. સુપુત્રો નવીનભાઈ, ચુનીલાલ, દિલીપ, હિતેશ)

૭૧. શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (પૂર્વ)
(પ્રેરક : પ.પૂ.પં.શ્રીકલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૭૨. શ્રી ધર્મવર્ધક શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, કાર્ટર રોડ નં.૧, બોરીવલી
(પ્રેરક : પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રીકલ્યાણોધિ વિજયજી ગણિવર્ય)

૭૩. શ્રી ઉમરા જૈન સંઘની શ્રાવિકાઓ (જ્ઞાનનિધિમાંથી)



(પ્રેરક : પ.પૂ. મુનિરાજશ્રી જિનેશરત્ન વિજયજી મ.સા.)

૭૪. શ્રી કેશરીયા આદિનાથ જૈન સંઘ, ઝાડોલી, રાજસ્થાન
(પ્રેરક : પ.પૂ. મુ.શ્રી મેરુચંદ્ર વિ.મ. તથા પં. શ્રી હિરણ્યબોધિવિ.ગ.)

૭૫. શ્રી ધર્મશાંતિ ચેરીટિબલ ટ્રસ્ટ, કાંદીવલી (પૂર્વ), મુંબઈ
(પ્રેરક : પ.પૂ.મુનિરાજશ્રી હેમદર્શન વિ.મ.સા.)

૭૬. શ્રી જૈન શ્વે. મૂ. સુધારાખાતા પેઢી, મહેસાણા

૭૭. શ્રી વિક્રોલી સંભવનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, વિક્રોલી (પૂર્વ), મુંબઈની આરાધક બહનોં દ્વારા જ્ઞાનનિધિમાંથી

૭૮. શ્રી કે.પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત, મુંબઈ
(પ્રેરક : પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૭૯. શેઠ કનૈયાલાલ ભેરમલજી ચેરિટેબલ ટ્રસ્ટ, ચંદનબાલા, વાલકેશ્વર, મુંબઈ

૮૦. શાહ જેસીંગલાલ મોહનલાલ આસેડાવાલાના સ્મરણાર્થે
(હ : પ્રકાશચંદ્ર જે. શાહ, આફ્રિકાવાળા)
(પ્રેરક : પંન્યાસપ્રવર શ્રીકલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૮૧. શ્રી નવા ડીસા શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, બનાસકાંઠા

૮૨. શ્રી પાલનપુર જૈન મિત્રમંડળ સંઘ, બનાસકાંઠા
(પ્રેરક : પૂ. પંન્યાસપ્રવર કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૮૩. શ્રી ઊંઝા જૈન મહાજન (પ્રેરક : પૂ.પંન્યાસપ્રવર અપરાજિતવિજયજી ગણિવર્ય તથા પૂ.મુનિરાજ શ્રી હેમદર્શનવિજય મ.)

૮૪. શ્રી સીમંધર જૈન દેરાસર, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (પૂર્વ), મુંબઈ
(પ્રેરક : પૂ.સા.શ્રી સ્વયંપ્રભાશ્રીના શિષ્યા પૂ.સા.શ્રી તત્ત્વપ્રજ્ઞાશ્રીજી આદિ)

૮૫. શ્રી બાપુનગર શ્વે.મૂ. જૈન સંઘ, અમદાવાદ.

૮૬. શ્રી શેફાલી જૈન સંઘ, અમદાવાદ

૮૭. શાન્તાબેન મણિલાલ ઘેલાભાઈ પરીખ ઉપાશ્રય, સાબરમતી, અમદાવાદ (પ્રેરક : સા.શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ. તથા સા. શ્રી રત્નત્રયાશ્રીજી મ.)

૮૮. શ્રી આડેસર વિશા શ્રીમાળી જૈન દેરાવાસી સંઘ
(પ્રરેક : આ.શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.)

૮૯. શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા અને શ્રી શ્રેયસ્કર મંડળ, મહેસાણા.

૯૦. શ્રી તપાગચ્છ સાગરગચ્છ આણંદજી કલ્યાણજી પેઢી, વીરમગામ
(પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરિ મ.)

૯૧. શ્રી મહાવીર શ્વે.-મૂર્તિપૂજક જૈન સંઘ, વિજયનગર, નારણપુરા, અમદાવાદ.
૯૨. શ્રી સીમંધરસ્વામિ જૈન સંઘ, અંધેરી (પૂર્વ), મુંબઈ.
(પ્રેરક : આ.શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.)
૯૩. શ્રી ચકાલા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ
(પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરિ મ.)
૯૪. શ્રી અઠવાલાઈન્સ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ અને શ્રી ફૂલચન્દ્ર કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત
૯૫. શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ - સંસ્થાન, બ્યાવર (રાજસ્થાન)
(પ્રેરક : આ. શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા.)
૯૬. પાલનપુરનિવાસી મંજૂલાબેન રસિકલાલ શેઠ (હાલ મુંબઈ)
(પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરિ મ.)
૯૭. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂ. જૈન સંઘ, પદ્માવતી એપાર્ટમેન્ટ, નાલાસોપારા (ઈ), (પ્રેરક : પ.પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)
૯૮. શ્રી ઋષભ પ્રકાશભાઈ ગાલા, સંઘાણી ઘાટકોપર (વે),
(પ્રેરક : પ.પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)
૯૯. શ્રી પુખરાજ રાયચંદ આરાધના ભવન, સાબરમતી. (પ.પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ આ.દે. શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની દિવ્ય કૃપાથી)



## • અનુક્રમણિકા •


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| મંગલ-ભૂમિકા | ૧ | ભલું થયું ભાંગી જંજાળ | ૫૯ |
| સત્ત્વશાળી જ ધર્માધિકારી | ૨ | સત્ત્વ જ્યારે મરી પરવારે છે | ૬૦ |
| સિંહવિહાર | ૫ | શ્રમણસિંહની ગર્જના | ૬૩ |
| અપવાદ કે નિઃસત્ત્વતા ? | ૬ | મોહરાજાની ભેદી ચાલ | ૬૪ |
| આ છે સત્ત્વશિરોમણિઓ | ૭ | એના કરતા તો શ્રાવકપણું સારું | ૬૫ |
| હું કોણ ? | ૮ | મારું સ્થાન ક્યું ? | ૬૮ |
| ધૈર્ય નહીં તો કંઈ જ નહી | ૯ | ધૂળ પડી એ ભોગોમાં | ૭૧ |
| એ ગોઝારી ક્ષણ | ૧૦ | શિષ્ય જોઈએ છે ? | ૭૫ |
| ખરેખર જીતવું છે ? | ૧૩ | પરમ સુખી થવું છે ? | ૭૯ |
| પરીષહને માણવો છે ? | ૧૫ | સત્ત્વથી જ સિદ્ધિ | ૮૨ |
| ધીર પણ સાધુ, ડરપોક પણ સાધુ | ૨૨ | સત્ત્વ જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે | ૮૮ |
| વૈરાગ્યની ચાવી | ૨૩ | ભણવામાં રસ નથી ? | ૯૩ |
| કામસુભટ ગયો હારી | ૨૬ | તો કાંઈ જ દુષ્કર નથી | ૯૭ |
| આ છે કામની વિડંબના | ૩૨ | શું સહવર્તીઓ ગુણવાન નથી ? | ૯૯ |
| કામવિજેતા થવું છે ? | ૩૩ | વધુ સત્ત્વ એમાં જોઈએ છે. | ૧૦૧ |
| સત્ત્વહીનની કરુણદશા | ૩૪ | તો એ પશુ જ છે. | ૧૦૨ |
| તો રજોહરણ બને મારણહાર | ૫૦ | પૂરેપૂરા અઢાર હજાર શીલાંગ છે ? | ૧૦૪ |
| શ્રમણમર્યાદા | ૫૬ | સિદ્ધિ તેને જઈ વરે. | ૧૦૬ |
| | | પરિશિષ્ટ | ૧૧૦ |

अथ

# सत्त्वोपनिषद्

सत्त्वप्रकर्षप्रजिताजिताहितं,
पराक्रमाक्रान्तपरीषहादिकम्।
वीरं महावीर्यविराजितान्तरं,
संस्तुत्य सत्त्वोपनिषन्निगद्यते।।

इह हि परमकारुणिकः प्राचीनः परमर्षिर्दुःषमाकालाद्यनुभावेनाल्पसत्त्वान् जीवानवलोक्य तदनुग्रहाय सत्त्वोपदेशं प्रारभते। तत्रादावेव प्रतिपक्षहानेन प्रस्तुतग्रहणं सुकरं मन्यमानः परमर्षिस्तद्द्वारेण धर्मार्थिनमुपदिशति–

**त्यक्त्वा रजस्तमोभावौ[1], सत्त्वे[2] चित्तं स्थिरीकुरु[3]।**
**न हि धर्माधिकारोऽस्ति, हीनसत्त्वस्य[4] देहिनः।।१।।**

---

સત્ત્વના પ્રકર્ષથી અનાદિકાળથી નહીં જીતાયેલા શત્રુઓને પ્રકર્ષથી જીતી લેનારા, પરાક્રમથી પરીષહ-ઉપસર્ગો પર (વિજય કરતા હોવાથી) આક્રમણ કરનારા, મહાવીર્યથી વિભૂષિત હૃદયવાળા એવા શ્રી વીરપ્રભુની સમ્યક્ સ્તવના કરીને સત્ત્વોપનિષદ્ કહેવાય છે.

અહીં પરમ કારુણિક પ્રાચીન પરમર્ષિ દુઃષમા કાળાદિના પ્રભાવે અલ્પસત્ત્વ જીવોને જોઈને તેમના પર અનુગ્રહ કરવા માટે સત્ત્વોપદેશનો પ્રારંભ કરે છે. તેમાં શરૂઆતમાં જ પ્રતિપક્ષના ત્યાગથી પ્રસ્તુતનું ગ્રહણ સરળ છે, એમ માનીને તેના દ્વારા ધર્માર્થીને ઉપદેશ આપે છે.

રજસ્ અને તમસ્ ભાવો જે અસત્ પ્રવૃત્તિ-મોહ વગેરે સ્વરૂપ અથવા તો એના કારણ એવા ચિત્તના પરિણામો છે એમને છોડીને

---

१. ख - रजस्तःमो। २. क-ख-ग- सत्वे । ३. ग - कुरुः । ४. क-ख-ग- सत्व।



**रजस्तमोभावौ** - असत्प्रवृत्तिमोहादिलक्षणौ तद्धेतुकौ वा चित्तपरिणामौ, तौ **त्यक्त्वा** - उत्सृज्य **सत्त्वे** - वक्ष्यमाणधैर्यादिलक्षणे **चित्तम्** - आस्वनितं **स्थिरीकुरु** - प्राग् रजःप्रभृतिना रजःप्रभृतौ वाऽस्थिरभावमापन्नं स्थिरभावं प्रापय।

स्यादेतत्, सुखं धर्मादित्युक्तेस्तेनैवास्माकं समीहितसिद्धिः, किं सत्त्वेनेत्यत्राह- **न हीत्यादि**। **हि** - यस्मात्, **हीनसत्त्वस्य** - अल्पधैर्यादिगुणस्य **देहिनो** - जीवस्य **धर्माधिकारः** - धर्मप्रवृत्तिमात्रे योग्यता **नास्ति** - नैव सम्भवतीत्याशयः। अर्थी समर्थः शास्त्रेणापर्युदस्तो धर्मेऽधिक्रियत इत्याचार्योक्तेः। न ह्यल्पसत्त्वः समर्थ इति प्रतीतम्। कदाचिदसौ

---

મનને સત્ત્વમાં સ્થિર કર. એટલે કે હવે જે ધૈર્ય વગેરે ગુણોરૂપ સત્ત્વ કહેવાશે તેને મનમાં બરાબર બેસાડી દે. જે મન પહેલા રજસ્ તમસ્ ભાવમાં હતું, તેનાથી ચંચળ હતું - જ્યાં ત્યાં ભટકતું હતું તેને સત્ત્વમાં સ્થિર કરી દે.

**પૂર્વપક્ષ** :- તમે સત્ત્વનો ઉપદેશ શરૂ કરી રહ્યા છો પણ અમને એનું કાંઈ કામ નથી, કારણ કે શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં શ્રીહરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે - 'બધા ધર્મોને આ વાત માન્ય છે કે ધર્મથી સુખ મળે.' - અમારે તો સુખ જ જોઈએ છે અને એ અમને ધર્મથી જ મળી જશે.

**ઉત્તર** :- સાચી વાત છે, પણ ધર્મ માટે વિશિષ્ટ સત્ત્વ અનિવાર્ય છે. જેનામાં ધૈર્ય વગેરે ગુણો અલ્પ છે એવા જીવનો ધર્મપ્રવૃત્તિમાં અધિકાર નથી. એને તેના માટેની યોગ્યતા સંભવતી નથી.

લલિતવિસ્તરામાં શ્રી હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે અર્થી, સમર્થ અને શાસ્ત્રથી અનિષિદ્ધ વ્યક્તિ ધર્મની અધિકારી છે અને સમજાય એવી વાત છે કે જે અલ્પસત્ત્વ છે એ સમર્થ ન હોઈ શકે. કદાચ

व्रतादिलक्षणधर्मे प्रवर्तते, तदाऽपि यमनर्थं प्रपद्यते तमाह-

**हीनसत्त्वो[1] यतो जन्तुर्बाधितो विषयादिभिः।**

**बाढं[2] पतति[3] संसारे, स्वप्रतिज्ञाविलोपनात्[4]।।२।।**

**यतः** - यस्मात्, अस्माद्धेतोर्हीनसत्त्वस्य धर्मेऽनधिकार इत्यर्थः, **हीनसत्त्वः** - पूर्वोदितः, **जन्तुः** - जीवः, **विषयादिभिर्बाधितः** - विषयतृष्णा-कषायोदयादिभिः कदर्थितः, **स्वप्रतिज्ञा** महाव्रतादिलक्षणा, तस्या **विलोपनात्**-दर्पादिना खण्डनात्, **बाढम्** - अत्यन्तम्, यथासम्भवमनन्तकालं यावद-

એ જીવ વ્રત વગેરે ધર્મમાં પ્રવૃત્તિ કરે, તો પણ જે અનર્થને પામે છે તેને જણાવતા પરમર્ષિ કહે છે -

ધર્મમાં અલ્પસત્ત્વવાળા જીવનો અધિકાર નથી. કારણ કે એ જીવને પ્રબળ વિષયતૃષ્ણા જાગે કે કષાયોદય થાય તો તેનાથી કદર્થિત થયેલો તે જીવ પોતાની મહાવ્રત વગેરે રૂપ પ્રતિજ્ઞાનો દર્પ, પ્રમાદ વગેરે છેદસૂત્રો નિર્દિષ્ટ કારણોથી ભંગ કરે છે અને તેના કારણે યથાસંભવ અનંતકાળ સુધી પણ સંસારમાં પડે છે. એ સંસાર સ્વયં દુઃખરૂપ છે એનું ફળ પણ દુઃખરૂપ છે અને તેનાથી અનુબંધ પણ દુઃખનો જ થાય છે. આ ચાર ગતિના ચકરાવામાં પડીને જીવ પીડા અનુભવે છે.

કારણકે વ્રતભંગ એ મહાપાપ છે. આ વિષયમાં જ્ઞાપક છે આગમવચન. મહાનિશીથસૂત્રમાં કહ્યું છે કે 'ચારિત્ર પાળવા તદ્દન અસમર્થ હોય તેવા મુનિએ આઠ ગણો તપ વગેરે ઉગ્ર ચર્યા પાળવી. એ ઉપાયો નિષ્ફળ જ જાય તો ઝેર પી લેવું પણ પ્રતિજ્ઞાભંગ ન કરવો.' વ્રતભંગનિવારણ એ કેટલું ગાઢ કારણ હશે કે જેના કારણે કરુણાના સાગર એવા ભગવંતોએ પણ આવું કઠોર લાગતું વચન કહ્યું હશે ! 'वयभंगो गुरुदोसो' આવું જણાવવા સાથે આગમમાં કહ્યું છે કે પ્રતિજ્ઞાભંગના ભયથી જ એક નવકારના કાઉસ્સગ્ગમાં પણ

१. क-ख-ग- सत्वो । २. क- बाटं । ३. ख- पतवि। ४. ग- पभान् ।



पीत्याशयः, **संसारे** - दुःखस्वरूपफलानुबन्धलक्षणे गतिचतुष्के **पतति** - पतनपीडामनुभवति। व्रतभङ्गस्य महापापत्वात्, ज्ञापकं चात्र तन्निवारणपरः विसं पिब- इत्याद्यागमः। न हि परमकारुणिकानां भगवतां पुष्टा-लम्बनमन्तरेणैतादृशमापातकठोरमभिधानम्। प्रतिज्ञाविलोपभयादेवाष्टो-च्छ्वासमानकायोत्सर्गोऽपि परिपूर्णाऽऽकारो क्रियत इति भावनीयम्।

पुनरपि सत्त्वविरहविजृम्भितमाह-

**सावद्यं सकलं योगं[1], प्रत्याख्यायान्यसाक्षिकम्।**

**विस्मृतात्मा पुनः क्लीबः[2], सेवते धैर्यवर्जितः।।३।।**

अन्यसाक्षिकमित्यर्हदादिसाक्षिकम्। संयमप्राप्त्यवसरवीर्योल्लास-स्मृत्या प्रतिदिनं प्रथमदिनत्वकल्पना कार्या, सम्भाव्यमानान्तिमत्वदिनकल्पना

બધાં આગારો-અન્નત્થ સૂત્ર દ્વારા બોલવામાં આવે છે. આના પરથી પ્રતિજ્ઞાપાલન કેટલું મહત્ત્વનું છે, નાની પણ પ્રતિજ્ઞાનો ભંગ કેટલો ભયંકર છે એ સમજવું જોઈએ.

જરૂર છે સત્ત્વની, વ્રતપાલનનાં અજોડ ધૈર્યની, જેથી વિષય-કષાયના સૈન્યને પરાજિત કરીને જયપતાકા ફરકાવી શકાય.

હવે પરમર્ષિ ફરીથી સત્ત્વના અભાવે થતો અનર્થ દર્શાવે છે -

**'આત્મસાક્ષિક જ નહીં, અરિહંત-સિદ્ધ-દેવ-ગુરુ-સંઘની સાક્ષીએ પણ સર્વસાવદ્યના પચ્ચક્ખાણ કર્યા પછી પણ ધૈર્યરહિત કાયર આત્મા જાણે એ બધું ભૂલી જાય છે અને ફરીથી સાવદ્યનું સેવન કરે છે.**

સત્ત્વને ખીલવવા રોજ બે વિચાર કરો –

(૧) (જાણે) આજે મારો સંયમનો પ્રથમ દિવસ છે.

(૨) (જાણે) આજે મારો જીવનનો અંતિમ દિવસ છે.

१. ख- सकलयोगं । २. क-ख-ग- क्लीवः ।

च। भवेद्यतः सिद्धान्तोदिता सिंहनिष्क्रान्तिसिंहचर्या। शैथिल्याशुभकर्मबन्धानुबन्धैस्तु दुर्निवारा विषचक्रगतिः। तदुपायस्तु यदि परं सत्त्वम्।

---

પ્રથમ વિચાર આપેક્ષિક સત્ય છે તો બીજો વિચાર આપેક્ષિક અને સંભાવ્યમાન સત્ય છે. માતાપિતાનું અજોડ બલિદાન, હજારોની મેદની, ઉછળતો વીર્યોલ્લાસ, અવર્ણનીય આનંદ અને અનેરી ઉર્મિઓ સાથે રજોહરણ લઈને નાચતાં આપણે... જાણે હજી હમણાંનો જ બનાવ. એને યાદ કરીએ.

ઠાણાંગ સૂત્રમાં ચાર પ્રકારની સંયમચર્યા બતાવી છે.

(૧) સિંહની જેમ નીકળી સિંહની જેમ પાળે,

(૨) સિંહની જેમ નીકળી શિયાળની જેમ પાળે,

(૩) શિયાળની જેમ નીકળી સિંહની જેમ પાળે,

(૪) શિયાળની જેમ નીકળી શિયાળની જેમ પાળે.

લગભગ આપણે બધા જ નીકળ્યા તો સિંહની જેમ. જરા વિચાર કરો. એ સમયે આપણી ઉંમર, સમજ, શક્તિ, જ્ઞાન વગેરે આજ કરતાં પ્રાયઃ કેટલા ઓછા હતાં, પણ છતાં ય આપણે સિંહ હતા. ચાલો, આજે પણ પ્રમાદાદિ દૂર કરીને સિંહ વિહારના સ્વામિ બનીએ.

એક વિષચક્ર સમજી લો - વિષયપરવશતા-પ્રમાદ-શૈથિલ્ય-અશુભ કર્મબંધ- અશુભ સંસ્કાર-અશુભ અનુબંધ-અશુભ કર્મોદય-અશુભ બુદ્ધિ-વિષયપરવશતા-પ્રમાદ-શૈથિલ્ય...

‘ક્વીક સેન્ડ’ વિષે જાણો છો ? ભીતરી પોલાણ વાળી રેતી. માણસ અંદર ખૂંચતો જ જાય, છેવટે દટાઈ જાય. બચવાનો માત્ર એક જ રસ્તો છે - સલામત જગ્યા પરથી મળેલ દોરડા જેવી વસ્તુનો આધાર. પેલા વિષચક્રથી બચવું હોય, તો એક જ આધાર છે સત્ત્વ.



हीनसत्त्वानां दृष्टिगोचरं सर्वमालम्बनमिति किमेतदालम्बनं शैथिल्यं वेति विवेक आवश्यकः। ‘अप्पेण बहुं इच्छइ’ इत्यागमोदिता श्रमणनीतिः। शास्त्रवचनानि न स्वदोषाच्छादनाय, अपि तूग्रचरणाचरणायेति ध्येयम्, अन्यथाऽजाकृपाणीयन्यायापातः। यस्तु[1] शक्तोऽप्युत्सर्गात्पतति स मूढात्मा

---

સત્ત્વહીન જીવોને માટે બહાનાઓનો કોઈ તોટો નથી. શ્રુતકેવળી ભદ્રબાહુસ્વામિ કહે છે – ‘જેમને સાધના કરવી નથી એમના માટે આખી દુનિયા બહાનાઓથી ભરેલી છે. એને જે કાંઈ પણ દેખાશે એને બહાનુ બનાવી દેશે.’ માટે આ પુષ્ટાલંબન છે કે શૈથિલ્ય એનો વિવેક કરવો જરૂરી છે.

અપવાદના વિષયમાં ગુરુ-લાઘવની આલોચના હોવી જોઈએ. એક ન્યાય છે - ‘सर्वनाशे समुत्पन्ने अर्धं त्यजति पण्डितः’ જ્યારે બધું બચાવવા જતાં કાંઈ પણ બચે એવી શક્યતા ન હોય, ત્યારે જરૂર પડે અડધું છોડીને પણ કામ ચલાવી લેવું. પણ અતિપરિણત જીવો આ વિવેક રાખી શકતા નથી. તેમના માટે કહ્યું છે - ‘अर्धनाशे समुत्पन्ने सर्वं त्यजति दुर्मतिः’ એ જીવો અડધાનો નાશ સંભવિત હોય, એવા સમયે બધું જ છોડી દે છે.

ઉપદેશમાલામાં કહ્યું છે - ‘નિઃસત્ત્વ જીવો દેશ-કાળાદિના બહાના કાઢીને બધા નિયમો અભરાઈએ ચડાવી દે છે.’

શાસ્ત્રને શૈથિલ્યની ઢાલ નથી બનાવવાની. શાસ્ત્ર તો કટ્ટર આચારમર્યાદાના પાલન માટે છે. થોડુ ઘણું ભણીને એ અધકચરા જ્ઞાનનો દુરુપયોગ કરવો એ અજાકૃપાણીય જેવું છે. આ એક ન્યાય છે જેનો ભાવાર્થ એ છે કે અજા-બકરી પોતે જ ખોવાઈ ગયેલ કૃપાણ-તલવારને શોધી આપી પોતાના વધમાં સહાયક બને છે. ઉપદેશરહસ્યમાં પૂ.મહોપાધ્યાયજીએ કહ્યું છે કે જે શક્તિમાન હોવા

---

१. उपदेशरहस्ये।।१३८।।

स्वार्थभ्रंश एव यतते। अतृष्णामूलनिषिद्धप्रवृत्तिर्हि उत्सर्गासहिष्णुतानियता[१], अन्यथा तु प्रकटमेव मोहराज्यम्। कीटिकारक्षार्थं कटुतुम्बीभोजिधर्मरुच्यनगारप्रभृतिमहासत्त्वस्मृतितदनुमोदनाद्यपि मोहविषविकारनिकारमन्त्रपदम्, सत्त्वसागरविबोधविधूदयश्च। '**विस्मृतात्मे**'ति स्वात्मा नियमस्वरूपं च विस्मृतं येन सः। तद्विस्मृतौ हि ध्रुवो व्रतातिचारः,

છતાં પણ ઉત્સર્ગથી પતિત થાય છે, એ મૂઢાત્મા સ્વાર્થભ્રંશ માટે જ યત્ન કરે છે. જે નિષિદ્ધ પ્રવૃત્તિ કરે અને છતાં તેને તૃષ્ણા ન હોય તો એનો અર્થ એ જ છે કે એ ઉત્સર્ગ માર્ગે ચાલવા માટે સમર્થ નથી. અને જો સમર્થ હોવા છતાં નિષિદ્ધપ્રવૃત્તિ કરે તો પછી એ મોહનું જ સામ્રાજ્ય છે. આગમમાં શ્રમણની વૃત્તિ આ કહી છે - 'अप्पेण बहुं इच्छइ' એક વેપારી જેવી વૃત્તિ-અલ્પ વ્યય અને મોટો લાભ. આનાથી વિપરીત આચરણ-ગલ્લાતલ્લા-માયાચાર કરે એ સ્વ-પરને છેતરીને દુર્લભ લાભોથી વંચિત રહી જાય છે.

જુઓ પેલા વરદત્ત મુનિ... ગાંડો હાથી પાછળ પડ્યો છે છતાં ય દેડકીઓની રક્ષા માટે ઈર્યાસમિતિમાં લેશ પણ બાંધછોડ ન કરી. જુઓ પેલા ધનશર્મ બાળમુનિ... તરસથી કાળ કરી ગયાં પણ નદીનું પાણી ન જ પીધું. જુઓ પેલા ધર્મરુચિ અણગાર... કીડીઓની રક્ષા કાજે પોતાના પ્રાણની પરવા કર્યા વિના ઝેરી તુંબડુ આરોગી ગયાં.

કેવા સત્ત્વથી ધગધગતા આત્માઓ.. આપણે કોની પરંપરામાં થયા છીએ એટલો વિચાર કરીએ. લોહી ગરમ થયા વિના નહી રહે. ઠંડા ઢીલા ઘેંસ જેવા જીવન પર ફિટકાર છૂટી જશે.

પરમર્ષિએ આ શ્લોકમાં એક વિશિષ્ટ શબ્દનો પ્રયોગ કર્યો છે. 'विस्मृतात्मा' જેને પોતાની જાત જ ભૂલાઈ ગઈ છે. અને પ્રતિજ્ઞાત નિયમ ભૂલાઈ ગયો છે. શ્રમણસૂત્રમાં એક શબ્દ આવે છે. 'समणोऽहं'

१. उपदेशरहस्ये।।१४२।। द्वयमपीदं महोपाध्याय-वचनोद्धरणम्।



स्मृतिमूलं हि मोक्षानुष्ठानम्, अत एव कोऽहं ? किंनियमः ? इत्यादि प्रतिदिनं चिन्तनीयमिति विधिः, नवकृत्वः करेमीत्यादिपाठोच्चारश्च। शुभात्मनामियं स्मृतिरपि रोमाञ्चकण्टकोद्गमनिबन्धनम्, अपूर्वापूर्वसत्त्वोल्लासेन व्रतदार्ढ्यप्रदा च।

अशुभात्मनां तु सैव हृदयकाठिन्य-धाष्टर्यादिहेतुः, तदुपयोगप्रयोगादिविरहात्, तेषां जीवनं नरकादिगतिं प्रति धावनमात्रमित्यागमः।

નાનકડો શબ્દ.. પણ રોમાંચ ખડા કરી દે. શ્રમણત્વની અનુભૂતિની સાથે સાથે શ્રમણને લગતી કેટકેટલી બાબતોની સ્મૃતિ તાજી કરી આપે !

હરિભદ્રસૂરિજીએ વારંવાર એક વાત કરી છે - '**स्मृतिमूलं हि मोक्षानुष्ठानम्।**' 'હું કોણ ?' અને 'મારે કયાં નિયમો છે ?' આટલી સ્મૃતિ હંમેશા હોવી જોઈએ. એટલે જ પ્રાભાતિક-દૈનિક ચિંતનમાં આ બે વિચારો શાસ્ત્રમાં કહ્યાં છે.

દીક્ષા સમયે એક વાર 'કરેમિ ભંતે' દ્વારા સર્વસાવદ્યના પચ્ચક્ખાણ થઈ ગયાં. પછી ય રોજ ૯ વાર એ પચ્ચક્ખાણ કરવામાં આવે છે તેનું પણ આ જ રહસ્ય છે. પરમાત્માની આપણા પર કેટલી કરુણા... વિધિમાં જ મૂકી દીધું. આપણે ભૂલીએ એની પહેલા જ આ પચ્ચક્ખાણ આવી જાય.. પણ સબૂર... એની સ્મૃતિ એના પાઠ કર્યા પછી ય જો આપણે એને વફાદાર ન રહ્યા તો કર્મસત્તા આપણા વેશની શરમ નહીં રાખે.

અધ્યાત્મકલ્પદ્રુમમાં કહ્યું છે કે તું રોજ ને રોજ કરેમિ ભંતે દ્વારા સાવદ્ય યોગોના પચ્ચક્ખાણ કરે છે. પણ તારી વાણી અને વર્તન એવા છે કે તને સાધુ તો શું... મુમુક્ષુ પણ કહી શકાય તેમ નથી.' ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે, લીધેલ નિયમોને ભૂલીને

तस्माद् धृतिप्राकारविलग्नैः सत्त्वशतघ्नीभिः व्रतविघ्नविपक्षसंहारेण कर्मजयश्रीः प्राप्तव्येत्यत्र सारः। अथ परमर्षिर्व्रतविघ्नविपक्षप्राबल्यं प्रकटीकुर्वन्नाह–

**तावद् गुरुवचः शास्त्रं, तावत् तावच्च भावनाः।**
**कषायविषयैर्यावन् - न मनस्तरलीभवेत्[1]।।४।।**

गुरुवचःप्रमुखप्रभावेन पूर्वमतरलमपि मनः कषायविषयनिमित्तयोग-

---

ચારિત્રની વિરાધના કરીને તું માત્ર નરક અને તિર્યંચ ગતિ તરફ દોડી રહ્યો છે.' અધ્યાત્મકલ્પદ્રુમમાં તો આત્મીય મિત્રની જેમ સ્પષ્ટ જણાવતાં કહ્યું છે - તારાથી આતાપના નહીં લેવાય, કબૂલ. માસક્ષમણ વગેરે ઉગ્ર તપશ્ચર્યા નહીં થાય, કબૂલ. ત્રીજા પહોરે વિહાર નહીં થાય, કબૂલ, પણ સમિતિ-ગુપ્તિના પાલનમાં તને શું નડે છે ? સિવાય કે પ્રમાદ, પરમર્ષિએ એવા જીવોને 'ધૈર્યવર્જિત' કહ્યાં છે. લીધેલ વ્રતોમાં સ્થૈર્ય એનું નામ ધીરતા. એટલે જ ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે જેઓની સમિતિ-ગુપ્તિમાં દઢતા નથી એ જીવો ધીરપુરુષોના માર્ગે નહીં, પણ ઉન્માર્ગે ચાલે છે.- 'न धीरजायं अणुजाइ मग्गं।'

ચાલો, આજથી સત્ત્વ ફોરવીએ અને એક શુભ શરૂઆત કરીએ. પછી તો જેમ પેલું વિષચક્ર હતું ને એનાથી વિપરીત સુધાચક્ર ચાલશે. જે આપણને મોક્ષ સુધી પહોંચાડ્યા વિના નહીં અટકે.

હવે પરમર્ષિ વિષય-કષાયની કારમી ગુલામીને ખુલ્લી કરતાં કહે છે -

'ગુરુવચન-શાસ્ત્ર-ભાવના વગેરે ત્યાં જ સુધી પોતાનો પ્રભાવ બતાવે છે કે જ્યાં સુધી કષાય અને વિષયોથી મન ચંચળ ન બને.'

---

१. ख- भावेत् । ग- भवेन् ।



मात्रतः सहसा तरलं भवेदिति च्वि-प्रत्ययार्थः। दुर्निमित्तयोगो हि आजन्मार्जितज्ञानादिपरीक्षणम्, सत्त्वसुवर्णनिकषश्च। यदार्षम्- तो पढियं तो गुणियं तो मुणियं तो चेव चेइओ अप्पा। आवडियपेल्लियामंतिओ वि जइ न कुणइ अकज्जं।। तत्र तरलचेतसः सर्वमपीक्षुपुष्पायते[1]।

---

અકબર બાદશાહને કોઈએ બિલાડીઓ ભેટ આપી. અદ્ભુત તાલીમ પામેલી બિલાડીઓ, માથે દીવો રાખ્યો હોય અને નૃત્ય કરે. બાદશાહ આફરીન આફરીન થઈ ગયો. બીરબલ મૂંછમાં હસે છે. બાદશાહે કારણ પૂછ્યું 'કાલે કહીશ' કહીને બીરબલે વાત વાળી લીધી. બીજા દિવસે ખિસ્સામાંથી ઉંદર કાઢીને બિલાડીઓની વચ્ચે મૂકી દીધો. દીવા ને તાલીમની ઐસી કી તૈસી કરીને બધી બિલાડીઓ તેના પર તૂટી પડી. બાદશાહ બાઘો બનીને જોતો રહ્યો. બીરબલ એવો ને એવો મૂંછમાં હસતો હતો.

એ જ રીતે જ્ઞાનાર્જન આદિ તો અભ્યાસ છે, વિષય-કષાયના નિમિત્ત મળે એ પરીક્ષા છે.

પરમર્ષિએ નાનકડા શ્લોકમાં કેટલી સચોટ વાત કરી. નિમિત્ત મળ્યુ નથી ને મન ચંચળ થયું નથી. ગુરુવચન-શાસ્ત્રો-ભાવના વગેરેને ક્યાંય મૂકી દે. યોગશતકમાં પૂ.હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે આવા સમયે છકી જવું એ સાધનામાં બાકોરું છે - સંવરછિદ્ર છે.એ એના જેવું છે કે જાણે કોઈ પર્વતના શિખર પરથી પાતાળના તળમાં પડી જાય. શું હું એવું પસંદ કરીશ ? ના, હરગીઝ નહીં, ક્ષણિક કલ્પિત આનંદ માટે કે ક્રોધાદિની પરાધીનતાથી હું મારી બધી સાધના.. ના, આખા જીવન.. ના.. મારા ભવોભવો... ના, મારા અનંત ભવિષ્યકાળને બરબાદ કરવા નથી માંગતો. મારા ભયંકર ભૂતકાળનું પુનરાવર્તન કરવા નથી માંગતો. ઓ મારા સૂતેલા સત્ત્વ !

---

૧. શેરડીના પુષ્પની જેમ નિષ્ફળ છે.

संवरच्छिद्रं नाम गिरिशिखरात् पातालतलपातः। सत्त्वसिंहनाद एव कषायविषयाभ्यमित्र[1]परिणत[2]वारणानां शृगालीक[3]रणायालम्। किं न सुकर-मल्पसमयसत्त्वावलम्बनेन शश्वत्पदावलम्बनम् ? अल्पस्य हेतोर्बहु हातु-मिच्छन् विचारमूढ इति कवयः। निमित्तत्याग आपतितविजयश्च ज्ञानादि-साफल्यनिबन्धनम्, शीघ्रसिद्धिज्ञापकश्च, तदाहुर्महोपाध्यायाः 'कल्याण-सिद्धेर्न तदा विलम्बः' - इति। अथ तद्विजयिनं स्तुवन्नाह-

---

તું જાગ અને મારી પરીક્ષાના સમયે એવો સિંહનાદ કર કે શત્રુઓના હાજા ગગડી જાય.

અલ્પકાલીન સત્ત્વના અવલંબનથી શાશ્વત પદનો આશ્રય મળતો હોય તો શું એ સુકર નથી ? ઉપદેશમાલામાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, કોઈ અકાર્ય માટે નિમંત્રણ આપે-પ્રેરિત કરે. કોઈ અશુભ નિમિત્તો આવી પડે એવા સમયે પણ જે અકાર્ય ન કરે એવું જ જ્ઞાનાદિ સફળ છે'. અધ્યાત્મોપનિષદ્ માં કહ્યું છે કે 'આવા સમયે જો તમે પાસ થઈ જાઓ, તો સમજી લો કે મોક્ષ તમારા હાથવેંતમાં છે.'

મહાકવિ કાલિદાસે કહ્યું છે - જે થોડા માટે ઘણું ગુમાવી દેવા ઈચ્છે એ વિચાર મૂઢ છે.

બે પૈસા માટે અબજો હારી જઈએ એવા મૂર્ખ કોણ હોય ? આજથી વિષયકષાયોને તિલાંજલિ આપીએ... એના નિમિત્તોથી જ દૂર રહીએ અને કોઈ પણ રીતે એનો ભેટો થઈ જાય ત્યારે દેવ-ગુરુપસાયે વિજય મેળવીએ.

જે આ વિજય મેળવે છે, એની સ્તુતિ કરતાં પરમર્ષિ કહે છે-

**કષાય અને વિષયોના સમૂહ તરફ દોડતાં અતિ દુર્જય એવા પોતાના આત્માને જે જીતે છે એવો વીરતિલક ક્યાંથી**

---

૧. આક્રમણ કરતો શત્રુ. ૨. વાંકો ઘા કરનાર હાથી. ૩. શિયાળ જેવા બનાવી દેવા.



**कषायविषयग्रामे, धावन्तमतिदुर्जयम्।**
**यः स्वमेव जयत्येकं, स [1]वीरतिलकः कुतः ?।।५।।**

दुष्प्रापोऽयमित्याशयः। सर्वोऽप्यात्मनीनः स्वाभिप्रेतजयेच्छुः, यथेच्छं यतते, किन्त्वत्रेदमवधेयं यद् यावज्जेयविजयो हि विजयः। स त्वात्म-जयैकलभ्यस्तदलाभेऽन्यजयोऽपि विडम्बनैव।

---

**મળે ? એવા સત્ત્વશાળીઓ અતિ વિરલ હોય છે.**

નાના બાળકોની પણ મોટી મોટી મનોકામના હોય છે. બધાને કોઈને કોઈ ક્ષેત્રમાં આગળ આવવું છે, ક્યાંક ને ક્યાંક જીતવું છે. કલિકાલસર્વજ્ઞએ કહ્યું છે, 'स्तोकेच्छुः कोऽपि नात्मनः' કોઈને પોતાની અધૂરાશ-ઉણપ જોઈતી નથી. પણ આપણી માનેલી જીતથી આપણે ખરેખર વિજયી બની શકશું ? જે જ્ઞાનીઓની દૃષ્ટિમાં વિજય હોય, એને જ સાચો વિજય કહી શકાય. આપણે ભલે કહીએ કે મને કર્મ પર વિજય જોઈએ, મોક્ષ જોઈએ.. પણ એકાંતમાં આપણા મનની મુલાકાત લઈએ અને જરા જોઈએ કે અંદર બીજી કેટલી આકાંક્ષાઓ પડી છે !

પ્રતિકૂળતામાં મન વિફરે છે, કચવાય છે, કારણ કે અનુકૂળતાની આકાંક્ષા છે, પ્રતિકૂળતા-દુઃખ-રોગાદિના વિજયની આકાંક્ષા છે.

નમિરાજાએ પ્રવ્રજ્યાનો નિર્ણય જાહેર કર્યો. ઈન્દ્ર બ્રાહ્મણરૂપે પરીક્ષા કરવા આવ્યો, કહ્યું ' તમારી પાસે યુદ્ધના ઉત્તમ સાધનો-સૈન્ય-શક્તિ છે. તમે દીક્ષા ભલે લો, પહેલા બધા રાજાઓને જીતીને તમારા વશમાં કરી લો.' ત્યારે નમિરાજા કહે છે, 'જે માણસ પોતે એકલો દશ લાખના લશ્કરને જીતી લે એનાથી પણ મોટો વિજય એ છે કે એ પોતાના આત્માને જીતી લે. અને જો એ પોતાના આત્માને ન જીતી શકે તો બહારના મોટા વિજયની પણ કોઈ જ કિંમત નથી.

---

१. ग - स वारतिलकः कुलः।

[१]जितात्मैव परमार्थशरणम्। कषायविषयपराभूतस्तु सहस्रयोध्यपि क्लीबः। यदात्मैवावशस्तदा का नाम निर्वृतिः ? का च सिद्धिः ? अन्यत्राभिमानात्।

**स्वमेवे**ति। इतरजययत्नविरहितात्मजयं कुर्वाणो वीरतिलक इत्याशयः अन्यथा व्याघातः। अनादिकालीनकुवासनावैतरणीप्रतिस्रोतोगमने हि वीरता विजयः सिद्धिश्च। यदाह- 'अणुसोओ संसारो, पडिसोओ तस्स उत्तारो।'

पुनरपि तमेव सांयुगीनं संस्तुवन्नाह–

ગૌતમ કુલકમાં કહ્યું છે કે તારે બીજા કોઈનું શરણુ લેવાની જરૂર નથી. વિષય અને કષાયોને જીતી લેનાર તારો આત્મા જ તને શરણભૂત છે.

પરમર્ષિએ 'स्वमेव' અહીં જકાર મૂકીને કમાલ કરી છે. પોતાની જાત સિવાય બીજા જેટલાને જીતવાના પ્રયત્ન કરો એટલી નામોશી છે. વીરતા નથી. વીરતા તો માત્ર પોતાના આત્માને જીતવામાં છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે - 'सव्वं अप्पे जिए जियं' પોતાનો આત્મા જીતાયો એટલે બધું જ જીતાયું. હૃદયપ્રદીપમાં કહ્યું છે કે 'મનોવિજયની સામે ત્રૈલોક્યનો વિજય પણ કોઈ વિસાતમાં નથી... મન સાધ્યું તેણે સઘળું સાધ્યું.

પણ એ જીતવા માટે નદીના વહેણમાં પ્રતિસ્રોતગમન કરવું પડશે. અનાદિકાલીન કુવૃત્તિઓને કચડવી પડશે. લોકસંજ્ઞાને છોડવી પડશે. અનુસ્રોત-વહેણની દિશામાં જવું એ તો પીળું પાન પણ કરી શકે. સત્ત્વ જોઈએ પ્રતિસ્રોતગમનમાં. અનાદિકાલીન વિષયકષાયોના અનુસ્રોતમાં તણાતા પોતાના આત્માને કાબુમાં લઈને જે પ્રતિસ્રોતગમન કરે છે એ જ વીરોમાં તિલક સમાન છે. એને અમારા લાખ લાખ નમસ્કાર છે. એ જ અમારા માટે આદર્શ છે.

१. अप्पा जियप्पा सरणं गइ य - गौतमकुलकम्।



**धीराणामपि वैधुर्य[१]करे रौद्रपरीषहैः।**
**स्पृष्टः[२] सन् कोऽपि वीरेन्द्रः सम्मुखो यदि धावति।।६।।**

रौद्रपरीषहा प्रायो धीराणामेव, चन्द्रस्येव ग्रहणम्, इतरेषां तु परीषहनामापि कम्पहेतुरिति धीरग्रहणम्। तेषामपि यैर्वैधुर्यम्, तत्सम्मुखधावनं तु यदि कोऽपि कुर्यात् तदा स वीरेन्द्रः। परमपदपदवीपान्थानां

હવે પરમર્ષિ એ જ ભડવીરની પ્રશંસા કરતાં કહે છે –

**ધીરપુરુષોને પણ કાયર બનાવી દે એવા ભયંકર પરીષહો આવતાં જે સામી છાતીએ તેની સંમુખ જાય છે એવો તો કો'ક જ વીરેન્દ્ર હોય છે.**

ભયંકર પરીષહોની તો શું વાત કરવી ? જરા માથુ દુઃખે ને બામ યાદ આવે. તરસ લાગે ને બીજી મિનિટે પાણી વપરાઈ ગયું હોય. મચ્છરની કલ્પનાથી ય ચામરનૃત્ય ચાલું થઈ જાય. ઊંચી બારીઓ જોઈને જ ગરમી સતાવવા લાગે. જરાક વાંકુ પડે ને વરસી પડીએ.. આવું તો કેટકેટલું એટલું સ્વાભાવિક થઈ ગયું છે કે જાણે વચ્ચે કોઈ જ વિચાર-વિલંબનો અવકાશ જ ન રહે.

પછી તો પરમર્ષિના એ વીરેન્દ્ર એટલા એટલા ઊંચા છે કે એમને જોતાં આપણી ડોક દુઃખી જાય. પરમર્ષિએ પહેલો જ શબ્દ કાંઈક અનોખો મુક્યો છે. 'धीराणामपि' ધીરની વ્યુત્પતિ સમજવા જેવી છે. 'धिया राजत इति धीरः।' સમ્યક્ સમજથી જે શોભે છે એનું નામ ધીર. પરમર્ષિ કહે છે કે ભયંકર પરીષહો ધીરપુરુષોને પણ કાયર બનાવી દે છે. આ પુરુષો આપણી અને પેલા વીરેન્દ્રની વચ્ચે રહેલા છે.

જુઓ પેલા સંભૂતિ મુનિ.... મારપીટ થઈ તો ય મન વૈરાગ્યમાં વાળ્યું, ક્રોધ છોડ્યો. અનશનની અદ્‌ભુત સાધના કરી. પણ કાશ... સ્ત્રીપરીષહમાં હારી ગયાં અને પરંપરાએ સાતમી નરકે પહોંચી ગયા.

१. क - स्पृष्टसन्। २. ख - कारै।

परीषहो नाम महोत्सवः, इतरथा तत्पान्थत्वानुपपत्तेः। लक्ष्यविस्मृतिर्हि गर्हिता, स्वार्थदर्शने सहनं तु लोकसिद्धम्। निर्जरैव मुमुक्षूणां परमस्वार्थः,

પેલા મહાતપસ્વી કરટોત્કરટ મુનિઓ..... આક્રોશ-વધ પરીષહ સામે હારી ગયાં. આખા ગામને પાણીમાં ડુબાડી દીધું અને સાતમી નરકે પહોંચી ગયા.

પેલા ખંધક મુનિ, ૫૦૦ શિષ્યોને કેવી અદ્ભુત નિર્યામણા કરાવી કે ઘાણીમાં પીલાવાની કાળી વેદનાને સમતાથી સહીને કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયાં. પોતે ય વધ પરીષહ તો સહન કર્યો, પણ હાય.. પોતાની ભાવનાનો વધ ખમી ન શક્યા અને સંસાર વધારી દીધો.

પેલો અગ્નિશર્મા ત્રણ ત્રણ માસક્ષમણના પારણા ચૂક્યો. છતાં ય કેવી ક્ષમા... કેવો પ્રશમ ! પણ ચોથી વાર ક્ષુધા પરીષહ અને અપમાનની લાગણીથી ચૂક્યા.. અનંત સંસાર વધારી દીધો.

એ બધાં ય મહાપુરુષો હતાં. ગુણોની ઉચ્ચ કક્ષામાં બિરાજમાન હતાં. અને છતાં ય ચૂક્યા, તો આપણું શું થશે ? સ્વભાવને તદ્દન વિપરીત નોકરી-ધંધો મળે તો ય માણસ એમાં સેટ થયા વિના નથી રહેતો. કારણ છે માત્ર સ્વાર્થ. ચંચળ લક્ષ્મીમાં ય સ્વાર્થ દેખાય છે અને ક્રોધી પણ ક્ષમામૂર્તિ થઈ જાય છે, કામી પણ દૃષ્ટિસંયમ રાખે છે, લોભી પણ પ્રામાણિક થઈ જાય છે, માયાવી પણ સીધો થઈ જાય છે... જો એ જ રીતે એની નોકરી વગેરે સલામત રહેતા હોય તો. ભર્તૃહરિએ કહ્યું છે કે જે મુનિઓએ કર્યું તે જ બધું અમે પણ કર્યું પણ કેન્દ્રમાં નાથ નહીં પણ સ્વાર્થ હતો, અને અમે તેના ફળોથી વંચિત રહી ગયાં.

આપણે તો ખરેખરા મુનિ કહેવાઈએ, ધૂળની જેમ સંપત્તિને છોડીને સાધનાના માર્ગે આવ્યા. એક પરમાત્મા સિવાય કોઈની ય



तन्निमित्तागमश्च, उपेयसाधनत्वेन उपायस्य तत्त्वात्। परीषहदर्शनेऽपसरणं तदभिभूतौ सङ्क्लेशादि च स्वार्थभ्रंशडिण्डिमम्। मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहा इति वाचकमुख्यः। नातस्तत्सहने विकल्पचिन्ता। मार्गच्युतिप्रसङ्गात्, व्यवहारतः दर्शनपरीषहेऽपि निश्चयतः सर्वेषु तदापत्तेः, प्रतीतिसिद्धमिदम्। स्कन्धक-गजसुकुमाल-मेतार्या-ऽवन्तिसुकुमालप्रभृति-बहुनिदर्शनान्यत्र विभाव्यमानानि वीरेन्द्रताऽऽपादकानि। नाभाव्यं भवति न च भाविनोऽस्ति नाश इति न वीरेन्द्रे परीषहाणां विशेषागम इतरे

ચાકરી ન કરવી પડે એવી ભૂમિકા મળી. મુમુક્ષુને તો નિર્જરા એ જ પરમ સ્વાર્થ છે. જેનાથી નિર્જરા થાય એવા નિમિત્તનું આગમન પણ સ્વાર્થ છે. કારણ કે સાધ્યની સિદ્ધિ કરાવી આપે એવા સાધનની આવશ્યકતા હોય છે. એ અપેક્ષાએ સાધન પણ સાધ્ય બની જાય છે. તત્ત્વાર્થસૂત્રમાં પરીષહની વ્યાખ્યા કરી છે – 'માર્ગમાંથી ભ્રષ્ટ ન થવાય અને નિર્જરા થાય, એના માટે જેને સહન કરવા જોઈએ એનું નામ પરીષહો.' પરીષહથી પીછેહઠ કરીએ એટલે આપણે માર્ગમાંથી ભ્રષ્ટ થઈએ છીએ. આ વાત વ્યવહારથી ભલે દર્શનપરીષહમાં હોય. નિશ્ચયથી તો દરેક પરીષહમાં લાગુ પડે છે. આ વસ્તુ અનુભવસિદ્ધ પણ છે. માટે પરીષહોને સહન કરવા એ મુનિજીવનની એક આવશ્યક ક્રિયા સમાન છે.

આ પણ હજી નીચી કક્ષાની વાત છે. પરીષહ સહન કરવાનો તો ઉછળતો ઉત્સાહ અને ઉમંગ જોઈએ. જેમ કે 'મુનિવર મનમાંહી આણંદ્યા પરીષહ આવ્યો જાણી રે...'

ભવિતવ્યતા અને કર્મને અનુસાર જે આવવાનું હશે – ભગવાને જ્ઞાનચક્ષુથી જે જોયેલું હશે એ જ આવવાનું છે. પરીષહના ઉમંગથી તેમને આમંત્રણ નથી મળતું અને ઈન્કારથી તેમને અવરોધ પણ નથી થતો. પણ આપણે સામી છાતીએ સજ્જ બનીએ એટલે આપણે પૂર્ણ

चाभावः, भाव्यभवनसाधर्म्यमुभयोः, वैधर्म्यं तु समाधिसङ्क्लेशाभ्याम्, हर्षशोकाभ्याम्, सौमनस्यवैमनस्याभ्याम्, बन्धनिर्जराभ्याम्, शीघ्रमुक्तिदुर्गतिभ्यां च।

दुःसहप्रहारवारनिपातेष्वपि सङ्ग्रामशीर्षस्थनागराडिव साधुना भाव्यमित्यागमः। देहाध्यासविगमे न किञ्चिद्दुष्करमात्मात्मभावनाभावितात्मनाम्, फलार्थिभिर्बीजोपादानात्, यदाह-'देहान्तरगतेर्बीजं, देहेऽस्मिन्नात्मभावना। बीजं विदेहनिष्पत्ते- रात्मन्येवात्मभावना।।' - इति।

मुक्तिसाधकः सुखान्वेषीति व्याहतम्, माता वन्ध्येतिवत्। तात्त्विक-

---

આનંદ, ઉત્સાહ અને સમાધિને કોઈ પણ પરિસ્થિતિમાં ટકાવી શકીએ. પરીષહને એક લ્હાવો સમજીને અવસરે લખલૂટ નિર્જરા કરી શકીએ. પરીષહના નિમિત્તને વ્હાલથી વધાવી શકીએ. કેવા ખંધક મુનિના ભાવો હતાં ! 'ભાઈ થકી ભલેરો રે.' ગજસુકુમાલે વિચાર્યું હતું...'એ સસરો સાચો સગોજી.'

પરીષહના ઈન્કારમાં જે ફરિયાદ, સંકલેશ, વૈમનસ્ય, અશુભ કર્મબંધ, પ્રદ્વેષ વગેરે થાય, દુઃખને અનેકગણું કરીને ભોગવાય અને દુઃખના અનુબંધો ઊભા થાય તેનાથી પણ બચી જઈએ.

રણમેદાનમાં બે સૈન્ય ટકરાય છે ત્યારે સૈન્યમાં સૌથી મોખરે વિશિષ્ટ હાથી હોય છે. સામેથી જોરશોરથી કાન ફાડી નાંખે એવા શંખનાદ થતાં હોય, ભાલા અને તીરના મારા થતાં હોય, પોતે લોહીલુહાણ થઈ ગયો હોય, હજી પણ આકરા પ્રહારો ચાલું હોય, તો ય એ હાથી પીછેહઠ ન કરે, ઠંડો ન પડે. પ્રહારોને ગણકારે નહીં અને પૂરેપૂરા જોશથી સામેના સૈન્ય તરફ ધસી જાય. ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે – 'संगामसीसे इव नागराया' જેવો આ ગજરાજ... એવો જ સાધુ. મરણાંત પરીષહો ને ઉપસર્ગો કેમ ન આવી જાય ? એ સામી છાતીએ ધસી જાય.



सुखान्वेषणं तु तत्स्वभावः, मुक्तिपर्यायत्वात्। प्रियपरीषहत्वं हि तदन्वेषणसिद्धिदूती। ततश्च त्रिगुप्तेन सुराचलनिष्प्रकम्पतया सर्वसहत्वं सुखाऽऽराध्यम्। को हि विपश्चिदाम्रेच्छया पिचुमन्द[1]सेकं कुर्यादिति।

'पुढवीसमे मुणी भवेज्जा' इत्यागमः। यथा हि सा हनन-खननज्वालन-भारारोपण-पादाक्रमणप्रभृतिषु निष्ठीवनप्रभृतिषु च निष्प्रतिभावा

---

સાચા લડવૈયાને શરીરના આગળના ભાગમાં જેટલા ઘા હોય, એ ગોલ્ડમેડલ કરતાં ય મૂલ્યવાન હોય છે. કારણ કે એ એની શૂરવીરતાના પ્રતિક છે. સુખશીલ જીવન અને અનુકૂળતાની શોધ એ સાધકજીવનનું મોટું કલંક છે. વાસ્તવમાં એ સાધકના વેશમાં દંભ બની જાય છે. હા, તાત્ત્વિક સુખની શોધ એ તો મુમુક્ષુપણું જ છે. એ સુખની શોધમાં નીકળ્યો હોય એને તો પરીષહો પ્રિય જ હોય.

ભગવાનના વચનો યાદ કરીએ – 'मेरु व्व वाएण अकंपमाणो परीसहे आयगुत्ते सहेज्जा' મનથી ઉકળાટ ન કરતો, વચનથી ઉચાટ ન કરતો ને કાયાથી ઊંચો નીચો ન થતો - તારા આત્માને ત્રણે ગુપ્તિથી ગુપ્ત બનાવી દેજે ને જેમ મેરુ પવનથી કંપે નહીં તેમ નિષ્કંપપણે પરીષહોને સહન કરજે. જેવું કાર્ય જોઈતું હોય તેને અનુરૂપ જ પ્રયત્ન કરવો પડે ને ? સિદ્ધિ જોઈતી હોય તો સહન કરવું પડે. કોઈ વિદ્વાન વ્યક્તિ આંબાની ઈચ્છાથી લીમડાને સીંચે ખરો ?

કદી ધરતીનો વિચાર કર્યો છે ? કોઈ ખણે, કોઈ ખોદે, કોઈ બોજો લાદે ને કોઈ આગ પેટાવે, આખી દુનિયા પગ મૂકીને ચાલે પણ પ્રતિભાવ શું ? ભગવાને આપણા માટે કહ્યું છે 'पुढवीसमे मुणी भवेज्जा' ઓ સાધુ ! તું તદ્દન પૃથ્વી જેવો બની જજે, જાણે કાંઈ

---

૧. લીમડો.

तथा श्रमणोऽपि स्यादिति हृदयम्। स्थावरसङ्काशता हि सिद्धिसुन्दरी-वशीकरणम्। तिर्यक्त्वं खलु मुक्तिदम्। संवादी चात्र सिद्धान्तः- 'मिग-चारियं चरिस्सामि सव्वदुक्खविमोक्खणीं' - इति।

स्वेच्छाकृतपरीषहादिसहनं नाम जातिजरामृतिरोगशोकादिदुःखावा-रपारादात्मसमुद्धारः। समुदीर्याऽऽतापनादितितिक्षून् महर्षीन् स्मरन् को हि मुमुक्षुरप्रार्थितागतक्षुल्लककष्टेभ्यः पलायनं विदधीत ?

---

બન્યું જ નથી એ રીતે બધું ખમી લેજે.

આપણે કશું નવું નથી કરવાનું. અનંતકાળ સુધી જે સહન કર્યું એ જ સહવાનું છે. ફરક એટલો જ કે એ પરાધીનપણે હતું. હવે સ્વાધીનપણે સહવાનું છે. પૃથ્વી થઈને જે ન થઈ શક્યું.. અનંતકાળ વીતી જવા છતાં ન થઈ શક્યું, એ હવે પૃથ્વીસમ થઈને ટૂંક સમયમાં થઈ શકે એમ છે. મૃગલા તો અનંતવાર થયા, હવે મૃગલા જેવા થઈએ, જેથી મુક્તિ મળે. ઉત્તરાધ્યયનસૂત્રમાં મૃગાપુત્રના મુખે શબ્દો છે - માતાજી મને અનુજ્ઞા આપો, હવે હું સર્વ દુઃખોમાંથી મુક્તિ અપાવનારી મૃગચારિતાનું આચરણ કરવાં માગું છું.

દશવૈકાલિક સૂત્ર કહે છે, 'તું તારી બધી આનાકાની મૂક અને સામી છાતીએ પરીષહોને સહી લઈને એમના પર વિજય મેળવ. અને એના દ્વારા જન્મમરણના ફેરામાંથી તારા આત્માનો ઉદ્ધાર કર.' આ તો શૂળીની સજા સોયથી છે. આટલી વાત અંતરમાં બેસે તો સોય અળખામણી નહીં પણ વ્હાલી લાગે. હવે પરીષહથી ભાગવું નથી... સંમુખ જવું છે... પ્રેમથી સ્વાગત કરવું છે. એવો નિશ્ચય થઈ જાય. અધ્યાત્મકલ્પદ્રુમમાં કહ્યું છે કે - પૂર્વના મહર્ષિઓ તો પરીષહોને સહન કરવા માટે સામે ચાલીને આતાપના વગેરેને સહન કરતાં હતાં, ના, બલ્કે માણતા હતાં. ઉગ્ર ઉપસર્ગોમાં આનંદ અનુભવતા હતાં. તારે એ તો કાંઈ કરવું નથી. પણ કુદરતી રીતે



प्रभुवीरशिष्योऽहमेतावदेव बहुपर्याप्तम्। उपधानश्रुतनिर्वर्णितानां 'अहियासए अभिसमेच्चा, हतपुव्वो तत्थ डंडेण, मंसाणि छिण्णपुव्वाइं, पंसुणा अवकरिंसु, सूरो संगामसीसे वा संवुडे तत्थ से महावीरे' -

---

તારી પાસે આવી ગયેલ નાનકડું કષ્ટ.. એનો ય જો તું ઈન્કાર કરતો હોય તો એ કેવું ? ભલા માણસ ! તું મોક્ષ મેળવવા નીકળ્યો છે તો સહન કરી લે.

આચારાંગમાં પ્રભુ વીરની ઘોરસાધનાનું વર્ણન છે. અનાર્ય દેશમાં કેવા કેવા પરીષહો ને ઉપસર્ગો આવ્યા છે. મારા જેવાને તો એ વાંચીને ય પગ ધ્રુજી જાય. કેવી ભગવાનની ક્ષમા ! કેવી સહનશક્તિ ! સહન કરવા જ સામે ચાલીને અનાર્યદેશોમાં ગયા હતાં. જરા આંખ લાલ કરત તો ય આખો દેશ ભડકે બળત એવી શક્તિ હતી. છતાં ય ભગવાને પ્રેમથી સહન કરી લીધું. ઉપસર્ગ કરનારા વહાલસોયા ભાઈ જેવા લાગ્યા. પોતાની સાધનામાં અત્યંત સહાયક લાગ્યા. ઓ વીર ! તારા શાસનનો સાધુ તો હું બની ગયો. હવે બસ એટલી કૃપા કરી દે કે હું મારા સ્થાનને અનુરૂપ બની શકું. પરીષહોને આનંદથી વધાવી શકું એવો સત્ત્વશાળી બની શકું.... ઓ વીર ! એના વિના તો મહાપુણ્યથી મળેલું તારું શિષ્યત્વ પણ મને શરમ ઉપજાવશે.

તારે પગલે પગલે ચાલી શકું એવું સૌભાગ્ય સાંપડે એના માટે મારે આજથી જ એ દિશામાં ગતિ તો કરવી જ પડશે. આટલું તો હું જરૂર કરી શકું... સંગમની ચકલીઓએ તારા દેહને ફોલી ખાધો હતો.. હું અમુક સમય માખી-મચ્છરને તો સહી શકું. તે છ મહિનાના ચોવિહાર ઉપવાસ કર્યા હતાં... હું અમુક સમય તો તૃષા સહન કરવાની ટેક રાખી શકું.. તારા વડે નિષિદ્ધ આહારને તો છોડી શકું. લોહી થીજાવી દે એવી ઠંડીમાં નિર્વસ્ત્ર દશામાં ખુલ્લા આકાશ નીચે

इत्याद्यद्भुततितिक्षाणां भगवदादृतानां स्मरणमपि क्लीबानां[1] पुङ्गवीकरणम्। विश्वविध्वंसनक्षमे बले सत्यपि चेत् प्रभोः सा क्षमा, चरमशरीरित्वेऽपि चेत् सा तितिक्षा, तदा किं ममेदृङ्मात्रमिति।।६।।

अथ स्याद्वादसिद्धिनिदर्शनभूतं मुनौ विरोधिस्वभावद्वयसमन्वयमाह-

તે કાયોત્સર્ગ કર્યા હતાં.. હું સુખશીલતા મૂકીને યથાશક્તિ તો ઠંડી સહન કરું... ધાબળા વગેરેનો તો સદંતર ત્યાગ કરું. તે અગ્નિની જ્વાળાઓને સહી હતી.. હું કમ સે કમ હવાવાળી જગ્યા તો ન શોધું. તે અનાર્યોના માર સહન કર્યા હતાં. હું ગુરુજન-મુનિજનોના હિતવચનોને તો વધાવી શકું. સંગમની અપ્સરાઓ હારી-થાકીને તને પથ્થરની પ્રતિમા સમજીને જતી રહી.. હું સ્ત્રીસંપર્ક તો સદંતર બંધ કરી શકું..અનિવાર્ય સંયોગોમાં મારી દૃષ્ટિ નીચી રાખી શકું.

ઓ વીર ! તારી સાધનાના સાગરના આ બે બિંદુ પણ નથી... આ તો એનો ભીનો ભીનો પવન છે... આટલું તો આપીશ ને ???

(પરમર્ષિએ પરીષહોની સંમુખ જવાની વાત કરી તેમાં અમુક અપવાદ સમજવા – સ્ત્રી પરીષહ અન સત્કાર-પરીષહ આ બે ભાવશીતપરીષહો છે. એનાથી વધારે ને વધારે દૂર જ ભાગવું જોઈએ. મિથ્યાત્વીના પરિચયાદિથી સમ્યક્ત્વ દૂષિત થાય છે, માટે દર્શનપરીષહની પણ સામે ન જવું જોઈએ. ભવિતવ્યતાથી નિમિત્તો આવી પડે તો પરીષહજય કરાય. પણ આ પરીષહોના નિમિત્તોને સામે ચાલીને ઊભા ન કરાય.) ॥૬॥

હવે પરમર્ષિ મુનિઓની એક અદ્‌ભુત વિશેષતા બતાવે છે જે સ્યાદ્વાદની સિદ્ધિના દૃષ્ટાન્તરૂપ છે. કારણ કે એમાં બે વિરોધિ-સ્વભાવોનો સમન્વય થયો છે. આ રહી એ વિશેષતા-

૧. કાયરોને પણ શ્રેષ્ઠ પુરુષ બનાવે છે = ઉત્તમ પુરુષાર્થ-પરાક્રમથી સંપન્ન બનાવે છે.



**उपसर्गे[1] सुधीरत्वं, सुभीरुत्व[2]मसंयमे।**
**लोकातिगं द्वयमिदं, मुनेः[3] स्याद्यदि कस्यचित्।।७।।**

**ઉપસર્ગના સમયે અત્યંત ધીરતા અને અસંયમમાં અત્યંત ભીરુતા આ બંને લોકોત્તર સદ્‌ગુણો કોઈનામાં હોય તો એ છે મુનિ. ॥૭॥**

એક સંત કોઈ કારણસર રાજઅપરાધમાં આવી ગયાં. રાજદરબારમાં હાજર કરાયાં. રાજાએ કેદની સજા કરી. સંત સ્મિત કરતાં હતાં. રાજાને પોતાની ભૂલ થતી લાગી, કોરડાના માર સાથે સખત કેદની સજા કરી. સંત મંદ મંદ હસી રહ્યાં હતાં. રાજાનું સ્વમાન જરા ઘવાયું. દેશનિકાલની સજા ફરમાવી, સંત એવા ને એવા હતાં. રાજાનો પિત્તો ગયો. ફાંસીની સજા ફરમાવી, સંત તો જાણે આનંદવિભોર બની ગયાં. રાજા ધૂઆપૂઆ થઈ ગયો. વૃદ્ધ મંત્રીની સામે જોયું. મંત્રીએ કહ્યું, ‘રાજન્ ! તમારે ખરેખર સંતને સજા કરવી હોય તો એમની પાસે કોઈ સ્ત્રીસંબંધી પાપ કરાવી દો.’ આ સાંભળીને સંતના પગ ધ્રુજવા લાગ્યા, પરસેવો છૂટી ગયો, ધડકતે હૈયે અને થોથવાતે શબ્દે રાજા પાસે પોતાને માફી આપવા કરગરવા લાગ્યા. ચકિત થઈ ગયેલાં રાજાએ તેમને છોડી મૂક્યાં.

પરમર્ષિના શ્લોકનો સાક્ષાત્કાર આપણે એ સંતમાં કરી શકીએ છીએ. કેટલી સહજ વાત છે ! આપણે જેની પ્રતીક્ષા જ કરી રહ્યા હોઈએ એનું આગમન થાય એમાં કોઈ પ્રશ્ન - આશ્ચર્ય - ફરિયાદ-તકલીફ-ઈન્કાર હોઈ શકે ખરો ?

મોક્ષમાર્ગનો યાત્રી એટલે દુઃખ, આપત્તિ ને ઉપસર્ગોનો પ્રતીક્ષક, પછી એ ધીરતાપૂર્વક ઉપસર્ગોના વધામણા કરે એમાં શું નવાઈ ? શરીર પ્રત્યેની તદ્દન નિરપેક્ષતા અને આત્મા પ્રત્યેની અત્યંત સાપેક્ષતા આવે એટલે આ વસ્તુ આવ્યા વિના ન રહે. શરીર અનિત્ય છે,

१. ख-ग- सर्ग्रे । २. ग- सुभीरत्व। ३. ग- मुनी।

देहनिरपेक्षताऽऽत्मसापेक्षताप्रकर्षप्रयुक्तोऽयं स्वभावः। को हि बुधोऽनित्याशुचिदुःखदपिण्डरक्तो नित्यशुच्येकान्तिकात्यन्तिकनिरूपमसौख्यसन्दोहावन्ध्यहेतुं संयमं मलिनीकुर्यात् ? वैषयिकसुखगृध्नूनां देहात्ममतीनामाश्चर्यकरमिदं लोकातिगद्वयम्, स्वभावसिद्धं तु महात्मनाम्।

भवस्वरूपविज्ञान-तद्विराग-मोक्षानुराग- त्रितयमेव लोकातिगमौनकारणमित्याचार्याः, तदभावे लोकाविशेषः, वेशादिविडम्बनाः, वैपरीत्यं (उपसर्गभीरुतादि) चेति।

---

અશુચિ-દુર્ગંધી છે, રાત-દિવસ દુર્ગંધી પદાર્થો છોડ્યા કરે છે. એના કારણે પાપો કરાય છે. એના કારણે દુઃખો ભોગવાય છે. એવા માંસના પિંડ માટે મોક્ષના નિત્ય, એકાંતિક,આત્યંતિક, નિરૂપમ સુખના અવન્ધ્ય કારણ એવા સંયમને કોણ મલિન કરે ?

પરમર્ષિએ મુનિની વૃત્તિને લોકાતિગ કહી છે. વૈષયિક કલ્પિત સુખની વિષ્ટા ચૂંથતા જીવોને માટે આ વૃત્તિ ભલે આશ્ચર્યજનક હોય, મહાત્માઓને તો આ વૃત્તિ સ્વભાવ જ બની ગઈ હોય છે.

ધર્મબિંદુમાં હરિભદ્રસૂરિજી કહે છે - 'સંયમ એ અત્યંત દુષ્કર છે. તેનું પાલન તો જ થઈ શકે જો તમારી પાસે ત્રણ વસ્તુ હોય. (૧) સંસારસ્વરૂપનું જ્ઞાન (૨) ભવનિર્વેદ (૩) મોક્ષાનુરાગ.' આ ત્રણ વસ્તુ આવી જાય એટલે આ શ્લોક આપણામાં જીવંત થયા વિના ન રહે.

અને જો આ ત્રણ વસ્તુ ન હોય તો સાધુ અને ગૃહસ્થમાં કોઈ જ તફાવત નહીં રહે. એ માત્ર વેષવિડંબક બનશે. ધર્મની ય વિડંબના કરશે, એક દાંભિક બનશે, અને પરિણામે એ પોતાના આત્માની વિડંબના કરશે. પરમર્ષિએ જે વૃત્તિને વ્યક્ત કરી બરાબર તેનાથી વિપરીત વૃત્તિના તેનામાં દર્શન થશે. ઉપસર્ગમાં સુભીરુતા અને અસંયમમાં સુધીરતા. અસંયમ એટલે સંસાર. સંસારનો ભય નહીં એટલે અસંયમનો ય ભય નહીં. શ્રામણ્ય તો કેટલી ઊંચી વાત



अतः सर्वात्मना तत्त्रितयप्राप्तिवृद्ध्योर्यतितव्यम्। ततस्तु नियतैवोपसर्गधीरता, न ह्यभिलषिताऽऽगमने न सुखं स्यादिति। असंयम इति संसारपर्यायः। तन्निर्भयतेति भवभीरूताविरहः, ततश्च न भवनिर्वेदगन्धोऽपि, स तु प्रथमलौकिकसौन्दर्यमित्याचार्याः। तद्विरहितो लोकोत्तरश्रमण इत्यसम्भवः।

असंयमनिर्भय उभयभ्रष्ट इत्युपदेशमाला। अत एवोपस्थापनापूर्वं पुराऽऽचारप्रथमाध्ययनमधुना षड्जीवनिकाध्ययनं यावदध्ययनमावश्यकम्, श्रमणमात्रस्य जघन्यश्रुतं चाष्टप्रवचनमातृज्ञानम्, तदविनाभावित्वाच्छ्रामण्यस्य। सदप्यसत्प्रायमसंयमिनः, निष्फलत्वात्, किं काही चरणविप्पमुक्कस्स-इत्याद्यार्षात्।

---

છે. જયવીયરાયની પહેલી માંગણી યાદ કરીએ. એ છે ભવનિર્વેદ. લલિતવિસ્તરાકાર લખે છે કે એ તો લૌકિક-સૌન્દર્ય છે. સાવ પાયાની જરૂરિયાતો છે. લોકોત્તર વાતો તો પછી છે.

ઉપદેશમાલા તો સ્પષ્ટ કહે છે કે જે શ્રમણને અસંયમનો ભય નથી એ તો (શ્રમણધર્મ અને ગૃહસ્થધર્મ) ઉભયભ્રષ્ટ છે. સંયમ એ જ શ્રામણ્યનો આધાર છે માટે જ પૂર્વકાળે આચારાંગના શસ્ત્રપરિજ્ઞા નામના પહેલા અધ્યયન સુધી અને હાલ દશવૈકાલિકના ષડ્જીવનિકાય નામના ચોથા અધ્યયન સુધી અભ્યાસ કરાવીને જ ઉપસ્થાપના-વડીદીક્ષા કરવામાં આવે છે.

એક દિવસના દીક્ષિતનું પણ જઘન્યશ્રુત અષ્ટપ્રવચનમાતા હોય છે. કારણ કે તેના વિના શ્રામણ્ય સંભવિત જ નથી. જે અસંયમી છે એને તો એ જ્ઞાન હોય તો ય ન હોવા બરાબર છે કારણ કે એને એ જ્ઞાનનું કોઈ ફળ મળતું નથી.

શ્રુતકેવલીશ્રી ભદ્રબાહુસ્વામિએ કહ્યું છે ને - ઘણું ઘણું શ્રુત ભણ્યો પણ ચારિત્રરહિત છે એનું શ્રુત શું કામનું ? આંધળાની

ब्रह्मगुप्तिविराधनमप्यसंयमपिशुनम्। तद्विराधक आभिग्रहीक-मिथ्यादृष्टिरित्यागमः। हेतूपेक्षेति फलोपेक्षा, निश्चयतश्चरणविघाते ज्ञानादि-

---

આગળ જેમ કરોડો કરોડો દીપક પ્રગટાવ્યા હોય, તે જેમ નિષ્ફળ છે, એમ એવું જ્ઞાન પણ નિષ્ફળ છે.

પ્રભુ વીર જેવી ઉપસર્ગોને સહવાની ક્ષમતા આપણામાં ન આવે કબૂલ.. પણ અસંયમની વાત આવે ને આપણને ધ્રુજારી ન થાય એ તો હરગીઝ ન ચાલે.

એક મહાત્મા પોસ્ટકાર્ડ લખે તો શ્રાવકને આપતા પહેલા પૂછે કે એના રસ્તામાં પોસ્ટનો ડબો આવે છે કે નહીં ? બરાબર એના રસ્તામાં આવતો હોય તો જ એને આપે અને એ પણ કથળતે હૈયે, કારણ એ જ કે ડબામાં પોસ્ટકાર્ડ પડશે ત્યાં કોણ પૂંજશે ?

પાર્શ્વનાથ ભગવાનનો જીવ કિરણવેગમુનિ, કમઠના જીવે મરણાંત ઉપસર્ગ કર્યો. મુનિ પડી ગયાં. પણ પડતાં પહેલા નીચેની જમીન પ્રમાર્જી લીધી. અસંયમના અત્યંત ભયથી આત્મામાં કેવા સંસ્કાર નાંખી દીધા હશે કે મરણની તીવ્ર વેદનામાં ય પ્રમાર્જન કરવાનું ન ચૂક્યા.

ગોચરી આદિ કારણસર એક વાર ઉપાશ્રયમાં મહાત્માઓ ન હતાં. આચાર્ય પ્રેમસૂરિજી હોલમાં એકલા જ હતાં, અચાનક એમને ભાસ થયો કે કોઈ બેન દાદરા ચડી રહ્યા છે. બેન ઉપર આવે એ પહેલાં જ એમણે જોરથી રાડ પાડી - 'કોણ ઉપર આવે છે ?' પેલા બેન તો ત્યાંથી જ રવાના થઈ ગયાં. આને કહેવાય 'सुभीरुत्वमसंयमे'.

બ્રહ્મભંગ વિષે આપણે ચાહે ગમે તે વ્યાખ્યાઓ બાંધી હોય. મહાનિશીથ સૂત્ર સ્પષ્ટ કહે છે કે જે સાધુ બ્રહ્મચર્યની ગુપ્તિ-નવ વાડોની વિરાધના કરે છે એ આભિગ્રહીક કક્ષાનો મિથ્યાદૃષ્ટિ છે. મહાવ્રત તો શું... તેનું સમ્યક્ત્વ પણ સલામત રહેતું નથી.

જ્યોતિષીએ આચાર્ય પ્રેમસૂરિજીની કુંડલી જોઈને કહી દીધેલ કે



वधः, ततश्च सूपपन्नमिदम्। धार्ष्ट्यादिना तत्क्लिष्टत्वमपि नानुपपन्नम्।

गुप्तिविराधनाऽसंयमसेवनाभ्यां स्वाश्रितशाखाकुठाराघातः, अर्हदादिविद्रोहश्च। ततश्च न किञ्चित् कल्याणम्। गुप्तिष्वप्रमत्तस्य स्त्रीभीरोरेव ब्रह्मनिस्तारः, नान्यस्येति पारमर्षम्।

---

'એમના જીવનમાં કદી પણ કામવિકાર જાગ્યો નથી.' પૂર્વ જન્મના સંસ્કારો હશે, એની ના નહીં, પણ મને એક હજી મહત્ત્વનું પરિબળ દેખાય છે. એ છે એમની નક્કર આચારચુસ્તતા, બ્રહ્મચર્યની બધી જ ગુપ્તિઓમાં અત્યંત પરિપૂર્ણતા. ચારિત્રચૂડામણિ અને બ્રહ્મચર્યસમ્રાટ એમને એમ બનાતું નથી.

નવ વાડોની ઉપેક્ષા એ બ્રહ્મચર્યની ઉપેક્ષા છે. કારણ કે એ બ્રહ્મચર્યનું કારણ છે અને કારણની ઉપેક્ષા એ કાર્યની ઉપેક્ષા બરાબર છે. નિશ્ચયનયના મતે ચારિત્રના વિઘાત થતાની સાથે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન પણ જતું રહે છે. માટે ઉપરોક્ત મહાનિશીથસૂત્રનું વચન અત્યંત સંગત છે. વળી ધૃષ્ટતા વગેરેને કારણે તીવ્ર સંક્લેશવાળું મિથ્યાત્વ પણ સંભવિત જ છે.

શાસ્ત્ર સ્પષ્ટ કહે છે કે ગુપ્તિઓની બાબતમાં જે અત્યંત અપ્રમત્ત છે અને સ્ત્રીઓની બાબતમાં જે અવિશ્વસ્ત-અત્યંત ભયભીત છે એ જ બ્રહ્મચર્યનો પાર પામી શકે છે. એનાથી વિપરીત હોય તે બ્રહ્મચર્યનો પાર પામી શકતા નથી.

કુંતીએ ભગવાન પાસે માંગ્યું છે - 'विपदः सन्तु नः शश्वत्' આપણે પણ ભગવાન પાસે માંગીએ. અમને આપત્તિઓ ને ઉપસર્ગો આપજે. તારી કૃપાથી અમે જરૂર ધીર રહીશું, એને સહીને કૃતકૃત્ય થઈશું. અમારા સંયમનું લક્ષ્ય અલ્પ સમયમાં સાધી શકાતું હોય એનાથી રૂડુ શું ? અને બીજા નંબરમાં જોઈએ છે અસંયમનો અત્યંત ભય. પ્રભુ ! એવી કૃપા કર કે મારા રોમ રોમ આત્માનો પ્રદેશ પ્રદેશ

इत्थं च क्वचिद्दोषोऽपि क्वचिद्गुणः, विपर्यासश्चेत्यलङ्घ्या स्याद्वादमुद्रा।।७।।

ननु तल्लोकातिगत्वे को हेतुरित्यारेकायामाह-

**दुःसहा विषयास्तावत्, कषाया[1] अतिदुःसहाः।**
**परीषहोपसर्गाश्चा[2] - ऽधिकदुःसहदुःसहा।।८।।**

**विषयाः** - रागप्रकाराः, उभयमयत्वेऽपीतरेषां कषायादौ विवक्षणात्, **कषाया** - रागद्वेषप्रकाराः, **परीषहोपसर्गाश्च**-तीव्रतरद्वयप्रकाराः। ततश्चो-

સંયમથી રંગાઈ જાય. અમને અસંયમના પડછાયાથી ય ધ્રુજારી છૂટી જાય. ।।૭।।

પરમર્ષિએ જે બે ગુણો કહ્યા એ લોકોત્તર શા માટે છે ? લોકમાં એ ગુણો કેમ નથી ? આવી શંકાનો જવાબ આપતા પરમર્ષિ કહે છે –

**વિષયો દુઃખેથી સહન કરી શકાય તેવા - દુસ્સહ છે. કષાયો તો અતિ દુસ્સહ છે અને પરીષહ અને ઉપસર્ગો તો અત્યંત અત્યંત દુસ્સહ છે.**

અહીં ત્રણ ભાગ પાડ્યા છે. વિષયો રાગના ઘરનાં છે, કષાયો રાગ-દ્વેષ બંનેના ઘરના છે. પરીષહોપસર્ગ એ બંનેના ઘરના પણ તીવ્ર કોટિના છે. એથી જ એમની દુઃસહતા ઉત્તરોત્તર વધતી જાય છે.

હવે 'દુસ્સહ' શબ્દની ભીતરમાં જઈએ. વિષયોને દુઃખેથી સહન કરી શકાય - એમાં 'સહન કરવું' એટલે શું ? એમાં ચાર પ્રકારો સંભવે છે.

(૧) વિષયત્યાગ - પહેલા નંબરમાં તો વિષયોનો ત્યાગ જ કરવો.
(૨) વિષયવિરાગ - ભોજન જેવા સમયે ન છૂટકે સંપર્કમાં આવતાં વિષયોમાં ય હેયબુદ્ધિ વગેરે દ્વારા વૈરાગ્ય જાળવી રાખવો.
(૩) વિષયાંતર - ગીત વગેરે શબ્દાદિ વિષયોને મોટેથી સ્વાધ્યાય

१. क- कषा अपि। ख-ग- कषाया अपि। २. ग- सर्गाश्चांधिक।



त्तरोत्तराधिकदुःसहता सिद्धा। विषयसहनं चतुर्धा, त्याग-विराग-तदन्तर-शून्यताभिः। अत्यागो हि रागकार्यम्। न च त्यागलभ्यं कदाचिदपि कुतर्कैः प्राप्येत। विमर्शवृत्त्योर्विषयतिरस्कारत्यागावेव तत्सहनम्। दत्तप्रसरा इन्द्रियहया नरकाटवीपाताय, वैषयिकसुखतद्भवदुःखयोर्तिलमेरुसदृशान्तरमित्यादि वैराग्यभावनासञ्जीवनम्। विषयान्तरं तु बालानामपि सुकरम्।

દ્વારા નિષ્ફળ કરવાં.
(૪) વિષયશૂન્યતા - જ્ઞાનયોગના પ્રકર્ષથી વિષયના અનુભવથી શૂન્ય બની જવું.

અનાદિકાલીન કુવૃત્તિઓને કારણે જ વિષયો દુસ્સહ છે. એ કુસંસ્કારોને તો આ ચારમાંથી એક પણ પ્રકાર નહીં ગમે. એ કુસંસ્કારો પાંચે ઈન્દ્રિયોને ઈષ્ટ વિષયની શોધ માટે ઉત્તેજિત કરે છે. વિષય પ્રત્યેનું અનાદિનું ભયંકર આકર્ષણ કેવું ઘર કરી ગયું હશે. સ્ત્રીના સ્પર્શાદિથી વનસ્પતિ ય આહ્લાદ પામે છે. સ્ત્રીના સાન્નિધ્ય માત્રથી કૂવામાં રહેલો એકેન્દ્રિય પારો ઉછળીને બહાર આવી જાય છે. વીતરાગ તથા અનંત ગુણોના સ્વામિ એવા જીવની કેવી દુર્દશા ! ખરેખર, નાનકડા 'દુસ્સહ' શબ્દમાં પરમર્ષિએ એ દુર્દશાને ખુલ્લી કરી દીધી છે. હવે એમાંથી બચવાનો એક જ રસ્તો છે – વિચારના ક્ષેત્રે વિષયો પ્રત્યેનો અત્યંત ધિક્કારભાવ અને આચારના ક્ષેત્રે વિષયોનો વધુ ને વધુ ત્યાગ.

અનાદિકાલીન કુસંસ્કારો ઘોંચ-પરોણા કરે છે - લલચાવે છે. આટલું ભોગવી લે ને.. આટલામાં શું છે.. આટલું ચાખી લે... જોઈ લે.. સાંભળી લે.. સૂંઘી લે.. અને જીવ ફસાઈ જાય છે. વિષયસેવન-રાગવૃદ્ધિ-સાનુબંધકર્મ-કર્મોદય.. આ વિષચક્ર ચાલે છે.

ઈન્દ્રિયપરાજયશતકમાં કહ્યું છે કે ઈન્દ્રિયો તો મહાધૂર્ત છે. તેમને જરા પણ છૂટો દોર આપીશ મા. જો આપ્યો તો તારે એવી

भोगे हि विषयचक्रध्रौव्यम्। जागृतिरेवानादिदुर्वृत्तिसंयमिनी, 'पंच जागरओ सुत्ता'- इत्याद्यार्षात्। तत्संयमनेनेष्टेतररागेतरनिग्रहः, तत्प्रत्ययकर्मबन्धविरहः, पूर्वबद्धनिर्जरा च। ततश्च वैराग्यवृद्धिः, विषयदुःषहतानिरासः, क्रमेण च विषयशून्यता। सेयं वासीचन्दनसमानकल्पता परमानन्दसन्दोहसरसीतीरलहरी। कषायादौ प्रागुक्तमेवानुसन्धातव्यम्।।८।।

---

જગ્યાએ (નરકમાં) જવું પડશે, જ્યાં એક-એક ક્ષણ કરોડ-કરોડ વર્ષ જેટલી લાગશે. વિષયસુખ તલ જેટલું છે, અને તેની કિંમત તરીકે જે દુઃખ ભોગવવું પડશે એ મેરુપર્વતથી ય મોટું છે. કરોડો ભવ પૂરા થઈ જશે.. પણ એ દુઃખનો અંત નહીં આવે.

ચાલો, આજથી જાગૃત થઈએ. જાગૃત મુનિની ઈન્દ્રિયો સૂઈ જાય છે. 'पंच जागरओ सुत्ता' આવું ઋષિભાષિત આગમનું વચન છે. ઈન્દ્રિયોના નિગ્રહથી ઈષ્ટ વિષયોમાં રાગનો અને અનિષ્ટ વિષયોમાં દ્વેષનો નિગ્રહ થાય છે. મોહનીય કર્મની નિર્જરા થાય છે અને પરિણામે જીવના સત્ત્વનો વિકાસ થાય છે. ધીમે ધીમે વિષયો પરનો અનાસક્ત ભાવ વધતો જાય છે. અને દુસ્સહ વિષયો સુસહ જ નહીં, પણ નહીંવત્ થઈ જાય છે. આ એ કક્ષા છે જેમાં અહીં કહેલ ચોથો પ્રકાર 'વિષયશૂન્યતા'નો અવતાર થાય છે. વચ્ચેના બે પ્રકારો એની પૂર્વભૂમિકાઓ છે. વિષયશૂન્યતા થાય એટલે કોઈ ચામડી છોલી નાંખે કે માથું કાપી નાંખે, એનો પણ અનુભવ ન થાય. અતીત-અનાગતના ઈષ્ટાનિષ્ટ અનુભવોનું સ્મરણ ન થાય. માન અને અપમાનમાં સમભાવ આવે. અંતરમાં સુખનો સાગર હિલોળા લે. ક્ષણિક-તુચ્છ-કલ્પિત વિષયસુખ માટે દુનિયા શું ગુમાવી દે છે, એનું ખરું ભાન તો એ અવસ્થા આવશે ત્યારે જ થશે.

કષાયો, પરીષહો અને ઉપસર્ગો વિષે આની પૂર્વે કહ્યું હોવાથી અહીં કહેતો નથી.।।૮।।



नन्वेतेषु सर्वेष्वपि को दुस्सहतमः, कथं च तज्जय इत्याशङ्कायामाह-

**जगत्त्रयैकमल्लश्च, कामः केन विजीयते ?।**

**मुनिवीरं विना [१]कञ्चि-च्चित्तनिग्रहकारिणम्।।९।।**

तं विना न केनचिदित्याशयः। यदाह- 'कन्दर्पदर्पदलने विरला मनुष्या' इति। तद्दुर्जयता च तद्विषयरागप्रकर्षात्। **मुनिवीरा**श्चात्र श्रीस्थूलभद्र - श्रीबप्पभट्टीप्रमुखाः। तद्विशेषणपिशुनितश्च जयोपायः। संवाद्यत्र राद्धान्तः- 'अदंसणं चेव' इत्यादि। यदंशोऽयं ता गुप्तयोऽप्यत्रोक्त-

---

આ બધામાં સૌથી વધુ દુઃસહ કોણ છે ? અને તેને કેવી રીતે જીતી શકાય ? એવી શંકાનો જવાબ આપતા પરમર્ષિ કહે છે –

**કામ એ ત્રણ જગતનો અજોડ મલ્લ છે, એને કોણ જીતી શકે ? સિવાય કે ચિત્તનો નિગ્રહ કરનાર કો'ક ભડવીર મુનિ.।।૯।।**

ગાંડો હાથી- ખૂંખાર સિંહ કે ભોરિંગ નાગને વશ કરનારા તો દુનિયામાં હજી મળી આવે પણ કામને વશ કરનારા તો કો'ક વિરલ જ જીવો હોય છે. ચોર્યાશી ચોવીશી સુધી જેમના ગુણ ગવાશે એ સ્થૂલભદ્રજીની સાધના કેવી હશે... શત્રુ જેટલો દુર્જય એટલી તેને જીતવાની સાધના પણ દુષ્કર અને સાધનાનું ફળ પણ એટલું જ મહાન.

આમ રાજાએ બપ્પભટ્ટસૂરિજીની પરીક્ષા કરી. એકાંતમાં નર્તકી બધું કરી છૂટી. આખી દુનિયાના પુરુષોને માખણ સમાન ગણતી એ અપ્સરાને કહેવું પડ્યું કે પથ્થર પીગળે પણ એ નહીં. શે પ્રાપ્ત કરવી એવી દશા ? ઉત્તરાધ્યયન સૂત્રમાં એનો રામબાણ ઉપાય બતાવ્યો છે. અહીં પરમર્ષિએ એ જ ઉપાયને નાનકડા 'નિગ્રહ' શબ્દમાં મૂકી દીધો છે. આ રહ્યો એ ઉપાય - તમારે બ્રહ્મચર્યનું અણિશુદ્ધ પાલન કરવું છે ? તમારે કામ પર વિજય મેળવવો છે ? તો આટલું કરો –

---

१. ग- किंचिन् चित्तं निग्रहकारणं ।

युक्त्योन्नेयाः। कामजयो हि श्रामण्यजीवनम्, तज्जयकार्त्स्न्यमेव मौन-लक्ष्यम्, तज्जितामयं वेशः, तज्जयी अहमिति लोकमतिरिति पुनः पुनर्भाव्यमानं तज्जयोपायादरेण भवेत्तज्जयनिमित्तमिति।।९।।

अथ किमिति मुनिमात्रं नोपन्यस्तम् ? किमत्र वीरपदव्यवच्छेद्य-मिति शङ्कापङ्काविलमनसमाह-

**मुनयोऽपि यतस्तेन[1], विवशीकृतचेतसः।**
**घोरे भवान्धकूपेऽस्मिन्, पतित्वा यान्त्यधस्तलम्।।१०।।**

---

अदंसणं चेव – સ્ત્રીનું દર્શન નહીં, નહીં, ને નહીં જ.
अपत्थणं च – સ્ત્રી સંબંધી કોઈ પણ ઈચ્છા પણ નહીં જ.
अचिंतणं चेव – સ્ત્રી સંબંધી કોઈ પણ વિચાર પણ નહીં જ.
अकित्तणं च – સ્ત્રી સંબંધી કે સ્ત્રી સાથે કોઈ પણ વાત પણ નહીં જ.

આની પૂર્વે બ્રહ્મચર્યની ગુપ્તિની વાત કરી. તે અહીં પણ સમજી લેવી જોઈએ. ઉપરોક્ત ઉપાય પણ એનો જ એક અંશ છે. યાદ રહે, કામ એ દુનિયાનો દુર્જય મલ્લ જરૂર છે. પણ આપણે એને જીતવાનો જ ભેખ લીધો છે. એને જીતનારાઓનો જ વેશ લીધો છે. અને દુનિયા આપણને કામવિજેતા જ માને છે. આટલું સતત ધ્યાનમાં રાખશું, તો તેના ઉપાયોના પ્રયોગ દ્વારા આપણે તેને સહેલાઈથી જીતી શકશું. ।।૯।।

પરમર્ષિએ ગયા શ્લોકમાં કહ્યું કે મુનિવીર જ કામને જીતી શકે. અહીં 'વીર' કહેવાની શું જરૂર હતી ? સામાન્ય મુનિ કેમ ન કહ્યું ? આ પ્રશ્નનો હવે જવાબ અપાય છે –

**કારણ કે કામથી વિવશ મનવાળા મુનિઓ પણ ભયંકર સંસારરૂપી કૂવામાં પડીને તળિયે (છેક નિગોદમાં) પહોંચી જાય છે. ।।૧૦।।**

---

१. ग- यस्तेन।



सम्भूतिमुनिवत्। आह च - तज्ज्ञानं तच्च विज्ञानं, तत्तपः स च संयमः। सर्वमेकपदे भ्रष्टं, सर्वथा किमपि स्त्रियः- इति। कामकृतदशविषम-दशाभिर्भवेयुरेव महान्तोऽपि विवशमनसः, ततश्चाकार्यं, सहैव व्रतभङ्गः, ततश्च भवकूपप्रपातः, यथासम्भवमनन्तकालमपि संसारभ्रान्तिश्च।

---

ધ્રુજાવી દે એવું પદ છે – 'મુનિઓ પણ', મારા જેવા નહીં, જેમને શાસ્ત્ર ખરેખર 'મુનિ' ની કક્ષામાં મૂકે છે, એવાં આચારયુસ્ત, જ્ઞાની, તપસ્વી, સંયમી આત્માઓ પણ. ધિક્કાર છે કામ ! તારી ગંદી ચાલને... બિચારો અનાદિકાળથી અથડાતો કૂટાતો જીવ... સાતે નરકમાં અનંત અનંત વાર ઘોર દુઃખો ભોગવીને, ૮૪ લાખ યોનિના અનંત ફેરા કરી કરીને ટીપે ટીપે પુણ્યનો દરિયો ભરીને માંડ માંડ ઉપર આવ્યો... સત્ત્વ ફોરવ્યું... સાધનાના માર્ગે આગળ વધ્યો, જ્ઞાનાભ્યાસ કર્યો, ઘોર તપ કર્યો, ઉગ્ર સંયમ પાળ્યું, લોચ કરાવ્યા, વિહારો કર્યા, તડકા ખમી ખમીને નિર્દોષ ગોચરી વાપરી... કેટકેટલો પર્યાય થયો.. અને જરા થાપ ખાધી... જરા ગાફેલ રહ્યો.. જરા ભૂલ કરી અને તું તુટી પડ્યો, તને કોઈ દયા ન આવી. તને કોઈ શરમ ન નડી... ફટ્ રે ભૂંડા... મારા કેવા કેવા સાધર્મિકો.. કેવા મહાન ગુરુભાઈઓને તે પટકી નાખ્યાં...

પેલા હજાર વર્ષનો ઉગ્ર તપ કરનારા કંડરીક મુનિ, પેલા તીર્થંકરના ભાઈ-ચરમશરીરી રહનેમિજી, પેલા જ્વલંત વૈરાગ્યથી અનશન લેનારા સંભૂતિ મુનિ, પ્રભુ વીરના શિષ્ય નંદિષેણ મુનિ, અદ્ભુત તપથી નદીના વહેણ ફેરવી દેનારા કૂલવાલક મુનિ, પેલા રાજવીભોગોને છોડીને નીકળેલા આર્દ્રકુમાર મુનિ, પેલા શ્રુતસાગરના પારગામી અષાઢાભૂતિ... પેલા સિંહગુફાવાસી મુનિ... હાય.. આનો અંત આવે તેમ નથી.. રે કામ ! તારી ગમે તેવી મેલી રમત હોય, તું આજે અમારી સામે ઉઘાડો થઈ ગયો છે. તું ચાહે કેટલો પણ નિર્દય ને નિર્લજ્જ હોય, તારી હવે કોઈ ચાલ કામ નહીં આવે કારણ કે અમે

अप्रत्यभिज्ञातोऽरिः खलु कामः। सत्यम्, कामस्य वामा गतिरिति।।१०।।

ननु कथमेषां गुणवतामपि कामाभिभूतिरिति वितर्क आह–

**तावद्[1] धैर्यं महत्त्वं[2] च, तावत् तावद् विवेकिता।**

**कटाक्षविशिखान् यावन् - न क्षिपन्ति मृगेक्षणाः।।११।।**

तत्क्षेपाग्नौ धैर्यादिमदनविलय इत्यभिप्रायः। तद्विलये च मूर्च्छित-प्रायाणां स्यादेव कामाभिभूतिरिति, अन्वाह च- आलोयणमित्तेणं जं

તને બરાબર ઓળખી લીધો છે. તારા પાસા કેમ અવળા પાડવાં, તારા દાવપેચોને કેમ ખોટા પાડવા એ કરામત અમને પરમર્ષિએ શીખવાડી દીધી છે. ।।૧૦।।

આ બધા ગુણવાન આત્માઓને પણ કેમ કામે હરાવી દીધા ? ગુણ હાજર હોય અને કામ સતાવે એ સમજાતું નથી... આનો જવાબ આપતાં પરમર્ષિ કહે છે –

**ધૈર્ય, ગૌરવ, વિવેક વગેરે ગુણો ત્યાં જ સુધી રહે છે કે જ્યાં સુધી મૃગનયની નારીઓ કટાક્ષ બાણોને ન ફેંકે.।।૧૧।।**

નારીકટાક્ષોના-ક્ષેપરૂપી અગ્નિમાં ધૈર્ય વગેરેરૂપી માખણ પીગળી જાય છે એવો અહીં આશય છે.

પેલી મદનમંજરી.... પોતાના પતિ અગડદત્તનું ચોર સાથે યુદ્ધ થયું. ચોર પણ માથાભારે નીકળ્યો. કોઈ નિર્ણય આવતો ન હતો. પેલી લુચ્ચી પતિના રથમાં ચડી ગઈ. નેત્રબાણોથી ચોરના ચિત્તને ઘાયલ કર્યું. અને એની સાથે જ તેના પતિએ તેને વીંધી નાખ્યો.

ચોરનું તો એક જન્મમાં કમાયેલ નશ્વર ધન અને પાપી જીવન ગયું. પણ પરમર્ષિ કાંઈક બીજી જ વાત કરે છે.. જે સાત્ત્વિક છે, વૈરાગી છે, ધીર-વીર-ગંભીર છે, પદસ્થ છે, વિવેકી છે, ત્યાગી-તપસ્વી-સંયમી છે, એને પણ નારીના કટાક્ષ તીરો વીંધી નાખે છે. ખરું જ કહ્યું છે. જે નારી દર્શનમાત્રથી પુરુષોને મૂર્છા આપે છે,

१. ग - नावद्धैर्यं। २. क-ख-ग- महत्वं ।



मुच्छं दिंति ताओ पुरिसस्स। तेण हयमहिलियाणं नयणाइं विसालयाइं फुडं - इति।

अत एव 'नो तासु चक्खुं संधेज्जा' इति जिनाज्ञा। को हि तासु दर्शन-स्पर्शन-सङ्गमैश्चित्त-बल-वीर्य-हारिणीषु राक्षसीषु रज्येत ? स्मरणमप्यासां दारुणविकारविपाकमित्यतिविषं स्त्रियः। अत एवात्महि-तचिन्तकास्ता दूरत एव वर्जयन्ति। स एषोऽनाद्यभ्यस्तमोहापराध यद-नल्पदोषकचवराकुलासु निकृति-नृशंसता-ऽस्थैर्य-कुशीलता-कलह-ईर्ष्या-

તેથી તેની આંખો વિશાળ છે એ પ્રગટ જ છે. બસ... એક ગોઝારી ક્ષણે, એ બધાં જ ગુણો રવાના થઈ જાય છે... જીવનભરનું સાધનાધન એક ધડાકે લૂંટાઈ જાય છે. ભવોભવની પુણ્યશક્તિનો ખાત્મો બોલાઈ જાય છે. એ આત્મા શિખર પરથી પાતાળમાં ગબડી પડે છે. દીન-લાચાર-નિષ્ક્રિય અને ઠંડો ઘેસ બની જાય છે. એક દિવસની પોતાની સિંહ જેવી વૃત્તિને યાદ કરીને આંસુ સારે છે. પણ એક વાર સત્ત્વ જતું રહ્યું એટલે એ માયકાંગલો બની જાય છે. ધિક્કાર છે નારીને... ધિક્કાર છે એના દર્શનને.

માટે જ જિનેશ્વર ભગવંતોની સ્પષ્ટ આજ્ઞા છે કે સ્ત્રીઓ સાથે આંખ મિલાવવી નહીં. સ્ત્રી દર્શનથી ચિત્તને હરે છે, સ્પર્શનથી બળને હરે છે અને સંગમથી વીર્યને હરે છે. માટે શાસ્ત્રકારોએ તેને પ્રત્યક્ષ રાક્ષસી કહી છે. અરે, સ્ત્રીનું સ્મરણ પણ ભયાનક વિકાર કરનારું છે માટે સ્ત્રી તો ઝેરને ય ટપી જાય તેવી છે. માટે જ આત્મહિતના ચિન્તકો તેનું દૂરથી વર્જન કરે છે.

આ તો અનાદિ કાળનો મોહ છે. તેના અપરાધથી કેટલાંય દોષના ઉકરડારૂપ સ્ત્રીઓમાં ય રાગ થાય છે. સ્ત્રીઓ માયા, ક્રૂરતા, કુશીલતા, કલહ, ઈર્ષ્યા વગેરે દોષોથી કલુષિત હોવા છતાં પણ તેમાં ગૃદ્ધિ થાય છે. એવા સ્ત્રીના દર્શનની ઈચ્છા શું કરવી'તી ?

बहुलासु अत्यन्तमशुचिष्वप्यध्युपपन्नता। आस्तां दर्शनम्, नामाप्यासां ब्रह्मप्राणापहारक्षमम्, यदाह- नामाऽपि स्त्रीति संह्लादि, विकरोत्येव मानसम्। किं पुनर्दर्शनं तासां, विलासोल्लालितभ्रुवम् ? - इति। अत

સ્ત્રીના દર્શનની વાત તો જવા દો, સ્ત્રીનું નામ પણ બ્રહ્મચર્યના પ્રાણ હરી લેવા સમર્થ છે. શાસ્ત્રકારો કહે છે- 'સ્ત્રી' આટલું નામ પણ આનંદ આપે છે. મનને વિકૃત કરે જ છે, તો પછી ભવાં ઉલાળીને વાત કરતી એવી સ્ત્રીના દર્શનની તો વાત જ શી કરવી ?

'પ્રભુદર્શન સુખ સંપદા' નો દુહો છે ને ?... એના જેવો એક બીજો દુહો યાદ રાખવા જેવો છે. 'નારી - દર્શન દુઃખ આપદા, નારી દર્શન દશ પીડ, નારી દર્શનથી પામીએ, ભવ ભ્રમણની ભીડ.'

શું બળ્યું હતું સ્ત્રીઓમાં ? જોઈ લો સ્ત્રી વિષે શાસ્ત્રોના અભિપ્રાયો -

| | |
|---|---|
| ઉત્તરાધ્યયન સૂત્ર - રાક્ષસી. | પ્રબોધચિન્તામણિ - શાઠ્યભૂમિ. |
| દશવૈકાલિક સૂત્ર - વાંત (ઉલ્ટીમાં નીકળેલ વસ્તુ). | અધ્યાત્મકલ્પદ્રુમ - વાઘણ. |
| | ઉપદેશશતક - માંસભાજન. |
| ઈન્દ્રિયપરાજયશતક - દુઃખખાણ. | જ્ઞાનસાર - મળ-મૂત્રનો ઘડો. |
| ભક્તપરિજ્ઞા - નાગણ. | યોગશાસ્ત્ર - નરકની દીવડી. |
| તંદૂલવૈચારિક - અજોડ શત્રુ. | પુષ્પમાલા - પિશાચણી. |
| અધ્યાત્મસાર - જ્વાળામુખી. | યોગશતક - ચંચળ રાગવાળી. |
| કલ્પસૂત્ર - કજીયાપ્રિય. | હૃદયપ્રદીપ - શબ. |
| સંવેગદ્રુમકંદલી - કુટિલા. | ધર્મશિક્ષા - સર્પશ્રેણિ. |
| પદ્માનંદશતક - શાકિની. | તત્ત્વામૃત - વૈતરણી. |
| ભાવનાશતક - સ્વાર્થસિદ્ધિસખી. | સામ્યશતક - ઈન્દ્રજાલિકા. |

સમાધિસામ્યદ્વાત્રિંશિકા - મૂત્રવિષ્ઠાપિઠરી.

ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે - બસ, એક વાર તમે આ સ્ત્રીસમુદ્રને



एवागमे दृष्टिविषविषधरदृष्टिपरिहारवन्नयनशरविनाशितचारित्रप्राणानां रमणीनां दृष्टिपरिहार उक्तः। यद्यपि त्रिगुप्तिगुप्तानां महासत्त्वानां दोषविरहसम्भवः तथापीत्थमेवाकान्तहितम्, तदाह- 'एगंतहियं ति नच्चा'- इति।।११।।

अथ नारीनयनविषमदुर्गसंश्रितविषमशरशरसम्पातविधुरितसत्त्वानां शोच्यदशामाविष्कुर्वन् वृत्तचतुष्कमाह–

તરી જાઓ. પછી તમને મોક્ષે જતાં કોઈ અટકાવી શકે તેમ નથી. જે માણસ દરિયો તરી જાય, એના માટે નદી ને તળાવો તો શું વિસાતમાં ? આ કાર્ય ખૂબ જ મુશ્કેલ છે, પણ સ્ત્રીનું વર્જન કરવાથી-નિમિત્તોનું વર્જન કરવાથી ખૂબ જ સરળ બની જાય છે.

એટલે જ ઈન્દ્રિયપરાજયશતકમાં કહ્યું છે કે જે રીતે દૃષ્ટિવિષ સાપની નજરનો પરિહાર કરવામાં આવે. એના માટે જેટલી સાવધાની-અપ્રમત્તતા રાખવામાં આવે, એવી જ સાવધાની સ્ત્રીની દૃષ્ટિનો પણ પરિહાર કરવામાં રાખવી જોઈએ.

જેમનામાં આટલો પરિહાર કરવાનું પણ સત્ત્વ નથી એમને સ્ત્રીસંસર્ગ પછી ય મન અડગ રહે એવા સત્ત્વની તો ક્યાં આશા રહે ? યાદ રહે, ચાર-ચાર મહિનાના ચોવિયાર ઉપવાસ, એ પણ સિંહની ગુફામાં કરવાનું અદ્ભુત સત્ત્વ દાખવનારા મુનિવર... અરે, એમના આ પરાક્રમે પેલા સિંહને પણ પાળેલા કૂતરાની જેમ પૂંછડી પટપટાવતો કરી દીધેલ.. એવા મહાપુરુષ પણ પેલી વેશ્યાના દર્શનની સાથે જ પાણી પાણી થઈ ગયાં... સત્ત્વનું સુરસુરિયું થઈ ગયું. ધૈર્ય પીગળી ગયું. લાજ ઓગળી ગઈ અને નફ્ફટ થઈને ભોગયાચના કરી બેઠા. નિમિત્ત પ્રત્યેની ઉપેક્ષા જ ભાવિ અનર્થની સૂચક છે. એ ઉપેક્ષા જ મોહનીય પ્રકૃતિના વિશિષ્ટ રસબંધનું કારણ છે. ॥૧૧॥

હવે પરમર્ષિ કર્મના ઉદયના ભોગ બનેલા, સ્ત્રીને પ્રસાર

गृहं च गृहवार्ता[1] च, राज्यं राज्यश्रियोऽपि च।
समर्प्य सकलं स्त्रीणां, चेष्टन्ते दासवज्जनाः।।१२।।
सा मित्रं सैव मन्त्री च, सा बन्धुः[2] सैव जीवितम्।
सा देवः[3] सा गुरुश्चैव, सा तत्त्वं स्वामिनी[4] च सा।।१३।।
रात्रौ दिवा[5] च सा सा सा, सर्वं सर्वत्र सैव[6] हि।
एवं स्त्र्यासक्त[7]चित्तानां, क्व धर्मकरणे रतिः ?।।१४।।
स्त्रीसमुद्रेऽत्र गम्भीरे, निमग्न[8]मखिलं जगत्।
उन्मज्जति महात्माऽस्मा-द्यदि कोऽपि कथञ्चन।।१५।।

अनुवर्त्य सङ्ग्रहणं ततश्चेष्टविधापनमिति नारीणां सुशिक्षितमिव। 'स्त्रीबुद्धिः प्रलयावहा' - इति नीतिशास्त्राणि। तदधीनानां का

---

આપનારા, તેમની દૃષ્ટિથી જેમનું સત્ત્વ હણાઈ ગયું છે, એવા જીવોની દુર્દશા કહે છે -

**ઘર, ઘરનો વહીવટ, રાજ્ય, રાજ્યસંપત્તિઓ બધું જ સ્ત્રીને સમર્પિત કરીને લોકો એના દાસ થઈને રહે છે. હવે આ દાસોના મિત્ર, મંત્રી, ભાઈ, જીવન, ભગવાન, ગુરુ, તત્ત્વ બધું જ એક માત્ર સ્ત્રી બની જાય છે. એ જ એની સ્વામિની બની જાય છે. દિવસ હોય કે રાત હોય, કોઈ પણ બાબત હોય, હંમેશા તેને સ્ત્રી જ ભાસ્યા કરશે, બીજું કાંઈ જ નહીં સૂઝે. આ રીતે સ્ત્રીલંપટોને ધર્મ કરવાનું કેવી રીતે ગમે ? આ આખી દુનિયા સ્ત્રીરૂપી સમુદ્રમાં ડૂબી ગઈ છે. એમાંથી કોઈ બહાર આવતું હોય તો તે ખરેખર મહાત્મા જ છે. ।।૧૨-૧૫।।**

પેલો બ્રાહ્મણ... ચક્રવર્તી વરદાન આપે છે, ત્યારે રાજ્ય માંગવાને બદલે સ્ત્રીબુદ્ધિથી પ્રતિદિન ભોજન માંગે છે. પેલો સમ્રાટ પૃથ્વીરાજ...

---

१. ख- वात्तं वि। २. क- साधुः। ३. ग- देव सा गुरुंश्चैव सां तत्व। ४. ख- स्वामिनीव सा। ५. ख- दिवा व। ६. ग- सैव टि। ७. ग- स्त्र्यासंक्त। ८. क-ख- निर्मग्न।



शुभाशङ्काऽपि ? स्वानुरूपाचाराः खलु स्त्रियः, तदसमञ्जसचेष्टिते किं नाम चित्रम् ?, तच्छोच्यं यन्महतामपि गुणवतां तादृग्निर्गुणपात्रदासत्वम्। तद्दासत्वहारितगौरवधनपदयशोराज्यश्रियो मुञ्जनृपादिवत् केषां न दयापात्राणि ?

नीचाराधनकृतात्मविडम्बनातः किं न वरा परमात्मप्रसादनेनाप्रतिमप्रीतिपदावाप्तिः ? मरणान्तापद्गता अपि दीनवचनोच्चारमूका मानधनाः

---

રાણી સંયુક્તામાં ભાન ભૂલ્યો... પોતે ય બરબાદ થયો અને પ્રજાને પણ બરબાદ કરી. પેલો રાજા.. સુકુમાલિકામાં પાગલ થયો.. રાજ્ય ખોયું.. તો ય સાન ઠેકાણે ન આવી... જંગલમાં રાણીની ભૂખ-તરસ મટાવવા પોતાના માંસ-લોહી આપી દીધાં.. પણ રાણીએ છેવટે પોત પ્રકાશી દીધું.. એક પંગુના પ્રેમમાં પડીને રાજાને મારી નાંખવાનો પ્રયત્ન કર્યો... પેલો મુંજ રાજા.. એક દાસીમાં આસક્તિના કારણે રાજ્ય, આબરુ, ખમીર ખોઈ નાખ્યાં અને કરુણ રીતે તેનો વધ કરાયો.. હાય.. એ વધનું કારણ પણ પેલી દાસી જ.

આવા તો કેટકેટલા સ્ત્રીલોલ - નારીઘેલા - જોરુકા ગુલામો ઈતિહાસના પાનાઓ પર શરમથી માથું નમાવીને ઉભેલા છે. સ્ત્રીએ તો પોતાના સ્વભાવને અનુરૂપ જ કર્યું. એમાં કોઈ આશ્ચર્ય ન હતું. પણ મહાગુણવાન પુરુષો સ્ત્રીમાં કામાંધ બની ગયાં. પોતાની બરબાદી ન જોઈ શક્યા. પોતાની જવાબદારીઓ ન જોઈ શક્યાં, પોતાની આબરુના ધજાગરા ન જોઈ શક્યા.. અને પરિણામ તો જે આવવાનું હતું તે જ આવ્યું. એક નિર્ગુણ દોષોની ભંડાર-નીચસ્વભાવવાળી વ્યક્તિને વશ થવું, યોગીને બધે પરમાત્મા દેખાય એમ બધે તેના દર્શન કરવા, એની ચાપલૂસી કરવી, એની હા માં હા કરવી, એની તદ્દન અનુચિત વાતોને પણ વ્હાલથી વધાવી લેવી, એના મનને પ્રસન્ન રાખવા આકાશ-પાતાળ એક કરવા એ એક બુદ્ધિમાન-જ્ઞાની-

स्त्रीणां दासीभूय तच्चरणनतमस्तकास्तच्चाटुकारिणस्तद्वशंवदा इति धिग् मदनम्। स्वाधीनेऽनुकूले च पुरुषे प्रमदानामनादर एव, वामत्वान्मनोभुव इत्याचार्याः। यासु सिंहोऽपि मशकायते कथं ता अबलाः ? न खलु ताभ्यः परः शत्रुर्नृणाम्, इत एव 'नारी' पदव्युत्पत्तिरागमे।

ब्रह्मगुप्त्युपेक्षकाः सञ्ज्ञावशा मुनिंमन्या अपि वनितावैश्वानरशिखा-

---

ગુણવાન પુરુષની કાળી વિડંબના નહીં તો બીજું શું છે ?

ઈન્દ્રિય પરાજય શતકમાં કહ્યું છે કે કેટલાંય એવા સ્વાભિમાની પુરુષો હોય છે, કે કદાચ બીજાને આધીન ન થાય તો તેમને મરી જવું પડે એવી સ્થિતિમાં પણ બીજા પાસે કાકલૂદી ન કરે - લાચાર ન બને, દીનવચનો ન બોલે. 'માથું કાપી નાખો પણ માથુ નમાવીશ નહીં.' આ જ જેમનો અડગ નિશ્ચય હોય એવા પણ પુરુષો રાગાંધ થઈને સ્ત્રીના પગમાં પડે છે, એની ખોટી ખોટી ખુશામત કરે છે. અને પોતાની સ્વામિની બનાવી દે છે એને એ નચાવે એમ નાચવા લાગે છે. ખરેખર, કામને ધિક્કાર થાઓ.

કલિકાલસર્વજ્ઞએ કહ્યું છે - કામની ગતિ વાંકી છે. પુરુષ જેટલો સ્વાધીન-અનુકૂળ થાય એમ એના પ્રત્યે સ્ત્રીનો અનાદર વધતો જાય, સ્ત્રીનો રુઆબ વધતો જાય. અને એક સ્થિતિ એવી આવીને ઉભી રહે કે પુરુષ દાસ અને સ્ત્રી શેઠાણી. આખી દુનિયાને સિંહ થઈને ધ્રુજાવતો પુરુષ સ્ત્રી સામે મચ્છર જેવો બની જાય. કેવી દુર્દશા !

જે સાધુ પણ સાવધ ન રહે, બ્રહ્મગુપ્તિઓની ઉપેક્ષા કરે, સ્ત્રી પ્રત્યે કઠોર વલણ ન રાખે, લોકસંજ્ઞામાં તણાઈ જાય તો એની પણ બેહાલી થયા વિના ન રહે. ફરક એટલો કે તેની દુર્દશા ગૃહસ્થ કરતાં ય કેટલાય ગણી વધી જાય. કારણ કે સાધુની ભૂમિકા જ કાંઈક ઓર છે.



शलभा एव। नारीति गृहिणामपि विडम्बनैव, किं पुनर्ब्रह्मचराणाम्? तदनिच्छूनां तासु कठोरवृत्तिरावश्यका, विपरीतप्रयोजनत्वात्, तदाह- 'पञ्चालः स्त्रीषु मार्दव' मिति। नैतत्स्वमनीषिकयैवोच्यते, उपनिबन्धनमप्यस्यार्षम्- 'अकुपितोऽपि कुपित इव' इति।

द्वितीयाङ्गसमर्थितस्त्रीपरिज्ञाध्ययनपरिचितस्त्रीचरितानात्मसंरक्षणं नाऽसुलभम्। को हि विज्ञाय विषलिप्तकण्टक-मृगपाश-नीवार-विषमिश्रित-पायस - वह्नि- शस्त्रादितुल्यासु प्रमदासु विस्रम्भमवलम्बेत ?

---

જો આમાંથી બચવું હોય તો સ્ત્રી પ્રત્યે અત્યંત વૈરાગ્ય કેળવીને તદ્દન નકારાત્મક-કઠોર વલણ રાખવું પડે. સાધુનું વ્યક્તિત્વ-વૃત્તિ જ એવી જોઈએ કે સ્ત્રીઓ તેની પાસે પણ આવતાં ગભરાય. વાત કરવાની કે બેસવાની તો વાત જ ક્યાં રહી ?

માટે જ શાસ્ત્રોમાં કહ્યું છે કે સાધુ ગુસ્સે ન થયો હોય, પણ જાણે તે કુપિત થયો હોય એ રીતે સ્ત્રી સાથે (ન છૂટકાના અવસરે) વાત કરે. ભોગજીવનનું રહસ્ય એ છે કે સ્ત્રી સાથે કોમળતાથી વર્તાવ કરવો. માટે જેને બ્રહ્મચર્યનું પાલન કરવું છે તેને તો વિપરીત પ્રયોજન છે માટે તેણે તો સ્ત્રી સાથે કઠોર વૃત્તિ જ રાખવી પડે.

એવા સાધુની કરુણદશાનું અને સ્ત્રીની ચાલબાજીનું વર્ણન સૂત્રકૃતાંગ સૂત્રના સ્ત્રી પરિજ્ઞા નામના અધ્યયનમાં કર્યું છે - બીજાને કેમ પોતાને સ્વાધીન કરી દેવો એ સ્ત્રી બહુ સારી રીતે સમજે છે. એ સાધુ પાસે લાંબો સમય બેસે છે, સાધુની નજીક બેસે છે. આંખ વગેરેના વિકારો કરે છે. કપડાં સરખા કરવા વગેરે બહાનાથી પોતાના અંગોપાંગ પ્રગટ કરે છે. મીઠી મીઠી વાતો કરે છે. સારી સારી વસ્તુઓના પ્રલોભનો આપે છે. ધીમે ધીમે પોતાની જાળ બિછાવવા લાગે છે. એવી વાતો-વર્તાવ કરે છે કે એ સાધુને પોતે સંપૂર્ણ સમર્પિત છે. એને જ આધીન છે. શ્રાવિકા બનવાના બહાને,

छिन्नहस्तपादौष्ठनासानां शतवर्षवयसामपि वनितानां वर्जनमागमोक्तं न निष्कारणम्। बलवत्त्वादिन्द्रियाणां, विषमत्वाद्विषयपिपासायाः, चञ्चलत्वाच्चित्तस्य, दुर्लङ्घ्यत्वात्कर्मविपाकानाम्, छलान्वेषित्वान्मन्मथस्य तच्छलितानां विनिपात एव। यच्चित्रमपि चारित्रचीरचौरम्, तासु किं चित्रम्?

त्रिलिङ्गेषु स्त्रीप्रयोगेण माधुर्यमाह्लादश्चेत्यनुशासनम्, अनादिकु-

---

ધર્મોપદેશ સાંભળવાના બહાને સ્ત્રી સાધુની નજીક આવવા પ્રયત્ન કરે છે.

સૂત્રકાર સ્પષ્ટ કહે છે કે સ્ત્રી એ ઝેરથી લેપાયેલો કાંટો છે. એની આ બધી વર્તણુક હરણિયાઓને પકડવાની જાળ જેવી છે, સિંહને પકડવા માટે માંસના પ્રલોભનો જેવી છે.

દશવૈકાલિક સૂત્ર કહે છે - કૂકડાના નાનકડા બચ્ચાને જેવો બિલાડીથી ભય છે - જરા બહાર આવે, જરા ગાફેલ રહે અને એક તરાપ મારીને જીવતો ફાડી ખાય - ટસથી મસ ન થઈ શકે.. બસ એવો જ ભય બ્રહ્મચારીને સ્ત્રી-શરીરથી છે. પ્રશ્ન થાય કે સ્ત્રીથી છે એમ ન કહેતાં સ્ત્રી - શરીરથી છે એવું કેમ કહ્યું ? વૃત્તિકાર જવાબ આપે છે - 'मृतशरीरादपि' સ્ત્રીનું મડદું હોય, એનાથી પણ બ્રહ્મચારીને જોખમ છે. એટલે જ તો સ્ત્રીના ફોટા જોવાનો પણ નિષેધ કર્યો છે. એવા ફોટાવાળું સાહિત્ય ઉપાશ્રયમાં આવે કે એવા ચિત્રો-વાળા મકાન/ઉપાશ્રયમાં સાધુ રહે એ કોઈપણ સંજોગોમાં ચાલી શકે નહીં.

અરે, જેના હાથ, પગ, હોઠ ને નાક કાપી નાખ્યા છે એવી ૧૦૦ વર્ષની વૃદ્ધાનું પણ બ્રહ્મચારીએ વર્જન કરવું. એવું દશવૈકાલિક સૂત્રનું સ્પષ્ટ ફરમાન છે. અને આ ફરમાન નિષ્કારણ નથી. ઈન્દ્રિયો બળવાન છે, વિષયતૃષ્ણા વિષમ છે, ચિત્ત ચંચળ છે, કર્મના ઉદયો દુર્લંઘ્ય છે અને કામ છલાન્વેષી છે માટે આવી પરિસ્થિતિમાં જેમને કામ છળી જાય, તેમનું પતન થયા વિના રહેતું નથી. ખરેખર, જેમનું



वासनाप्राबल्ये किमतः परं प्रमाणम् ? प्रबलतरगुप्तिपालनमपि किं नावश्यकम् ?

स्त्रियां धर्माक्षराण्यपि मुनीनां विषमिति श्रीपूज्याः। निमित्तवर्जनं हि ब्रह्मसिद्ध्युपनिषत् परा। नात्र क्रोधापणक्षमावाणिज्यन्यायः, आश्चर्य-

---

ચિત્ર પણ ચારિત્રચીરનું ચોર છે = ચારિત્રનું અપહરણ કરી દે છે, એવી સ્ત્રીઓ સંયમીનો વિનાશ નોંતરે એમાં શું આશ્ચર્ય છે ?

એક ગજબની વાત કહું ? કાવ્યશાસ્ત્રોમાં કવિઓને એવી શિક્ષા અપાય છે કે તેમના કાવ્યો વધુને વધુ મધુર અને પ્રિય બની શકે, લોકોને તરત ગમી જાય. એના ઉપાયો બતાવતા બતાવતા એક ઉપાય એવો બતાવ્યો છે કે - કેટલાક શબ્દો ત્રણે લિંગમાં હોય છે, જેમ કે 'तटः, तटी, तटम्' આવા શબ્દોનો પ્રયોગ કરવાનો હોય ત્યારે સ્ત્રીલિંગ શબ્દનો પ્રયોગ કરવો. જાતને પ્રશ્ન પૂછો - શું ગમે છે ? સમત્વ કે સમતા ?

અનાદિકાળની મૈથુનસંજ્ઞા કેવી એક મેક થઈને આત્મામાં ઘર કરી ગઈ હશે... આપણે જાણીએ પણ નહીં એવું એનું સામ્રાજ્ય આપણા પર છવાઈ ગયું છે. ચારે બાજુ દુર્નિમિત્તો ઉભરાઈ રહ્યા છે. લાજ-શરમ-મર્યાદાને ફગાવી દેવાની સ્પર્દ્ધા ચાલી છે. એવા સમયે બ્રહ્મચર્યની વાડોનું વધુ કડક પાલન આવશ્યક છે.

આચાર્ય ભુવનભાનુસૂરિજીને કો'કે કહ્યું - 'અમુક બેનના અક્ષર ખૂબ સુંદર છે. આપને કે આપના પરિવારમાંથી કોઈ મહાત્માને નોટ વગેરે લખાવવી હોય તો લખાવી શકાય.' પૂજ્યશ્રીએ સ્પષ્ટ જણાવી દીધું કે, 'સ્ત્રીના અક્ષર પણ મારા કે મારા સાધુ માટે ઝેર સમાન છે.'

બ્રહ્મસિદ્ધિનો રામબાણ ઉપાય છે નિમિત્તથી દૂર રહેવું. ક્રોધના બજારમાં ક્ષમાનો વેપાર થાય, એવો ન્યાય અહીં ન ચાલી શકે.

भूतत्वाच्छकटालसुतस्य।

स्त्रीवशानामुभयलोकविडम्बनाः सूत्रकृतवर्णिताः श्रुता अपि कस्य न स्त्रीनिर्वेदावहाः ? श्रामण्यस्थितानां कुलीनानां सशूकानां का भोगविशेषस्पृहाऽपि ? का च क्षणिकरूपादिविषयसेवनेन निर्मलशीलकलुषीकरणे चातुरी ? प्रशमसुधारससरोऽवगाहनजनिताह्लादात् स्त्रीरूपादिध्याने कः परः प्रमोदः ?

महाव्रताष्टादशशीलाङ्गसहस्रपर्वतवहनव्यवसितस्य युवतिव्यतिकरे-

---

સ્થૂલભદ્રસ્વામિ તો એક અચ્છેરા જેવા હતાં એટલે જ તો ૮૪ ચોવીશી સુધી તેઓ અમર બની જવાના છે.

એક વાર સ્ત્રીને વશ થયાં પછી જે દુર્દશા થાય છે, આ ભવમાં જ એના દુષ્પરિણામો ભોગવવા પડે છે. પરલોકમાં જે અસહ્ય-ભયંકર દુઃખો સહેવા પડે છે, એનું સૂત્રકૃતાંગકારે કરેલું વર્ણન વાંચીને હૃદય કંપ્યા વિના ન રહે.

આપણે દુરાચાર સેવવો નથી. ઓછે વત્તે અંશે પણ બધાને એક લાગણી છે- વેશને વફાદાર રહેવાની-જીવનપર્યંત એને વળગી રહેવાની. હવે ભોગવી ભોગવીને શું ભોગવવાનું હતું ? એક-બે ક્ષણ માટે રૂપનું દર્શન... શબ્દોનું શ્રવણ... એટલા માટે થઈને આખા જીવનની ઉગ્ર સાધના – બ્રહ્મચર્ય પર પાણી ફેરવી દેવાની મૂર્ખામી કોણ કરે ? આખા દિવસની એ બે-ચાર ક્ષણ જાણે સાધનાનું ગળુ મરડી નાંખીને આરાધનાના પ્રાણ હરી લે. સંયમનો ઉત્સાહ મરી પરવારે. જે મનથી ધર્મધ્યાન ને શુક્લધ્યાનની ધૂણી ધખાવવાની હતી, હજારો ગાથાના સ્વાધ્યાય કરવાનાં હતાં, શાંત-સુધારસમાં ઝીલવાનું હતું, પરમતત્ત્વમાં લયલીન થવાનું હતું, એ જ મન કો'ક સ્ત્રીનાં અંગોપાંગ ને શબ્દાદિનું ધ્યાન કરી.. ચીકણા કર્મોનો બંધ કરી કરીને..સાવ પરવશ-નિરુત્સાહ-કાયર ને નિઃસત્ત્વ થઈ જાય



णोभयभ्रष्टतेति समयविदः। स्वार्थभ्रंशो हि मूर्खता, तत्स्मृतिभ्रंशस्त्वधिकतरा।

सदुक्तं - मृगनयनीनीरनिधिनीरनिमज्जितमखिलं जगत्। अनन्तलोकमितनिगोदजीवाः, असङ्ख्यतन्मिता एकेन्द्रियाः, विकलनिरयिप्रभृतयोऽसङ्ख्याश्च सततं तृतीयप्रकृतयस्तद्वेदवेदयितारः। कृश-काण-खञ्ज-श्रवणपुच्छविकल-क्षुधाक्षाम-जीर्णपिठरकगल-पूयक्लिन्नव्रण-कृमिकुलवसतिः

---

એનાથી વધુ દુઃખની વાત શું હોઈ શકે ?

ઉપદેશમાલા ગર્જના કરીને કહે છે કે સાધુએ તો મહાવ્રતોરૂપી પર્વતોનો ભાર ઉપાડવાનો છે. પ્રતિક્ષણ અઢાર હજાર શીલાંગોને વહન કરવાનાં છે. એ જ એનું જીવન છે. સ્ત્રી પ્રસંગથી તો તેનો શીલરૂપી મહેલ કડડભૂસ થઈને પડી જાય. એ ઉભયભ્રષ્ટ થઈ જાય કારણ કે શ્રાવકના આચાર તો તેની પાસે છે જ નહીં, અને સાધુના આચારોને તે છોડી રહ્યો છે.. 'जइत्तणं उभयओ भट्ठं।' ઉભયભ્રષ્ટનો બીજો અર્થ આ પણ થઈ શકે કે એક તો જે અઢાર હજાર શીલાંગાદિ સાધ્વાચાર છે - જે કરણીય છે એ નથી કરતો અને બીજી બાજુ જે ન જ કરવું જોઈએ એ હોંશે હોંશે કરે છે તો આ બંને રીતે શ્રામણ્ય ભ્રષ્ટ થઈ રહ્યું છે.

પરમર્ષિ જાણે નિસાસો નાંખીને કહે છે કે આખું જગત સ્ત્રીસમુદ્રમાં ડુબેલું છે. કેવી દયનીય દશા !... નિગોદના અનંત અનંત જીવો કારમા નપુંસકવેદને ભોગવી રહ્યાં છે. સ્ત્રીના સાન્નિધ્યથી એકેન્દ્રિયોની ભાવેન્દ્રિયો સળવળી ઉઠે છે. પછી વિકલેન્દ્રિયાદિની તો શું વાત ! નરકની અસહ્ય વેદનામાં ય નારકો નિર્વિકાર દશાને નથી પામી શકતા... કેટલી વિચિત્રતા ! કાણો, કૂબડો, લંગડો, ઘરડો, રોગી, ઘાયલ, લોહી ને પરુથી ખરડાયેલો, કીડીઓથી ખદબદતો, કાન ને પૂછડી વગરનો અત્યંત અત્યંત બીભત્સ એવો

श्वाऽपि शुनीमन्वेतीति। सत्यम्- हतमपि हन्त्येव मदनः। मनुजविडम्बना अपि प्रत्यक्षसिद्धाः। परमशुचिदिव्यरूपैश्वर्याणामच्युतान्तसुराणामपि कदाचिदतिपशुविण्मूत्रबीभत्समनुष्यवनितासु निधुवनविडम्बना इति काऽतः परा शोच्यता ?

कोऽत्रापवाद इत्याशङ्क्याह **महात्मे**ति। तदेवास्य महात्मत्वम्,

---

કૂતરો પણ કૂતરીની પાછળ દોડે છે. ઓ કામ ! તું તો હણાયેલાને ય હણે છે. મનુષ્યોની વિડંબના તો પ્રત્યક્ષ સિદ્ધ છે. અસંખ્ય દેવોનો સ્વામિ... લાખો વિમાનોનો માલિક... પરમ ઐશ્વર્યવાળો ઈન્દ્ર પણ ઈંદ્રાણીના પગમાં પડે... હવે તો કહેતાં ય શરમ આવે પણ શાસ્ત્ર કહે છે કે બારમા દેવલોકનો દેદીપ્યમાન, પરમ પવિત્ર રૂપવાળો દેવ પણ કામાંધ બને... વાસનાથી વિહ્વળ બને ત્યારે બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય અને મનુષ્ય લોકની મળ-મૂત્રથી ભરેલી અત્યંત દુર્ગંધી સ્ત્રી સાથે પશુક્રીડા કરે.. હાય.. આપણા અને ભૂંડણ વચ્ચે જે અંતર છે એનાથી કેટલાય ગણું અંતર એ દેવ અને મનુષ્યસ્ત્રી વચ્ચે છે. ફટ્ રે કામ... કેવી તારી વિડંબના.. કેવી લજ્જા ને ઘૃણા ઉપજાવે એવી તારી કાળી કરતૂતો.. આખી દુનિયા પર કેવું તારું સામ્રાજ્ય...

પરમર્ષિએ આ આખા સ્વરૂપને જ્ઞાનચક્ષુથી સાક્ષાત્ જોયું અને એમના મુખમાંથી શબ્દો સરી પડ્યાં - 'स्त्रीसमुद्रेऽत्र गम्भीरे, निमग्नमखिलं जगत्' શું આમાં કોઈ જ અપવાદ નહીં ? આખી દુનિયામાંથી કોઈ જ બાકાત નહીં ? આખી દુનિયા એ જ સમુદ્રમાં ડુબેલી છે ? પરમર્ષિ ઉત્તર આપે છે કે હા, પણ આમાં એક અપવાદ છે, કો'ક મહાત્મા એ સમુદ્રમાંથી ઉન્મજ્જન કરે છે - પોતાના આત્માને એમાંથી બહાર કાઢે છે.

આપણે જરા પરમર્ષિના ધ્વનિના હાર્દને પામીએ. વાસ્તવમાં



यदत्रापवदनम्। स्त्रीविषयज्ञानानधिकरणत्वं हि तत्त्वम्। वेशादि तु सुलभमन्यत्र।

स्त्रीत्यार्योपलक्षणम्। सैवानुपमबन्धनं निन्द्यतादायिनी मुनिमशकश्लेष्मेत्यागमज्ञाः। सकृद्दर्शनम्, ततः परिचयः, ततस्तद्दाढर्यम्, ततोऽपि विस्रम्भः, ततः प्रणयः ततश्च शतमुखो विनिपातः। एतद्विषयबधि-

---

પરમર્ષિ એમ નથી કહેતાં કે મહાત્મા ઉન્મજ્જન કરે છે. પરમર્ષિ કહે છે કે જો કોઈ ઉન્મજ્જન કરતું હોય તો એ મહાત્મા છે.

પરમર્ષિનો ઈશારો એટલો જ છે કે વેશ તથા બાહ્યાચાર તો નાટકિયામાં પણ હોઈ શકે. એનાથી મહાત્મા નથી થવાતું. મહાત્મા થવું હોય તો તમારી ડિક્ષનેરીમાંથી 'સ્ત્રી' શબ્દ કાઢી નાંખો.

અહીં સ્ત્રી માટે જેટલી વાત કરી, એ જ વાતો સાધ્વી માટે પણ સમજી લેવી જોઈએ. એટલું જ નહીં સાધ્વી માટે તો એનાથી પણ વિશેષ સાવધાની જોઈએ એવું શાસ્ત્રકારોનું સ્પષ્ટ બયાન છે. સંવેગરંગશાલાકાર કહે છે સાધુને માટે સાધ્વી એ એક એવું બંધન છે કે એની કોઈ જ તુલના નથી. સાધ્વીના સંસર્ગથી જ્ઞાની અને તપસ્વી સાધુ પણ અવશ્ય નિંદાપાત્ર થાય છે. ધીમે ધીમે એ પરવશ થઈ જાય છે. શ્લેષ્મમાં ફસાયેલી માખીની જેમ પોતાની જાતને છોડાવી શકતો નથી.

સ્ત્રી હોય કે સાધ્વી... વંદનાદિ કોઈ પણ કારણસર સંપર્ક થાય.. તેમાંથી પરિચય થાય.. તેમાંથી ગાઢ પરિચય થાય.. પછી વિસ્રંભ-પરસ્પરની અત્યંત વિશ્વસનીયતા થાય.. પછી આ વિસ્રંભ અનેક પ્રકારનો વિનાશ નોંતરે છે. માટે બચવું હોય તો પહેલાંથી જ સ્ત્રી માટે આંધળા-મૂંગા-બહેરા બની જવું જોઈએ.

પ્રભુ વીર કહે છે - 'હે ગૌતમ ! જે ગચ્છમાં બોખા-અત્યંત વૃદ્ધ સાધુઓ પણ સાધ્વી સાથે વાત સુદ્ધા નથી કરતાં એને જ હું

रान्धमूकत्वं हि विनिपातविमुक्त्युपायः। विगतदशनातिस्थविराणामपि यत्रार्याऽऽलापवर्जनं स गच्छः, वृन्दमतोऽन्यदिति तीर्थकराः। श्रमण-वसतिगामिन्योऽकालचारिण्यः श्रमण्यः, अन्यत्राष्टमीचतुर्दशीवाचना-कालेभ्यः। मुद्राविलोप इति स्वपराहिताभिहिताभियोगः।

उपकरणादिप्रयोजनोऽपि संयतीसंसर्गो वर्ज्य इति श्रीपूज्याः। धीरस्य कृतनिश्चयस्य व्यवसितस्य च न किञ्चिद्दुष्करमिति लोकसिद्धम्।

---

સાચો ગચ્છ કહું છું. અર્થાત્ એવું ન હોય, તો એ ગચ્છ નહીં પણ એક ટોળું જ છે.[૧]

એક માત્ર વાચનાકાળ અને આઠમ-ચૌદસના ખામણા સિવાય સાધુઓની વસતિમાં જે સાધ્વીઓ આવે એમને અકાલચારિણી કહી છે.[૨] આ બધી મર્યાદાઓને છોડવી એ સ્વ-પરના અહિતની પ્રવૃત્તિ છે.

આચાર્ય પ્રેમસૂરિજીએ પોતાના પટ્ટકમાં લખ્યું છે કે સાધુઓએ પોતાના કોઈ પણ કામ સાધ્વીઓ પાસે કરાવવા નહીં. બધાં કામ જાતે શીખી લેવા. અને એ ન શીખાય ત્યાં સુધી ન છૂટકે કરવો પડતો વ્યવહાર પણ સંઘના પ્રૌઢ શ્રાવક દ્વારા જ કરવો, પણ સાધુઓએ સાધ્વીઓના સંપર્કમાં આવવું નહીં.

રસોઈ બનાવવી એ સ્ત્રીનું કામ ગણાય એ વાત સાચી, પણ હજારો લાખો માણસોના પણ રસોડા હોય એનો મુખ્ય રસોઈઓ તથા મોટા ભાગના સહકારીઓ (મહારાજ) પુરુષ હોય છે ને ? આર્થિક પ્રયોજન માટે જેમ બધું શીખી શકાય છે. તેમ આત્મિક પ્રયોજન માટે– ભગવાને બતાવેલ મર્યાદાઓના પાલન માટે અને નિર્મળ બ્રહ્મચર્યના અમૂલ્ય લાભો માટે પણ શીખી શકાય ને ? જે ધીર હોય, નિશ્ચયસંપન્ન હોય અને ઉધમી હોય એના માટે કાંઈ જ

---

૧. ગચ્છાચાર પયન્ના. ૨. ઉત્તરાધ્યયનવૃત્તિમાં ઉદ્ધરણ.



धनादप्यतिमूल्यं संयमधनम्। न च निःसीमचिदा दर्शितानां सीमा। धृत्यादिहानौ त्वधिकतरोपयोग आवश्यक इत्यत्रादृतेन भाव्यम्।

शीलं परं जीवितमित्येव ब्रह्मचरहृदयम्। अन्यथा तु निरपवादता, उन्मज्जनकृद्विरहादिति।

---

દુષ્કર નથી. એ લૌકિક જગતમાં ય સિદ્ધ છે. વળી લૌકિક જગતમાં ધન માટે ઉધમ કરવામાં આવે છે તો લોકોત્તર જગતમાં ધન કરતાં અનેક-અનેકગણા મૂલ્યવાન સંયમધન માટે કેમ ઉધમ ન થઈ શકે ?

ત્રિકાળદર્શી પરમાત્માએ બતાવેલી મર્યાદાઓ ત્રિકાળમાં પાળવા માટે હોય એમાં કોઈ શંકાને સ્થાન નથી. કાળ બગડ્યો છે, તો મર્યાદા વધારવી પડે. એ સમજી શકાય એવી વાત છે.

નજીકના ભૂતકાળમાં એક દેવે પૂર્વભવના મિત્ર એવા મહાત્માને કહેલી વાત – 'આજે કોઈ પ્રભાવ નથી રહ્યા એનું કારણ છે બ્રહ્મચર્યની ખામી. એ ખામી દૂર કરો, સ્થૂલભદ્રસ્વામિનો જાપ કરો અને બ્રહ્મચર્યમાં ખૂબ દૃઢ બનો.

બ્રહ્મચારીને મન એક જ વાત હોય, 'શીલ એ જ મારું જીવન છે.' જીવનની ઉપેક્ષા કોઈ કરે ખરું ? હા, એક સુભાષિત છે. 'तृणं शूरस्य जीवितम्' શૂરવીરને મન જીવન એ તૃણ સમાન હોય છે. પણ એમાં ય સમજવાનું કે એને મન જે જીવન છે - શૌર્ય, એની ઉપેક્ષા તો એ કરતો જ નથી. વાસ્તવ જીવન તો એના માટે જીવન જ નથી, એ તો તૃણ જ છે. કેવી મજાની વાત ! બ્રહ્મચારીને મન શીલ એ જ જીવન.. બાકી બધું તૃણ... પછી બ્રહ્મગુપ્તિના પાલનમાં કોઈ તકલીફ પડે ખરી ? કહ્યું છે ને 'जिताक्षस्य तृणं नारी' પણ હા, જો બ્રહ્મચારી પણ શીલને પોતાનું સર્વસ્વ નહીં માને, તો તો પરમર્ષિએ કહેલ અપવાદ પણ નહીં રહે, કારણ કે એ ગોઝારા સમુદ્રમાંથી ઉન્મજ્જન કરનાર કોઈ નહીં હોય. ।।૧૫।।

ननु किं हीनसत्त्वस्य शीलपालनमशक्यमेवेत्यारेकायामाह–

**दूरे दूरतरे वाऽस्तु, खड्गधारोपमं व्रतम्।**
**हीनसत्त्वस्य[1] ही चिन्ता[2], स्वोदरस्यापि पूरणे।।१६।।**

तादृशी जघन्यताऽस्य, का दुर्धरशीलपालनाऽऽशङ्कापीत्यभिप्रायः। तिक्खं कमियव्वं - इति पारमर्षम्, तदप्युपमामात्रमिति तत्त्वविदः। तादृग्दुष्करकरणे निजोदरभरणव्यग्रमतीनां निःसत्त्वानां विचारोऽपि कः?

શું ખરેખર નિઃસત્ત્વ જીવો શીલ ન જ પાળી શકે ? આ પ્રશ્નનો જવાબ આપતાં પરમર્ષિ કહે છે -

**તલવારની ધાર જેવા શીલની વાત તો ક્યાંય દૂર છે. નિઃસત્ત્વ જીવોને તો પોતાનું પેટ ભરવાની પણ ચિંતા હોય છે. ।।૧૬।।**

આગમમાં ચારિત્રપાલન માટે એક અદ્ભુત શબ્દ વાપર્યો છે. '**तिक्खं कमियव्वं**' તીક્ષ્ણ-તલવારની ધાર પર ચાલવું એના જેવું શીલનું પાલન છે. તલવારની ધાર પર ચાલતાં એક તો બેલેન્સ જાય અને બીજું પગ છેદાઈ જાય. કેટલું દુષ્કર ! તો ય વાસ્તવમાં એ શીલપાલનની તોલે આવી શકે તેમ નથી આ તો બાળજીવોને સમજાવવા ઉપમા માત્ર આપી છે. એટલે જ તો આનંદઘનજી મહારાજે લલકાર્યું છે. 'ધાર તલવારની સોહિલી દોહિલી ચૌદમા જિન તણી ચરણ સેવા...'

પરમર્ષિ કહે છે – એ તલવારની ધાર જેવા શીલનું તો શું પૂછો છો ? નિઃસત્ત્વ જીવો એટલી નીચી કક્ષાએ હોય છે કે પોતાનું પેટ ભરવાની બાબતમાં ય દીન હોય છે. શીલની ઐસી કી તૈસી કરીને પણ એને મન જીવનનું ગાડુ ગબડાવવું એ જ મોટી વાત હોય છે. જાણે એ જ જીવનનું લક્ષ્ય હોય છે.

१. क-ख-ग- हीनचित्तस्य । २. क- चिंत्ता ।



शीलदरिद्राणां भोजनादिचिन्ताविरहोऽपि पापानुबन्धिपुण्योदयः। न तु सत्त्वफलम्। मुग्धजनप्रतारणमात्रं चैतत्, अस्थानोपासनरूपत्वात्।

वैषयिकसुखान्वेषिणां मुमुक्षुवेशो विडम्बनाऽवधिः, अन्वाह च- गृहीतलिङ्गो विषयाभिलाषी विडम्बनं नास्ति ततोऽधिकं हि - इति। पुरोहितत्वं शीघ्रनरकदमिति लौकिकाः। स्वार्थपरत्व-कर्तव्यच्युति - मुग्धप्रतारण - धर्मद्रोह-विश्वस्तवञ्चनानां किमपरं फलम् ? धान्यकणमात्रा-योग्यस्य घृतपूरभोजिनः किं नाजीर्णं मरणं वा ?

असत्प्रायःसंयमतपोभिर्नोपकरणादिनिष्क्रयोऽपीति भदन्ताः। तत-

જે શીલદરિદ્ર હોય, સુખશીલ જીવન જીવતા હોય, એક માત્ર ભૌતિક સુખની શોધ અને તેના ભોગવટામાં જ દા'ડા પૂરા થતાં હોય અને અભીષ્ટ લાભ થતો હોય તો પાપાનુબંધી પુણ્યનો ઉદય સમજવો જોઈએ. એ કાંઈ સત્ત્વનું ફળ નથી. એ તો મુગ્ધ લોકોને છેતરવા બરાબર છે કારણ કે તેઓની ભક્તિ અસ્થાને છે.

કો'કે માર્મિક વાત કરી છે. તમારે નરકે જવું છે ? તો તમે કોટવાળ બનો, જલ્દી નરકે જવું છે ? તો તમે વૈદ બનો. ખૂબ જ જલ્દી નરકે જવું છે ? તો તમે ધર્મગુરુ બનો. જે સ્વાર્થમાં તત્પર થઈને કર્તવ્ય ચૂકી જાય, ભોળા લોકોને ભરમાવે, ધર્મદ્રોહ કરે, અને વિશ્વાસઘાત કરે તેને બીજું કયું ફળ હોઈ શકે ? યોગ્યતા વિના મોટું પદ ઘાતક નીવડે છે. જેમ કે અનાજનો દાણો ય ન પચાવી શકે એ ઘેબર ખાય તો કાં તો અજીર્ણ થાય ને કાં તો મૃત્યુ પામે.

અધ્યાત્મકલ્પદ્રુમમાં એવા સુખશીલ સાધુને ચોખ્ખે ચોખ્ખુ કહેવામાં આવ્યું છે, 'તું જેવા સંયમ અને તપ પાળે છે એનાથી તો તારા ઉપકરણ વગેરેનું ભાડુ પણ પૂરું થાય તેમ નથી, તો પછી તને દુર્ગતિથી બચાવવા કોણ સમર્થ છે ?

ચપ્પુ પકડતા ન આવડે તો શું થાય ? સાવ બેઢંગી રીતે

श्चाशरणं निरयनिपातः। तथाहुराचार्याः - 'दुर्गृहीतं यथा काण्डं हस्त-मेवावकृन्तति। श्रामण्यं दुष्परामृष्टं नरकानुपकर्षती'-ति।

ततश्चानीतितूलिकां नरकजाज्वल्यमानज्वलनाह्वाहनरूपां सन्त्यज्य खड्गधारोपमव्रतचर्याविधौ धृतिर्विधेयेत्यत्र तात्पर्यार्थः।।१६।।

अथ निःसत्त्वस्योदरभरणचिन्तायाः परोक्षत्वेन किमत्र लिङ्गमिति पृच्छन्तं प्रत्याह–

**यत् तदर्थं गृहस्थानां, बहु चाटुशतानि सः[1]।**
**बहुधा च करोत्युच्चैः, श्वेव[2] दैन्यं प्रदर्शयन्।।१७।।**

---

તલવાર ફેરવવા માંડે તો શું થાય ? શાસ્ત્ર કહે છે કે સાધુપણું તલવાર જેવું છે. આ અતિ અતિ તીક્ષ્ણ ધારવાળી તલવાર છે. તમે બરાબર ચલાવો એટલે કર્મશત્રુઓનો ખાત્મો બોલાયા વિના ન રહે. પણ તમે ગાફેલ રહ્યા. તમે તલવારનો દુરુપયોગ કર્યો. તમે એને સમ્યક્ પકડવાની ય ઉપેક્ષા કરી એટલે તમારો પોતાનો જ ખાત્મો બોલાયા વિના ન રહે. પંચવસ્તુકની ટીકામાં પૂ.હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે - શ્રામણ્યના દુરુપયોગથી સાક્ષાત્ નરકને આમંત્રણ અપાય છે. 'श्रामण्यं दुष्परामृष्टं नरकानुपकर्षति।' માટે સ્વાચારત્યાગરૂપી અનીતિના ગાદલામાં સુવું એ તો નરકની ધગધગતી જ્વાળાઓના આહ્‌વાહન જેવું છે. માટે તેનો ત્યાગ કરીને ખડ્ગની ધાર જેવી વ્રતચર્યામાં ધૃતિ કરવી જોઈએ એવું અહીં તાત્પર્ય છે.

નિઃસત્ત્વને પેટ ભરવાની ચિંતા હોય છે એ જ વાતને સાબિત કરતાં પરમર્ષિ કહે છે -

**એના માટે તે કૂતરાની જેમ દીનતા બતાવે છે અને અનેક રીતે ગૃહસ્થોની ઘણી ચાપલૂસી કરે છે. ।।૧૭।।**

---

१. ख - वः । २. ग - श्वव ।



वैषयिकसुखलिप्साविधुरितास्वनितानां विमुक्त-स्वाचार-मानधनानां विस्मृतात्मनां श्ववृत्तिरपि न त्रपावहा। गजपुङ्गवस्तु धीरं विलोकयति चाटुशतैश्च भुङ्क्ते। स्मर्तव्यं चात्र गृहिदेहोपकारायेत्यार्षम्।

शब्दादिभ्योऽप्यनीन्द्रियविषयो भावो दुर्मोक्षः। दुरापश्चात्र शुभेतर-

---

**જેમનું હૃદય વિષયસુખની તૃષ્ણાથી વિધુરિત થઈ ગયું છે, જેઓએ પોતાનો આચાર નેવે મુક્યો છે. જેઓ એ પોતાનું સ્વમાનધન પણ છોડી દીધું છે, એટલું જ નહીં પોતાનું સ્વરૂપ પણ ભૂલી ગયા છે. એવા આત્માઓને તો કૂતરા જેવી વૃતિ પણ શરમજનક નથી થતી.**

કૂતરો ને હાથી બંને પેટ તો ભરે જ છે. પણ કૂતરો એને ખવડાવનારની બેહદ ચાપલૂસી કરે છે. ઉછળી ઉછળીને આગલા પગ તેની પાસે ટેકવે છે. પૂંછડી પટપટાવે છે. જાણે વાણીના ભાગની ચાપલૂસી પણ એનું શરીર જ કરી દે છે. અને હાથી એના ખવડાવનારને થકવી દે છે. પેલો કેટલી વાર ભાઈ-બાપા કરે ત્યારે માંડ માંડ ખાય છે, જાણે ખવડાવનારને ગરજ હોય. અષ્ટક પ્રકરણમાં પૂ.હરિભદ્રસૂરિજીએ એક માર્મિક વાત કહી છે. ભિક્ષાચર્યાના બે ઉદ્દેશ છે. એક તો ગૃહસ્થ ઉપર ઉપકાર કરવા માટે અને બીજા નંબરમાં શરીર પર ઉપકાર કરવા માટે. અહીં પહેલા નંબરમાં ગૃહસ્થ પર ઉપકારનો ઉલ્લેખ કર્યો એ પણ પ્રસ્તુતમાં સંવાદી છે.

પોતાની વૈષયિક કામનાઓને પૂરી કરવામાં નિઃસત્ત્વ જીવ પોતાનું ખમીર ગુમાવી દે છે. દીનતા કરે છે. ગૃહસ્થોની ખુશામત કરે છે. કેવી વિષયોની ગુલામી ! કેવી વિડંબના !

પેટ ભરવું એ તો ઉપલક્ષણ છે. પાંચે વિષયોની પ્રાપ્તિ એનાથી સમજી લેવાની છે. અને હજી મહત્ત્વની વાત કહું ? શબ્દ વગેરે પાંચ ઈન્દ્રિયોના વિષયો છે. પણ ઈન્દ્રિયોનો બાપ છે મન. અને મનનો

विवेकः। न हि संयतानुचितचैत्यादिप्रवृत्तावपि विषयाभिलाषदर्शनं प्रायः। उचितेषु तु समुद्रकारुणिकसंयतप्रवृत्तौ न कञ्चिद्दोषमुत्पश्यामः, किन्तु दुर्लभा सा। असम्भवश्चास्यां चाटुवृत्तेः, समुद्रत्वादेव। चाटुरिति स्वाचारभ्रंशो नीरसपुण्योदीरणं लाघवं धनमुख्यत्वमतिः कुवासनापोषः सङ्क्लेशनिमन्त्रणं

---

વિષય છે - ભાવ. ઉત્તરાધ્યયન સૂત્રમાં શબ્દાદિ વિષયોની પરવશતાની જે ભયંકરતા બતાવી છે એવી જ ભયંકરતા 'ભાવ' ની પરવશતાની પણ બતાવી છે. આ વિષયનો ત્યાગ કરવો સરળ નથી. વળી અહીં શુભાશુભનો વિવેક થવો પણ દુર્લભ છે. કારણ કે સંયતને અનુચિત એવી પણ ચૈત્યાદિની પ્રવૃત્તિ હોય, તેમાં - આ વિષયાભિલાષ છે - એવું પ્રાયઃ લાગતું નથી.

શક્ય છે કે હું આયંબિલની ઓળીઓ કરતો હોઉં, શક્ય છે કે હું મિઠાઈ વગેરેનો સંપૂર્ણ ત્યાગી હોઉં, શક્ય છે કે હું સાવ મેલા કપડાં વગેરે ઉગ્ર આચારોનું પાલન કરતો હોઉં. પણ અનિન્દ્રિય-મનને હું આધીન હોઈશ એટલે હું પણ ગૃહસ્થની ચાપલૂસી કર્યા વિના નહીં રહું. પછી ચાહે એમાં નિમિત્ત પુસ્તકમુદ્રણ હોય, કે મારા ગુરુ કે મારા કોઈ પ્રસંગની ઉજવણી હોય.... કોઈ દેરાસર-ઉપાશ્રયાદિ કરાવવાની તમન્ના હોય કે કોઈ ક્ષેત્ર જોઈતું હોય... ચાહે ગમે તે નિમિત્ત હોય. શાસ્ત્રની દૃષ્ટિમાં મોટે ભાગે એ પણ વિષયા-ભિલાષ છે.

હા, લોકસંજ્ઞાથી તદ્દન મુક્ત નિરાશંસ ભાવે એક માત્ર કરુણા ને કલ્યાણની ભાવનાથી વિશિષ્ટ કાર્યોમાં મર્યાદાનુસાર નિમિત્ત બની શકાય. પણ એવી યોગ્યતા-અધિકારાદિ કેટલામાં ? વળી એવી વ્યક્તિ કદી ગૃહસ્થોની ચાપલૂસી કરે નહીં. કારણ કે એ સમર્યાદ છે. એને એવું કરવાની જરૂર પણ પડે નહીં ?

સાવ રસ-કસ વગરનાં રહ્યા-સહ્યા પુણ્યની ઉદીરણા કરી કરીને,



च, परेयमात्मविडम्बना। संयतकृतधनोद्ग्राहणमिति श्राद्धहृदयस्थसंयमादृति-संयतनिःस्पृहताशैलवज्राशनिः। ततश्च न काचिच्छुभाशा। न च स्वाभि-प्रायसुन्दरं तदेव, आह च– 'सुन्दरबुद्धीइ कयं बहुयं पि न सुंदरं होइ' इति।

ततश्च प्रभावनादिमिथ्याभिमानः। यत्प्रयुक्ता बहुजनेषु जिनशासन-

---

પોતાના વેશનું અને પોતાનું લાઘવ કરાવીને, વાણી અને વિચારોના કેન્દ્રસ્થાને પૈસાને ગોઠવીને, ધર્મને નામે અનાદિના કુસંસ્કારોને પોષીને, હાથે કરીને ઉપાધિ- સંક્લેશ-વિડંબના વહોરી લેવાનું આ આચરણ ગંભીરતાથી વિચારણીય છે. આવા આચરણથી સાધુસંસ્થા પ્રત્યેનો આદર અને તેમની નિઃસ્પૃહતા પ્રત્યેનો વિશ્વાસ તૂટી જાય છે. થોડા સમય પહેલા એક સંઘપ્રમુખની સાંભળેલ વાત, તેમના જ શબ્દોમાં - 'આજે કોઈ પણ સાધુ હોય કે સાધ્વી. બધાં જ કોઈને કોઈ પ્રોજેક્ટમાં પડ્યાં છે. અમારે ત્યાં ય કામ ચાલે છે. મહારાજનો મારા પર ફોન આવે છે. અમારા સંસારની કોઈ પરવા નથી. આરાધનાની કોઈ પૃચ્છા નથી. ધર્મલાભ પણ નથી કહેડાવતા ને સીધું પુછાવે છે કે પ્રોજેક્ટનું શું થયું ?' ... વગેરે... વગેરે...

બધા પ્રોજેક્ટમાં પડ્યાં છે એ વાત ભલે સાચી ન હોય. હજારો હૃદયોના સદ્ભાવમાં ઓટ આવી છે, એ વાત તો સાચી કે નહીં ? અને એમનો સદ્ભાવ જો નષ્ટ થતો હોય તો એવી પ્રવૃત્તિથી કલ્યાણની આશા રાખવી નકામી છે. પોતાના અભિપ્રાયથી સુંદર હોય, એ વાસ્તવિક રીતે પણ સુંદર જ હોય એવું જરૂરી નથી. માટે જ ઉપદેશમાલામાં એવી પ્રવૃત્તિને ઉદ્દેશીને કહ્યું છે - આ સુદંર છે એમ સમજીને ઘણું ઘણું કરે, તો પણ એ સુંદર હોતું નથી. આ રીતે 'શાસનપ્રભાવના' કર્યાનું મિથ્યાભિમાન રાખવા જેવું નથી. પૈસા ખરચાવવા એ શાસનપ્રભાવનાની વ્યાખ્યા નથી.

गुणस्तुतिः सा प्रभावनेति समयविदः। विरुद्धं तु स्फुटमेव मालिन्यम्। केवलं दुराग्रहविमुक्तमध्यस्थप्रशान्तचित्तैकवेद्यम्, दुराग्रहस्य तत्त्वप्रतिपत्तिविघ्नत्वात्।

उद्भटरूपनेपथ्ययुवतिजनसङ्कीर्णाध्वनीर्यासमितजिताक्षानगारगमनं पश्यतामपूर्वसद्भावापादकं प्रभावना, लक्षणसमन्वयात्। इत्थमेव रसत्यागप्रधानभिक्षादावपि ज्ञेयम्। प्रभावनेति लोकसम्यक्त्वहेतुः स्वस्य तत्क्षायिकताबीजम्, ततश्च क्षीणसङ्क्लेशता प्रशमादिविभूतिः सर्वसौख्यवशीकारः परमपदावाप्तिश्च। मालिन्यं तु परमिथ्यात्वहेतुः स्वस्य

---

**મહોપાધ્યાયજી કહે છે 'જિનશાસન ગુણ વર્ણના, જેહથી બહુ જન હુંત, કીજે તેહ પ્રભાવના, પાંચમુ ભૂષણ ખંત.'**

**જેનાથી લોકોમાં જિનશાસનની પ્રશંસા થાય તેનું નામ શાસનપ્રભાવના... હવે આ પ્રભાવના છે કે શાસનમાલિન્ય એ તો જ્યારે મધ્યસ્થ દૃષ્ટિએ તેના પરિણામો વિચારીએ તો જ ખબર પડે.**

**મને કહેવાનું મન થાય છે કે જુવાન સ્ત્રીઓ ભર બજારે ઉદ્ભટ વેશે જતી હોય અને મેલાં કપડાંવાળા સાધુ ઉઘાડા પગે નીચા મોઢે ઈર્યાસમિતિનું પાલન કરતાં કરતાં પસાર થઈ જાય, આખું બજાર ચકિત થઈ જાય આનું નામ શાસનપ્રભાવના.**

**મિઠાઈ, ફરસાણ, ફ્રૂટ, મેવો વગેરે ૫૦ આઈટમો પડી હોય. ૨૫ જણ અત્યંત આગ્રહભરી વિનંતિ કરતાં હોય અને મહાત્મા તેના પર દૃષ્ટિ પણ કર્યા વિના - 'કોઈ વાપરનાર નથી.' એમ કહીને સાવ સાદી ગોચરી વહોરીને નીકળી જાય, બધાના હૃદયનો સદ્ભાવ નિસીમ બની જાય, એનું નામ શાસન પ્રભાવના. શાસન પ્રભાવના એટલે લોકોના સમ્યક્ત્વનું અને પોતાના ક્ષાયિક સમ્યક્ત્વનું કારણ. જેનાથી સંકલેશોનો ક્ષય થાય, પ્રશમ વગેરે સમૃદ્ધિ મળે, સર્વ સુખો સ્વાધીન થાય અને પરમપદની પ્રાપ્તિ થાય. શાસનમાલિન્ય તો**



तदुग्रबन्धनिबन्धनम्, ततश्च विपाकदारुणा सर्वानर्थप्रदा संसारवृद्धिः। लक्षणविरोधे लक्ष्यबुद्धिरिति मोहविकारः। ततश्च स्वपरवञ्चना।

धनपदमूकतेत्यनगारगौरवम्। स्वाचारविरुद्धोच्चारः खलु परं स्वलाघवापादनम्, नैष्ठिकोक्तसुरतवत्। सुनिर्वाहेऽयमपि लोभः, समायश्चेति विशेषः। आजीविकादिविविधार्तिभृशानिशार्त्तकृच्छ्रसृष्टधर्ममुग्धोपासकेभ्योऽपि स्वेष्टजिघृक्षेति दुरन्तनिरयनिवाससफलयत्नः।

---

**બીજાને મિથ્યાત્વ પમાડવાનું નિમિત્ત છે. પોતાનો આત્મા પણ તેનાથી ગાઢ અને દુરંત મિથ્યાત્વ પામે છે. જેના પરિણામે ભયંકર અને સર્વ અનર્થોને આપનારી એવી સંસારવૃદ્ધિ થાય છે એવું શ્રીહરિભદ્રસૂરિજીએ અષ્ટક પ્રકરણમાં જણાવ્યું છે. આમ જ્યાં શાસનપ્રભાવનાથી વિરુદ્ધ લક્ષણ છે, એમાં શાસનપ્રભાવના માનવી એ અજ્ઞાનનું પરિણામ છે. છેવટે તો એ પ્રવૃત્તિથી સ્વ-પરની છેતરામણી જ થાય છે.**

**શ્રમણનું ગૌરવ એમાં જ છે કે એ પૈસાનું નામ જ ન લે. પોતાના આચારથી વિરુદ્ધ બોલવું એ પોતાની અત્યંત લઘુતા કરવા બરાબર છે. જેમ કે નૈષ્ઠિક બ્રહ્મચારી (જૈનેતર દર્શન પ્રમાણે આજીવન બ્રહ્મચર્યપાલક) કામભોગ વિષે કહે તો એ જેમ બેહુદુ લાગે, તેના જેવી આ બેહુદી વાત છે. જ્યારે શાંતિ-સમાધિથી આરાધના કરવી સરળ છે, નિર્વાહ થાય છે, ત્યારે આ પણ એક જાતનો લોભ છે. ઉપરથી ધર્મના નામે એ લોભ પોષવો એ માયા પણ છે. આજીવિકા આદિના સેંકડો ટેન્શનોમાં સપડાયેલા ગૃહસ્થો ઘણા કષ્ટથી ધર્મમાં વિનિયોગ કરે છે. એવા મુગ્ધ ભક્તો પાસેથી ય પોતાનું મનગમતું મેળવી લેવાની ઈચ્છા એ તો ભયાનક નરકનું રિઝર્વેશન છે એવું અધ્યાત્મ કલ્પદ્રુમમાં કહ્યું છે.**

**કેવી સંઘની ઉમદા ભાવના.. તમે સંસારના ત્યાગી છો. સંયમના સાધક છો. આપ માત્ર સાધના કરો, બીજી કોઈ ચિંતા કરવાની**

कुटुम्बाधिकवत्सलान् तान् विलोक्य को हि सहृदयो द्रवितहृदयो न स्यात् ? तद्वात्सल्यविद्रोहतस्तु किं नाम श्रामण्यम् ? मार्गानुसारित्वच्युतेः, ततश्च स्फुटमेवानर्हत्वम्। यद्यपि परदाक्षिण्यादिना निर्वाहः, तथापि दुर्निवारो विषविपाकः।

आस्तामेष्यद्विपाकालोचनम्, इहैवाद्यैव सङ्क्लेशादिविडम्बनाः।

---

જરૂર નથી. આપની સેવા એ અમારું પરમ કર્તવ્ય છે.

બદલાપુરનો પ્રસંગ.. ગોચરી માટે એક ઘરમાં ગયો. નાની તપેલીમાં દૂધ.. એ ય અડધી ભરેલી.. જરાક વહોરીને મેં સાફ ના ના કરી.. તરપણી લઈ લઉં તો દૂધ ઢળે. બેનના મોઢામાંથી શબ્દો સરી પડ્યા કે ‘સાહેબ ! વહોરો... અમે તો સંસારમાં બેઠા છીએ. પોતાના પરિવાર કરતાં ય વધુ વાત્સલ્યભાવ સંઘ આપણા પર રાખે છે. તેમને જોઈને કોનું હૃદય પીગળી ન જાય ? એ વાત્સલ્યનો દ્રોહ કરે, તેનું શ્રામણ્ય સંભવિત નથી. કારણ કે ઔચિત્ય-દાક્ષિણ્યતા વગેરે માર્ગાનુસારિતાના ગુણોની હાજરીમાં પણ એવું આચરણ સંભવિત નથી. તો તેવું અસદાચરણ કરનારનું શ્રામણ્ય શી રીતે હોઈ શકે ?

અધ્યાત્મકલ્પદ્રુમમાં કહ્યું છે કે હે શ્રમણ ! કદાચ તારા વેશના પ્રભાવે લોકોની દાક્ષિણ્યતા આદિથી તારી આજીવિકા થઈ જાય પણ પરલોકમાં અત્યંત દુર્ગતિ તો દુર્નિવાર જ છે.

પરલોકની વાત તો જવા દો, આ લોકમાં જ શ્રામણ્યના અદ્‌ભુત આનંદથી વંચિત થઈને સંક્લેશ-અસમાધિના ભોગ બનવું પડે છે. ગૃહસ્થો ટાંટિયા ભેગા કરવા કાળી મજૂરી કરે છે. અપમાનોને સહન કરે છે. ઘરનું ગાડું ગબડાવવા આકાશ પાતાળ એક કરે છે. પત્ની, દીકરાં, પડોશી, બોસ, ઘરાક.... વગેરેની અનેક અનેક ઉપાધિઓથી ત્રાસી ગયો છે. છૂટવાનો કોઈ રસ્તો નથી અને એનું મોઢું ઉદાસીન છે. અને આપણે પરમ સુખી જીવન જીવી શકતા હોવા



गृहगृहिणीपुत्रवाणिज्यादिचिन्तासन्तापविमुक्तस्य परमप्रसन्नतापात्रस्य केयं विदग्धता नाम यत्स्वयमेव स्वविषण्णीकरणम् ? कस्य न शोच्यः सिंहानां श्वत्वाभिलाषः, तत्सफलीकरणयत्नश्च ? श्वाऽपि प्रियसिंहत्वः किञ्चिद्गौरवास्पदम् इति निपुणमालोचनीयम्।

गृहिविनयवर्जनं भगवदभिग्रहः, तदुपदेशश्च। असंयतासनादि नैव प्रेर्यमिति तदाज्ञा। चाटूनां तु कथैव का ? स्वोचित-मधुरव्यवहृतौ तु नासाम्प्रतता, आवश्यका चेयम्। मुद्राव्यतिक्रमो हि निन्द्यमुख्यः। तन्निमित्तादपि विषयाभिलाषबुद्ध्या निवर्त्तने वैदुष्यम्, स्वाचारसुस्थतादि चेति।

---

છતાં હાથે કરીને ઉભી કરેલ ઉપાધિઓથી ઉદાસીન બનીએ એમાં કયું શાણપણ છે ?

પરમર્ષિએ અહીં પરોક્ષ રીતે કહ્યું છે કે - કૂતરાની જેમ ગૃહસ્થોની ચાપલૂસી કરવા જેવી નથી. જે ગૌરવસભર જીવન મળ્યું છે એનો આનંદ લૂંટી શકાય એટલો લૂંટી લેવો જોઈએ.

સિંહની શ્વાનવૃત્તિ શોચનીય છે. એનાથી ઉલ્ટુ કૂતરો પણ જો સિંહવૃત્તિનો ચાહક હોય તો એ ય કાંઈક ગૌરવાસ્પદ છે. આ વાસ્તવિકતા સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારવી જોઈએ.

દર વર્ષે કલ્પસૂત્રમાં વાંચીએ-સાંભળીએ છીએ કે પ્રભુએ સાધનાકાળમાં પાંચ અભિગ્રહો લીધા જેમાંથી એક છે. ‘गृहिविनयो न कार्यः’ જાણે પરમાત્માએ આપણને સંદેશ આપવા માટે જ એ નિયમ લીધો હોય. દશવૈકાલિક સૂત્ર કહે છે કે સાધુથી ગૃહસ્થોને આવો, બેસો, બોલો વગેરે હરગીઝ ન કહી શકાય.

આજથી સંકલ્પ કરીએ, જેમના ભક્તિભાવથી મને આલોકની કોઈ જ ચિંતા નથી એમની સાથે હું મારી મર્યાદામાં ઔચિત્યપૂર્ણ મધુર વ્યવહાર જરૂર કરીશ. પણ મારી મર્યાદાથી નહીં ઉતરું, ઉતરવું પડે એવી કોઈ પણ પ્રવૃત્તિ નહીં રાખું. એ પણ મારો વિષયાભિલાષ

को नामौदासीन्यनष्टभक्ते तत्त्वविदुषां शोकः ?, आत्मतृप्तत्वात्तेषाम्। अन्वाह च - यथा शोफस्य पुष्टत्वं यथा वा वध्यमण्डनम्। तथा जानन् भवोन्माद- मात्मतृप्तो मुनिर्भवेत् इति।

मध्यमबुद्धिनोऽपि वृत्तदर्शिनः, तेऽप्यद्य प्राज्यसङ्ख्याः, कश्च बुधो बालेषु माद्यतीति।।१७।।

अथ निःसत्त्वताप्रकर्षफलमाह–

**त्वमार्या त्वं च माता मे, त्वं स्वसा त्वं पितुःष्वसा[१]।**

**છે એમ સમજીને હું એને મનમાંથી કાઢી નાખીશ.**

**શક્ય છે કે આપણી આચારચુસ્તતાથી અને બીજાના શૈથિલ્યથી આપણા ભક્તો થોડા વિમુખ થઈ જાય. પણ ત્યારે પેલા નરસૈયાની યાદ કરવા જેવી છે - 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રી ગોપાળ. યાદ રહે.. જ્ઞાનીઓને મન એવા અવસરે કોઈ શોક હોતો નથી, કારણ કે તેઓ આત્મતૃપ્ત હોય છે. જ્ઞાનસારમાં કહ્યું છે - જેમ સોજાથી દેખાતી પુષ્ટતા હોય કે જેમ વધ્યમંડન-દેહાંત દંડ પામેલ અપરાધીનો શણગાર હોય તેમ જ ભવોન્માદને જાણતો મુનિ આત્મતૃપ્ત બને. બીજી દૃષ્ટિએ વિચારીએ તો ત્રણ પ્રકારના જીવો હોય છે. (૧) બાળ જીવ - વેશને જુએ (૨) મધ્યમ જીવ - આચારને જુએ (૩) પંડિત જીવ - આગમતત્ત્વ જુએ. આમાં બાળ જીવો કદાચ વિમુખ થાય પણ આચારગ્રાહક મધ્યમ જીવો નહીં. અને વિદ્વાન વ્યક્તિ બાળ જીવોમાં તો ન જ રાચે ને ?**

**જ્યારે નિઃસત્ત્વતાની પરાકાષ્ઠા આવી જાય છે, ત્યારે કરાતાં લવારાઓનું - ગૃહસ્થોની ચાપલૂસીનું હુબહુ વર્ણન કરતાં પરમર્ષિ કહે છે –**

**નિઃસત્ત્વ જીવ દીનતાને પામીને ગૃહસ્થોની ઉંમરને આશ્રીને**

१. क-ख-ग- पितृष्वसा ।



**इत्यादिज्ञातिसम्बन्धान्, कुरुते दैन्यमाश्रितः।।१८।।**

**अहं त्वदीयपुत्रो[१]ऽस्मि, कवलैस्तव[२] वर्धितः।**

**तव भागहरश्चैव, जीवकस्ते तवेहकः।।१९।।**

**एवमादीनि दैन्यानि, क्लीबः प्रतिजनं[३] मुहुः।**

**कुरुते[४] नैकशस्तानि, कः प्रकाशयितुं क्षमः ?।।२०।।**

दैन्यनिरवधेः, आयुरवधेः, वाचः क्रमवर्तित्वात्, वक्तुमपि लज्ज- नीयत्वाच्च न कोऽपि क्षम इत्यभिप्रायः।

परिणतप्रवचनानां परमतत्त्वसमुपासनसमुत्पन्नपरमानन्दानुभूतिलम्प-

**તેમની ચાપલૂસી કરતાં તેમનું કાંઈ ને કાંઈ સગપણ ઉભું કરે છે - 'તમે તો મારા સાસુ છો, તમે મારી માતા છો, તમે મારા બેન છો, તમે ફોઈ છો, હું તો તમારો પુત્ર છું. તમારા કોળિયાથી મોટો થયો છું. તમારો ભાગીદાર છું. તમારો આશ્રિત છું. તમારો સ્નેહી છું.' સત્ત્વહીન જીવ પ્રત્યેક જણની પાસે આવી કેટકેટલી દીનતા કરે છે. એ બધું તો કોણ કહી શકે ?।।૧૮-૨૦।।**

દીનતાની સીમા નથી, પણ આયુષ્યની સીમા છે, વાણી ક્રમવર્તી છે, અર્થાત્ એક સાથે બધું કહી ન શકાય, કહેતાં પણ શરમ આવે તેવું છે. માટે કોઈ એ બધું કહેવા સમર્થ નથી એવો અભિપ્રાય છે.

આચાર્ય પ્રેમસૂરિજી એક વાર સ્વાધ્યાયમાં મગ્ન હતાં. શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વંદન કરીને બેઠાં. પૂજ્યશ્રીને ખ્યાલ જ ન આવ્યો. પેલાં ય ક્યાંય સુધી બેસી રહ્યા... છે ને કમાલ... હા, પૂજ્યશ્રીને ય જાગૃતિ હતી. અને પરમર્ષિએ જેના ગુણ (?) ગાયા છે એ ક્લીબને પણ જાગૃતિ હતી. ફરક એટલો જ કે બંનેના લક્ષ્ય જુદા જુદા હતાં. વૈષયિક વાસનાઓનું જોર વધે એટલે એની પૂર્તિ કરવા

१. ख-ग- दीयः पु । २. क- कवलैंस्तव । ग- कचलैस्तव । ३. क- जनन् । ४. क- त अने। ख- तेऽने । ग- ते ने।

टानां महात्मनां तु शक्रोऽप्युपेक्षास्पदम्। इतरस्य तु रङ्केऽपि नापेक्षा-प्रसरापसारः। ततश्चेदृक्त्रपावहोद्गार-परम्पराः स्वात्मप्रकाशनपराः स्व-मान-सत्त्वादि-विनाशपिशुनाः। कश्चास्य वक्र[1]वालधेर्विशेषः ?

सोऽयं मनोदौःस्थ्यापराधः। लब्धे मनःस्वास्थ्यसुखैकलेशे त्रैलोक्यराज्येऽपि न वाञ्छेति योगिनः। अवमतं चार्यवज्रस्वामिभिः कोटिधनयुतरूपवतीकन्याग्रहणप्रार्थनम्। श्रूयते च गृहिविनयप्रसङ्गोप-

મન સજ્જ બને. એના ઉપાયો બરાબર આત્મસાત્ થઈ જાય. એવા જીવો ગૃહસ્થની અવરજવર પર ધ્યાન આપવાથી માંડીને પોતાની ઈષ્ટસિદ્ધિનાં બધા જ ઉપાયોમાં પૂર્ણપણે જાગૃત હોય.

પરમર્ષિએ ઉપલક્ષણ રૂપે એવા અમુક ઉપાયોને અહીં શ્લોકોમાં કંડારી દીધા છે. જેનો પ્રત્યેક શબ્દ કહી રહ્યો છે કે - આ બોલનારનું હૃદય સાવ કંગાળ છે. સત્ત્વ મરી પરવાર્યું છે. સ્વાભિમાન વેચી દીધું છે. અને માત્ર એક કૂતરો એક વાટકી દૂધ માટે પૂંછડી પટપટાવી રહ્યો છે.

આ તો માનસિક દુઃસ્થતાનું પરિણામ છે. એનો જ આ અપરાધ છે. હૃદયપ્રદીપમાં કહ્યું છે - વિષયસુખના ભોગની ઈચ્છા ત્યાં સુધી જ હોય છે, કે જ્યાં સુધી મનના સ્વાસ્થ્યના સુખનું જ્ઞાન ન થાય, એક વાર એ સુખનો અંશ પણ જેને મળી જાય, એને તો ત્રૈલોક્યનું રાજ્ય પણ ધરી દેવામાં આવે, તો ય તેમાં તેને વાંછના થતી નથી.

મને યાદ આવે છે પેલા વજસ્વામિ. કરોડોપતિની લાડકી રૂપવતી દીકરીનો હાથ અને કરોડો રૂપિયાને ખુમારીથી નકારી કાઢ્યાં. આનંદઘનજી મહારાજે ગૃહસ્થનો વિનય કરવાની નોબત આવી તો પહેરેલા કપડાં ય પાછા આપીને ચાલી નીકળ્યાં.

૧. કૂતરો.



स्थितावानन्दघनर्षेर्वस्त्रप्रत्यर्पणम्। आह च- शतककारः चेदस्मभ्यः पराङ्मुखो वयमप्येकान्ततो निःस्पृहाः - इति।

अन्तरेणेष्टदेवान् क्वचिद्यवनानामपि नमननियमः। अतिनमनं च चाटूक्तयः। स्वदेवगुरुधर्मगुणप्रकर्षमवबुध्यमानः को नाम प्राज्ञः प्राकृतानुवर्तनं कुर्यात् ? वेशलज्जयाऽपि वर्ज्यमेतदिति।।२०।।

क्व सिंहविहारः क्व चैतादृग्दैन्यमिति निःश्वसन्नाह–

**आगमे योगिनां या[1] तु, सैंही वृत्तिः प्रदर्शिता।**
**तस्यास्त्रस्यति नाम्नापि, का कथाऽऽचरणे पुनः ?।।२१।।**

तृतीयाङ्गनिदर्शितसिंहविहारचर्याऽल्पसत्त्वानां श्रुतेरपि भयावहा,

પેલા ભર્તૃહરિએ લલકાર્યું છે - હે રાજન્ ! તું જો અમારાથી પરાઙ્મુખ હોય, તો સમજી લેજે કે અમારા મનમાં પણ કોઈ સ્પૃહા નથી.

મુસ્લિમોની એક ટેક હોય છે. કોઈ પ્રધાનમંત્રી પ્રોગ્રામો વગેરેમાં આવે તો એનો ઉચિત સત્કાર કરે પણ એને નમે નહીં. એ લોકોનો એક મક્કમ નિર્ણય છે કે – અમે 'અલ્લા' સિવાય કોઈને નમીએ નહીં.' મસ્કાબાજી એ તો વંદનને ય ટપી જાય એવી છે. દેવ-ગુરુ-ધર્મના પ્રકર્ષને જાણે તે કદી શ્રીમંતાદિનું અનુવર્તન ન કરે. વળી વેશની લજ્જાથી પણ આ વર્જ્ય છે.।।૨૦।।

સાધુએ તો સિંહવિહારના સ્વામી બનવાનું છે. તે જણાવતાં પરમર્ષિ કહે છે -

**આગમમાં કહ્યું છે કે - સાધુએ સિંહ જેવી વૃત્તિ રાખવાની છે. કાયર જીવોને તો એ વૃત્તિ સાંભળીને ય હાજા ગગડી જાય પછી આચરવાની તો વાત જ ક્યાં રહી ?।।૨૧।।**

ઠાણાંગ સૂત્રમાં જે સિંહવિહારચર્યા બતાવી છે, એ અલ્પસત્ત્વવાળા

૧. क - वा तु।

आस्तां तदाचरणकथेत्याशयः।

स्मर्तव्यमत्र- 'घोरे घोरगुणे घोरबंभचेरवासी वोसट्ठचत्तदेहे उग्गतवे दीत्ततवे निम्मंसे अट्ठिण्हारुभूए ससद्दं गच्छइ' - इत्यादि पारमर्षम्। सिंहशावकोऽपि करिकुम्भस्थलविदारणदुर्ललित इति प्रतीतम्। परक्कमिज्जा तवसंजमंमि, इमेण चेव जुज्झाहि, कसेहि अप्पाणं, सींहो व

---

જીવોને તો સાંભળીને પણ ભય ઉપજાવે તેવી છે. તેનું નામ પણ ગભરાવી દે તેવું છે. તો પછી તેના આચરણની તો શું વાત ? એવો અહીં આશય છે.

સાધુ એ ખુશામતખોર ભાટ-ચારણ નથી. એ તો સિંહ છે. તપ અને સંયમમાં એનું પરાક્રમ જોઈને બીજા અલ્પસત્ત્વવાળા જીવો થરથરી જાય. એ જીવો તો આની કલ્પના પણ ન કરી શકે એટલે જ એવા મુનિઓને 'घोरे घोरगुणे घोरबंभचेरवासी' ઈત્યાદિ શબ્દોથી નવાજ્યા છે.

એકાદ કીડી જેટલો પણ અપવાદ બાકી ન રહે તેમ બધાં જ (ત્રસ) જીવો છાંયો શોધતાં હોય, ત્યારે સાધુ સામે ચાલીને આતાપના લે. આખી દુનિયા સુખ માટે દીન બનેલી હોય અને સાધુ ખુમારી સાથે લોચ કરાવે. મેલા કપડાં રાખે. 'કાલે વિહાર કરશું... ગોચરીનું શું થશે ?' આવી કોઈ ચિંતા ન હોય. પાંચ પકવાન મળી શકતા હોય ત્યાં આયંબિલની ઓળી ચાલતી હોય. અસંયમજનિત કોઈ પણ અનુકૂળતા ભોગવવાની હરગીઝ તૈયારી ન હોય. પરીષહોને સામી છાતીએ ઝીલવાની તૈયારી હોય. આ છે સાધુની સિંહવૃત્તિ.

સિંહ ઘરડો હોય, માંદો હોય કે ઘાયલ હોય... કદી ઘાસ ખાય ખરો ? દીનતા કરે ખરો ? અરે ! સિંહનું બચ્ચુ પણ ગજરાજના કુંભસ્થળને ભેદી નાંખે એવું પરાક્રમી હોય.

ભગવાન કહે છે - સાચો સાધુ એટલે સિંહ. એ કદી દીનતા



सद्देण न संतसेज्जा, सरेहि संगामगयं व कुंजरं, समुट्ठिते अहोविहाराए, चरे संकमणे दढे - इत्यादीनि भगवद्वचनानि पुनः पुनर्भाव्यमानानि केषां न सिंहविहारचर्यापरायणतापादकानि ? ततश्च स्ववशोऽहोविहार इति।।२१।।

अन्यथा तु शास्त्रसंसारः-यथाऽऽहुः - पुत्रदारादिसंसारः, पुंसां

---

ન કરે એ કદી અસંયમ ન આચરે. એ મોહરાજાના છોતરા ઉડાવીને જ રહે. એની આચારની કટ્ટરતામાં કોઈ સંજોગોમાં મંદતા ન આવે. એની સાધનાનું પરાક્રમ અજબ ગજબનું હોય.

ભગવાન કહે છે - 'परक्कमिज्जा तवसंजमंमि' તપ અને સંયમમાં પરાક્રમ કર. 'इमेण चेव जुज्झाहि' તારા શરીર સાથે જ યુદ્ધ કર. 'कसेहि अप्पाणं' તારા શરીરનો કસ કાઢી લે. 'सींहो व सद्देण न संतसेज्जा' શબ્દાદિ પ્રતિકૂળ વિષયો- પરીષહો-ઉપસર્ગોથી ડરતો નહીં પણ સિંહ જેવો શૂરવીર બનજે. 'सरेहि संगामगयं व कुंजरं' એવા સમયે સંગ્રામની મોખરે રહેલા હાથીને યાદ કરજે. 'समुट्ठिते अहोविहाराए' ઉગ્ર સંયમ-સાધના માટે ઉધત થા. 'चरे संकमणे दढे' દૃઢતાપૂર્વક મોક્ષમાર્ગમાં પ્રગતિ કર.

આ એક એક પંક્તિઓ સાક્ષાત્ ભગવાને આપણને આપેલી હિતશિક્ષા છે. આનો મંત્રની જેમ જાપ કરવાથી, જાણે ભગવાન આ આપણને કહી રહ્યા હોય એવું ધ્યાન કરવાથી આપણે પણ સિંહવૃત્તિના સ્વામિ બની શકશું. વૈષયિકવાસના અને તેના દ્વારા થતી વિડંબનાથી મુક્ત બનીને 'અહોવિહાર'નો આનંદ માણી શકશું. ॥૨૧॥

નહીં તો અહીં પણ સંસાર... ના સંસારથી ય બદતર સ્થિતિ... આ વેશનો કર્યો દ્રોહ અને અનંત ભૂતકાળનું પુનરાવર્તન.. હાય મોહરાજા... કેવું તારું લુચ્ચુ હાસ્ય... કેવી ભેદી ચાલ... તને જીતવા જનારની કેવી પાયમાલી... સામે ચાલીને તને આધીન થવાનું કેવું

सम्मूढचेतसाम्। विदुषां शास्त्रसंसारः, सद्योगरहितात्मनाम् - इति।

तदिदं मोहराज्यम्, इत्थमेवानन्तद्रव्यलिङ्गोपपत्तिश्च, एतदेवाह–

**किन्तु सातैकलिप्सुः स[1], वस्त्राहारादिमूर्च्छया।**

**कुर्वाणो मन्त्रतन्त्रादि, गृहव्याप्तिं च गेहिनाम्।।२२।।**

**कथयंश्च[2] निमित्ताद्यं, लाभालाभं शुभाशुभम्।**

**कोटिं काकिणिमात्रेण, हारयेत् स्वं व्रतं त्यजन्।।२३।। युग्मम्।।**

मोक्षपरलोकस्वात्मस्वव्रतादिविस्मृतिविजृम्भितमिदम्, सुलभं चैतादृशमिहलोकवर्तमानवैषयिकसुखमात्रदर्शिनाम्। 'गिहिकज्जचिंतगो' - इति

પાગલપણું... યોગબિંદુમાં કહ્યું છે ને ? - મૂઢ અજ્ઞાની જીવોને પુત્ર-પત્ની વગેરેનો સંસાર હોય છે. તેમ આચારહીન વિદ્વાનોને શાસ્ત્રસંસાર હોય છે.

આ જ ભેદી ચાલનું વિશ્લેષીકરણ કરતાં પરમર્ષિ કહે છે -

**સિંહવિહાર તો દૂર રહ્યો, પણ એ તો એક માત્ર વૈષયિક સુખનો અભિલાષી થઈને, વસ્ત્ર-આહાર વગેરેની મૂર્ચ્છાથી મંત્ર-તંત્ર-દોરા-ધાગા વગેરે કરે છે. ગૃહસ્થોના ઘરની ચિંતા રાખે છે. નિમિત્ત વગેરેથી ભૂત-ભવિષ્ય કહે છે. સાંસારિક કાર્યોમાં લાભ-હાનિ કહે છે, શુભ-અશુભ ફળ કહે છે. પોતાના મહાવ્રતોને અભરાઈએ મૂકી દે છે.અને આ રીતે એક કાકિણી માટે-બે પૈસા જેવી નજીવી વસ્તુ માટે કરોડ રૂપિયા ખોઈ બેસે છે. ।।૨૨-૨૩।।**

કાશ... એક ગોઝારી પળે દીક્ષિતના લક્ષ્યમાંથી મોક્ષ ગાયબ થઈ જાય છે, એની દૃષ્ટિમાંથી પરલોક ખસી જાય છે. મગજ પર વૈષયિક સુખની ધૂન સવાર થઈ જાય છે. એક માત્ર આલોક અને એક માત્ર વર્તમાન પર એનું ધ્યાન કેન્દ્રિત થઈ જાય છે. જાણવા છતાં અજાણ્યો થઈ જાય છે.... અને... એ 'મુહૂર્ત મહારાજ' બની

१. क-ख-ग- सन् । २. क- यश्च। ग- येंश्च।



पारमर्षे पार्श्वस्थलक्षणमप्यत्र निभालनीयम्। एवं च हिंसाद्यनुमतिः, ततश्च वज्रलेपायमाना दुर्गतिः। तथा चाहुः - त्यक्त्वा गृहं स्वं परगेहचिन्ता- तप्तस्य को नाम गुणस्तवर्षे ! आजीविका ते यतिवेश-तोऽत्र, सुदुर्गतिः प्रेत्य तु दुर्निवारा - इति।

मुधाजीवित्वं हि मौनजीवनमिति समयविदः। तस्मिन्नेव पात्रेऽ-

જાય છે. ઘર, દુકાન, ફેક્ટરી, ઑફિસ.. હાય.. હાય..કરેમિ ભંતેના ત્રિવિધ ત્રિવિધના પચ્ચક્ખાણો, એના ભંગનો ખતરનાક અંજામ, મોટા મોટા આરંભ સમારંભની હાર્દિક અનુમોદનાના અતિ અતિ ચીકણા સાનુબંધ પાપબંધ, આ બધું ભૂલી જાય છે.

ઉપદેશમાલામાં પાર્શ્વસ્થનું એક લક્ષણ કહ્યું છે - ગૃહિકાર્ય-ચિંતક-ગૃહસ્થોના કામકાજોની ચિંતા કરનાર, તેની પ્રવૃત્તિ કરનાર. આ લક્ષણનો પણ અહીં વિચાર કરવા યોગ્ય છે. આ રીતે હિંસા વગેરેમાં અનુમતિનું પાપ લાગે છે. જેનાથી અવશ્યપણે દુર્ગતિમાં જવું પડે છે.

અધ્યાત્મકલ્પદ્રુમમાં એવા મુનિને હિતશિક્ષા આપતા કહ્યું છે કે - પોતાનું ઘર છોડીને બીજાના ઘરની ચિંતા કરવાથી તને ક્યો લાભ થવાનો છે ? ઓ સાધુ ! આ લોકમાં મુનિવેશના પ્રભાવે તારું ગાડુ ભલે ગબડી જાય, પરલોકમાં ભયાનક દુર્ગતિ તો દુર્નિવાર જ થઈ જશે.

પરમાત્માએ શ્રમણને એક અદ્ભુત પદવી આપી છે. એ પદવીનું નામ છે - 'મુધાજીવી' જ્યાં બાહ્ય કોઈ વેપાર, નોકરી વગેરે કશું નથી. માત્ર ભિક્ષાવૃત્તિથી જીવન નિર્વાહ કરવાનો છે. અને દાનથી જ નહીં, એના દર્શનમાત્રથી દાતા ન્યાલ થઈ જાય એનું નામ છે - મુધાજીવી.

કહેવાય છે વ્યાજથી મુડી બમણી થાય, વેપારમાં ચારગણી થાય, ખેતીમાં સો ગણી થાય અને પાત્રમાં અનંતગણી થાય. શ્રમણ

नन्तगुणत्वाद्युक्तिसाफल्यम्। निर्विशेषस्त्वन्यथा।

प्रतिपन्नप्रतिपालनाऽसामर्थ्ये त्यक्तभूमित्रयस्य सुश्राद्धतोचितेति तत्त्वदर्शिनः। क्व व्रतभङ्गभयात् स्वात्मघातयत्नप्रवणा महासत्त्वता, क्व च छिन्नस्वरभौमान्तरिक्षस्वप्नलक्षण-अङ्ग-मन्त्रमूलवैद्यादिमुपजीवतो मुनिंमन्यस्य धाष्ट्‍र्यम् ? किं च हितेतरनिर्विवेक-स्थूलदृष्टि-काकिणीप्रयोजनकोटिहानिपरत्वात् परं बालत्वम् ? तमेव बालं शिक्षयन्नाह–

---

એવા સુપાત્ર છે, એનું એક મહત્વનું કારણ એ જ છે કે એ મુધાજીવી છે.

જો આ ગુણ જતો રહે તો શ્રમણ અને ગૃહસ્થ વચ્ચે કોઈ જ ફરક નહીં રહે.

ઉપદેશમાલા કહે છે કે તું ગંભીરતાથી વિચાર કરી લે, મહાવ્રતોના ભારને તું વહન ન જ કરી શકતો હોય, તારી જવાબદારીઓને તું નિષ્ઠાથી અદા ન જ કરી શકતો હોય, તારી ભોગવૃત્તિ જો તારા વેશની ય શરમ ન જ રાખતી હોય તો તારા માટે એ જ બહેતર છે કે તું ઉજળા વેશમાં કાળા કામ છોડીને જન્મ-દીક્ષા-વિહારભૂમિને છોડીને એક સદાચારી શ્રાવકનું જીવન જીવે.

વ્રતને ગુમાવવાની કારમી કલ્પનાથી આપઘાતના પ્રયત્નો કરતાં પેલા નંદિષેણ મુનિ ક્યાં અને દુનિયામાં પોતાને સાધુ કહેવડાવી અષ્ટાંગનિમિત્ત, જ્યોતિષ, વૈદક આદિ દ્વારા સાંસારિક કાર્યો કરીને વેશનો દ્રોહ કરતી ધૃષ્ટતા ક્યાં ? ઉત્તરાધ્યયનમાં એવા જીવોને 'બાલ' કહ્યાં છે. જેનામાં હિતાહિતનો વિવેક નથી, જાતનું ભાન નથી, દીર્ઘદૃષ્ટિ નથી, બે પૈસા માટે રાજ્ય હારી જવા જેવી મૂર્ખામી કરે છે. એનું જ નામ બાલ.

એક વાર એકાંતમાં શાંતચિત્તે વિચાર કરવો જોઈએ કે મારું સ્વરૂપ શું છે ? મારું સ્થાન શું છે ? જુઓ, પરમર્ષિ એ જ વાત કહી રહ્યા છે –



**चारित्रैश्वर्यसम्पन्नं, पुण्यप्राग्भारभाजनम्।**
**मूढबुद्धिर्न[1] वेत्ति स्वं, त्रैलोक्योपरि[2]वर्तिनम्।।२४।।**
**ततश्च[3] भिक्षुकप्रायं, मन्यमानो[4] विपर्ययात्।**
**भाव[5]निःस्वधनेशानां, ललनानि करोत्यसौ।।२५।।**

स्वाज्ञानप्रयुक्तेयं विडम्बना, आजन्माजाव्रजगतसिंहशिशुवदित्यभिप्रायः। अन्यथा तु क्व चक्रिणो द्रमकदास्यमिति। अवदामोऽन्यत्र 'यमिर्ष्यासम्पूर्णा वरसुरगणा नेमुरनिश-मिहैवासीद् भोक्ता, परमपद-

---

**ઓ મૂઢબુદ્ધિ ! તું ચારિત્રરૂપી અદ્ભુત ઐશ્વર્યનો સ્વામિ છે. તારી અનંત અનંત પુણ્ય રાશિના ઉદયથી તને સર્વવિરતિ ધર્મની અનુપમ સાધના મળી છે. આખા ત્રૈલોક્યના સર્વોત્કૃષ્ટ સ્થાને તું બિરાજમાન છે. તને તારી સમૃદ્ધિનું કાંઈ ભાન જ નથી. એક ભિખારી જેવી દીનતા તું અનુભવે છે. અને જે વાસ્તવમાં ભિખારી છે એવા શ્રીમંતોની તું ખુશામત કરે છે. ।।૨૪-૨૫।।**

ચારિત્ર એટલે ત્રણ લોકની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વસ્તુ. આ શબ્દ સંભળાય ને રોમાંચ ખડા થઈ જાય. આટલી ટોચની વ્યક્તિ દીનવૃત્તિનો ભોગ બને તો તેનું કારણ એક જ હોઈ શકે કે એ પોતાનું સ્વરૂપ ભૂલી ગઈ છે. જેમ કે જન્મથી બકરીઓના ટોળા વચ્ચે રહેતો સિંહ. અન્યથા તો જેમ ચક્રવર્તી ભિખારીનો ચાકર બને એ સંભવિત નથી, એમ સાધુ પણ ગૃહસ્થની ખુશામતાદિ કરે એ સંભવિત નથી. સિદ્ધાન્તમહોદધિમાં કહ્યું છે - જેમને ઈર્ષ્યા ભરેલા ઉત્તમ દેવો સદા ય નમન કરતા હતા એવા તેઓ અહીં જ શિવસુખનો અનુભવ કરતા હતાં – આ છે શ્રામણ્યનો પરમાનંદ.

સાધન સાધ્યને અનુરૂપ હોય છે અને સાધ્ય = ઉપાદેયબુદ્ધિનો

---

१. क- मूट। २. ग- त्रिलोकयो। ३. क- तत भि। ४. ख- मातो। ५. क- भावि।

सौख्यस्य सुखद' इति।

साध्यानुरूपं हि साधनम्। साध्यं चोपादेयबुद्धिविषयम्। तच्चेद्वैषयिकसुखं तदाऽस्य धनेशललनैर्न किञ्चिदाश्चर्यावहम्। तच्चेत्तात्त्विकसुखं तदा त्वस्यान्तरेण देवगुरू नान्यदनौदासीन्यास्पदम्, सुरा अप्यस्य किङ्कराः, धनेशानां तु का कथा ?।।२५।।

सर्वसमृद्ध्यष्टकभावितात्मनां कोट्यधिपतीष्वपि दृष्टिप्रसरोऽपि क्व? अभिमानो दोषाय, न श्रामण्यसमृद्धिज्ञानम्। आहुश्चाध्यात्मिकाः- सम्भाव-

**વિષય. જો એ વિષયસુખ જ છે, તો શ્રીમંતોની ખુશામતમાં કાંઈ આશ્ચર્ય નથી. અને જો ઉપાદેય તરીકે તાત્વિકસુખ જ હોય તો દેવ-ગુરુ સિવાય કોઈમાં પણ તે ઉદાસીન જ રહેશે. જેના દેવો પણ સેવક હોય, તેની પાસે શ્રીમંતોની તો શું વિસાત ? ॥૨૫॥**

જ્ઞાનસારમાં એક અષ્ટક છે, જેનું નામ છે - સર્વસમૃદ્ધિ, તેનાથી જે ભાવિત બને તેને આત્મસમૃદ્ધિનો સાક્ષાત્કાર થયાં વિના ન રહે, પછી તો કોટ્યાધિપતિઓ પર તેમની દૃષ્ટિ પણ ન જાય.

ચાલો, આજથી આત્મગૌરવ લઈએ. અભિમાન નહીં પણ શ્રામણ્યનું ખમીર તો જરૂર લાવીએ. આ જાત ગર્વ નથી, આ તો ચારિત્રના ઐશ્વર્યની સહજ અનુભૂતિ છે. આનંદઘનજીએ પણ લલકાર્યું હતું ને ?

અહો અહો હું મુજને નમું
નમો મુજ નમો મુજ...

આ ઐશ્વર્યની અનુભૂતિ આવે, એટલે પુણ્યના પ્રાગ્ભારનું હું ભાજન છું એવો સાક્ષાત્કાર આવે અને હું ત્રૈલોક્યમાં ઉત્કૃષ્ટ છું એવા સ્પર્શ[1]ની સંવેદના થાય, જુઓ પરમર્ષિ આ જ ઐશ્વર્યની અનુભૂતિ કરાવી રહ્યાં છે -

૧. સ્પર્શ = તત્ત્વાપ્તિ. જુઓ ષોડશક પ્રકરણ ॥ દીક્ષા ષોડશક ॥



याम्यहमिदं प्रणमामि नित्य-मित्यादि। सेयं चारित्रैश्वर्यविभूत्यनुभूतिः पुण्यप्राग्भारभाजनतासाक्षात्कृतिः त्रैलोक्योत्कृष्टतास्पर्शसंवेदनेति। तामेवानुभावयन्नाह–

**प्रशान्तस्य निरीहस्य, सदानन्दस्य योगिनः।**
**इन्द्रादयोऽपि ते रङ्क-प्रायाः स्युः किमुतापराः[1] ?।।२६।।**

तथा चानाथीयदर्शने श्रेणिकराजविस्मयः - 'अहो रूवो अहो वण्णो अहो अज्जस्स सोमया। अहो खंति अहो मुत्ती अहो भोगे असंगया - इति। सुरेन्द्राणामपि स्वावस्थालज्जानुभवपुरस्सरं महर्षिचरण-

**જે પ્રશાન્ત છે, નિઃસ્પૃહ છે, સદા આનંદી છે એવા યોગીની તુલનામાં તો ઈન્દ્ર વગેરે પણ સાવ રંક જેવા છે, તો બીજાની તો ક્યાં વાત રહી ? ॥૨૬॥**

અનાથીમુનિના દર્શન કર્યા અને શ્રેણિક રાજા પામી ગયો. રૂપ દેખીને મન રીઝયો.. ભારે કર્મી પણ ભીંજ્યો.. ઉત્તરાધ્યયનમાં આ પ્રસંગે શ્રેણિક રાજાના જે મનોભાવો હતાં તેની અભિવ્યક્તિ કરતાં કહ્યું છે. અહો રૂપ ! અહો વર્ણ ! અહો આર્યની સૌમ્યતા ! અહો ક્ષમા ! અહો અકિંચનતા ! અહો ભોગોમાં અસંગતા !

પેલા કરોડોપતિઓ પથારીમાં પડખા ઘસે છે. અબજોપતિઓ ચિંતા-તૃષ્ણા ને ઈર્ષ્યાથી સુકાઈ રહ્યા છે. રાજનેતાઓ અંગરક્ષકોથી ય ગભરાઈ રહ્યા છે. ઈન્દ્ર પટરાણીના વિરહમાં માથુ પટકી પટકીને ઝૂરી રહ્યો છે. દેવો મહર્દ્ધિક દેવોને જોઈ જોઈને જાણે અગ્નિના ભઠ્ઠામાં શેકાઈ રહ્યા છે.

આપણી સાથે એમની તુલના જ કેવી રીતે થાય ? કોઈ આપણાથી ઓછુ-વત્તું સુખી હોય તો તુલના થાય ને ? આ તો બિચારા મહાદુઃખી છે. સુખી હોય તો માત્ર ને માત્ર આપણે.

१. क- तांडपरे । ख- ताडपरे । ग- तापरे ।

प्रणतितततय इत्यागमः। का नाम कामेष्वतृप्तस्य निर्वृत्तिः ? का च शल्यादिनिभेष्वेषु सुखाशाऽपि ? का च तदाशादासीकृतानां परमानन्दर-सास्वादाकण्ठतृप्तैर्योगिभिस्तुलनाऽपि ?

आपातसुखेष्वपि निःसारतां दर्शयन्नाह–

**किं विभुत्वेन ? किं भोगैः ?, किं सौन्दर्येण[1] ? किं श्रिया ?।**
**किं जीवितेन ? जीवानां, दुःखं चेत् प्रगुणं पुरः।।२७।।**

सर्वथापि हेयमेवैतद्विभुत्वादीत्याशयः। जे गुणे से आवट्टे - इत्या-गमनवचनमनुस्मरन् को नु बुधो विज्ञायापि दुःखमङ्गीकुर्यात् ? परानुभव-गृहीतावबोधा हि विपश्चितः। मुण्डितशिरसस्तु कस्य न ब्रह्मज्ञानम् ?

મહોપાધ્યાયજીએ કહ્યું છે ને - 'भिक्षुरेकः सुखी लोके।'

અરે, પણ અમને એ લોકો સુખી દેખાતા હોય અને અમને એમનાથી સુખ મળી શકતું હોય, પછી તમારી આ બધી વાતોનો શું અર્થ ? આવા પ્રશ્નનો જવાબ આપતાં પરમર્ષિ કહે છે –

**જો ટૂંક સમયમાં જ અનેક ગણા દુઃખોના ડુંગર તૂટી પડવાના હોય, તો પછી એ સત્તાનો શું મતલબ ? એ ભોગોનો શો અર્થ ? એવી સુંદરતા પણ શા કામની ? એવી બનાવટી શોભાનું પણ શું કરવાનું અને એવા નિકૃષ્ટ જીવનની પણ શું કિંમત ?।।૨૭।।**

આ સત્તા વગેરે બધું હેય જ છે. એવો અહીં આશય છે. આચારાંગ સૂત્ર કહે છે શબ્દાદિ વિષયોનો ભોગવટો એ જ સંસાર છે. સંસારના ખતરનાક દુઃખોનું મૂળ કાંઈ હોય તો બસ એ જ કલ્પિત સુખ. હાય... કેટલી મૂર્ખામી. પેલા ભર્તૃહરિને ય એક દિવસ સાન ઠેકાણે આવી, બ્રહ્મજ્ઞાન થયું અને દુનિયાને તેનું નવનીત આપ્યું - 'भोगा न भुक्ता वयमेव भुक्ताः' ભોગોને અમે ભોગવ્યા એ તો અમારી ભ્રમણા જ હતી. આજે એ ભ્રમણા તૂટી અને અમારે કહેવું

१. ग - सौदर्येण।



यथोक्तम्- 'भोगा न भुक्ता वयमेव भुक्ता' इति। यज्ज्ञानं पश्चादनुशयहेतुः, तदेव पूर्वं सिद्धिहेतुर्भवति, आह च- भोजनान्ते स्मशानान्ते, मैथुनान्ते च या मतिः। सा मतिः सर्वदा चेत्स्या- न्नरो नारायणो भवेदिति।

विष्टावान्तादिस्वरूपमनुस्मरतः कस्य नाम रसाद्यास्वादलौल्यम् ? नीरसभोजिनस्तु स्वास्थ्यं प्रसन्नता चेत्यनुभवोऽप्यत्र स्मर्तव्यः। भोगवृत्तौ त्वैहिकामुष्मिकदुःखमेवेति क्षणिकाल्पाभिमानिकसुखस्पृहया दुःखोदधि-निमज्जने कः खलु विवेकः ?

પડે છે કે ભોગો નહીં, અમે પોતે જ ભોગવાઈ ગયાં. એકવાર મુંડાઈ ગયાં પછી તો કોને સાચું ભાન ન થાય ? પણ જે જ્ઞાન પાછળથી થાય ને પશ્ચાત્તાપનું કારણ બને છે. એ જ જ્ઞાન પૂર્વે થાય તો સિદ્ધિનું કારણ બને છે. કહ્યું છે ને - ભોજન, સ્મશાન અને મૈથુનમાં અંતે જે મતિ હોય છે એ મતિ જો હંમેશા રહે, તો નર નારાયણ બની જાય.

પરમ કરુણાના સાગર પરમાત્માએ વિષયસુખની અત્યંત તુચ્છતા જોઈ. એના ભોગવટાના ભયંકર પરિણામો જોયા અને બોલી ઉઠ્યાં - 'खणमित्तसुक्खा बहुकालदुक्खा'. આને સુખ જ કેમ કહી શકાય ? રસ-કસ વગરનો, માત્ર મનથી સુખ તરીકે માનેલો, ક્ષણ-બે ક્ષણનો ઉશ્કેરાટ માત્ર છે. એક વળગાડ-ગાંડપણ જેવું છે. અને પરિણામરૂપે લાખો-કરોડો-અબજો ગણું દુઃખ છે. ભાઈ ! રહેવા દે, આ સોદો ભૂલે ચૂકે કરવા જેવો નથી.

રસનાનું સુખ કેટલો સમય ? સ્વાદિષ્ટ વસ્તુ ક્યાં સુધી પ્રિય રહે ? બીજા દિવસે તેની કઈ અવસ્થા થાય ? પા કલાકમાં ઉલ્ટી થાય તો કેવું સ્વરૂપ હોય ? અરે, મોમાંથી કોળિયો બહાર કાઢો તો ય જોવો ગમે ખરો ? કયો ડાહ્યો માણસ આવા નિઃસાર ભોગોમાં રાચે ? સ્વસ્થતા ને પ્રસન્નતા પાંચ પકવાનને આરોગ્યા પછી રહે છે

अनित्यादिभावनाभावितात्मनां रूपाद्यपि विरागसागरवेलावृद्धिविधूपमम्। सुखदमेव रूपादीति चेत् न, उक्तनीत्याऽऽभासमात्रत्वात्। किञ्च नैकशारीरमानसदुःसहयातनानलसन्तापितसंसारे सुखदर्शनं सन्निपातरोगिदर्शनमनुकरोति। चतुर्गतिः संसार इति व्यवहारतः, निश्चयतस्त्वेकैव निरयगतिः। अत एव पारमर्षम्- 'अहो दुक्खो हु संसारो' इति। अपवादोऽत्र धर्मस्थिताः, तेषामपि चेन्निरयस्पृहा तदा किं वक्तव्यम् ?

---

કે આયંબિલના ભોજન પછી ? જરા સ્વાનુભવ તો યાદ કરીએ.

અપ્સરા જેવી રૂપરમણી ગણતરીના વર્ષોમાં જોવી ય ન ગમે એવી બીભત્સ બની જાય છે. સવારે ઉઠીને જોતાં જ કોઢના લક્ષણ દેખાડે છે અને એક સુંદરી શાકિની બની જાય છે. અરે... બાહ્ય સૌન્દર્યની હાજરીમાં જ અંદર કીડા ખદબદી રહ્યા છે.. અશુચિની કેટલીય ગટરમાં nonstop flow ચાલુ ને ચાલુ છે. પિત્તળ સ્વભાવે એ રૂપ (?) ને વધુ ને વધુ બિહામણુ બનાવ્યું છે. પતિની ઊંઘ હરામ થઈ ગઈ છે. નીતિસૂત્ર કહે છે - 'भार्या रूपवती शत्रुः' - રૂપાળી પત્ની શત્રુ છે. શું કરવાના એવા રૂપને ?

બુદ્ધિ બહેર મારી જાય એટલે સંસારમાં સુખના દર્શન થાય... ડુંગર દૂરથી રળિયામણા.. બાકી સંસારીઓ કેવી યાતનાઓ - કેવા સંતાપો ને કેવી વિડંબણાઓને ભોગવતા હોય છે, એ તો એ લોકો જ જાણે.. એક અપેક્ષાએ કહી શકાય કે ચાર ગતિ તો વ્યવહારથી છે વાસ્તવમાં તો એક જ ગતિ છે નરક... એટલે જ જ્ઞાનીઓએ ઉદ્ગારો કર્યા છે, 'अहो दुक्खो हु संसारो, जत्थ कीसंति जंतुणो।'

હા, એમાં અપવાદ છે ખરો, એનું નામ છે અધ્યાત્મજગત. દેવગુરુની પરમ કૃપાથી આ જગતમાં સ્થાન મળ્યું. પછી એ જ નરકનું આકર્ષણ રાખે, તેના માટે શું કહેવું ?

ધૂળ પડી એ સંપત્તિ પર અને એવા જીવનથી ય સર્યું. પરમર્ષિ



न युक्तं नाम काञ्चनस्थालेन पुरीषशोधनम्, ततश्चालमेभिर्विभुत्वादिभिरापातमात्रमनोहरैरिति।।२७।।

अथ कथञ्चिदपि तत्स्पृहात्यागानीश्वरं बोधयन्नाह-

**नार्थ्यते यावदैश्वर्यं, तावदायाति सम्मुखम्।**
**यावदभ्यर्थ्यते तावत्, पुनर्याति पराङ्मुखम्[1]।।२८।।**
**अधैर्यादविचार्येदमिच्छाव्याकुलमानसः।**
**हा हा हेति तदर्थं स, धावन् धावन् न खिद्यते।।२९।। युग्मम्।**
**स्थिरो[2] धीरस्तु[3] गम्भीरः, सम्पत्सु च विपत्सु च।**
**बाध्यते न च हर्षेण, विषादेन च न क्वचित्।।३०।।**

अज्ञानं खलु कष्टम्, तदेव सुखहेतौ दुःखबुद्धिं जनयति, विपर्यासं

---

જાણે પ્રેમથી કહે છે - મારા ભાઈ ! તું ત્રૈલોક્યના સામ્રાજ્યનો સમ્રાટ છે. આમ ભિખારીની જેમ કચરામાંથી દાણા શોધવાનું છોડી દે અને તારા સામ્રાજ્યના અદ્ભુત આનંદનો અનુભવ કર ।।૨૭।।

'તમારી બધી વાત સાચી પણ મારું મન માનતું નથી. મને તો સુખ જ જોઈએ ને એ પણ મારું માનેલું સુખ જ જોઈએ.' આવું કહેતા બાળજીવને પરમર્ષિ યુક્તિથી સમજાવે છે –

**'જો, એક સનાતન ન્યાય છે. જ્યાં સુધી તમે ઐશ્વર્યની પાછળ-સુખની પાછળ દોડો ત્યાં સુધી એ દૂર ને દૂર ભાગતું જાય અને તમે એની સ્પૃહા જ છોડી દો એટલે એ સામેથી આવીને તમને વરમાળા પહેરાવી દે.।।૨૮-૩૦।।**

જીવ અધીરો થઈ જાય છે. પોતાની અદમ્ય ઈચ્છાઓથી વ્યાકુળ થઈ જાય છે. અને એ ન્યાયનો વિચાર કર્યા વિના હાંફળો ફાફળો થઈને દોડાદોડ કર્યા કરે છે. કેવી મૃગતૃષ્ણા.. કેવી ઘેલછા.. બિચારો થાકતો પણ નથી.

---

१. क- पुराङ्। ख-ग- पराङ। २. क-ख- स्थिरी। ३. ग- धारस्तु।

च। अत एव तत्त्वज्ञानान्मोक्ष इति कथञ्चित्प्रमाणयन्ति स्याद्वादिनः। अत एवाज्ञानतिमिरसूरोदयसङ्काशवचनमुदितमेतत्परमर्षिणा। ऐश्वर्य-प्रार्थनमेव तत्पलायनकारणम्, तन्निरीहतैव तत्कार्मणम्, तदाहुः सूरयः 'अङ्गुल्या पिहिते कर्णे, शब्दाद्वैतं हि जृम्भते।' इति, तथा - 'नोदन्वा-नर्थितामेति, न चाम्भोभिर्न पूर्यते। आत्मा तु पात्रतां नेयः, पात्रमायाति सम्पदः' - इति।

श्रामण्येऽपि केषाञ्चिच्छिष्याद्यैश्वर्याकाङ्क्षा। तत्पात्रता तु 'सीसस्य हुंति सीसा, न हुंति सीसा असीसस्स' इत्यार्षसुज्ञेया।

---

પણ જે સ્થિર, ધીર અને ગંભીર છે એને નથી તો કોઈ વિષયઘેલછા કે નથી તો કોઈ દોડાદોડ. એ આ ન્યાય બરાબર સમજે છે અને એટલે જ એને સંપત્તિમાં કદી હર્ષ થતો નથી. અને વિપત્તિમાં કદી વિષાદ થતો નથી.

કેવી અજબ વાત... ઐશ્વર્યની પ્રાર્થના જ તેના પલાયનનું કારણ છે. તેમાં નિઃસ્પૃહતા જ તેને લાવવા માટે કાર્મણ સમાન છે. કલિકાલસર્વજ્ઞે આ જ વિષયમાં મજાની ઉપમા આપી છે - કાનને આંગળીથી બંધ કરી દો - શબ્દનો ઈન્કાર કરો એટલે શબ્દાદ્વૈત પ્રગટ થયાં વિના રહેતું નથી. કો'કે સાચું કહ્યું છે કે દરિયો કોઈ પાસે માંગવા નથી જતો અને છતાં ય હજારો નદીઓ આવી આવીને એમાં પાણી ઠાલવી જાય છે. માટે તમારે જે વસ્તુની આકાંક્ષા છે, એની આકાંક્ષા મૂકીને પાત્ર બનવા પ્રયત્ન કરો. પછી તો તમે ઈન્કાર કરશો તો ય એ વસ્તુ આવ્યા વિના રહેવાની નથી.

ગૃહસ્થાવસ્થામાં પૈસા વગેરેની આકાંક્ષા હોય છે, તો સંયમ જીવનમાં કદાચ શિષ્ય વગેરેની આકાંક્ષા હોઈ શકે છે. શિષ્ય મળે એની જરૂરી પાત્રતા વિષે શાસ્ત્ર કહે છે - **'सीसस्स हुंति सीसा'** જે પોતે સાચો શિષ્ય બને છે એના જ (સાચા !) શિષ્યો થાય છે.



अपात्रैश्वर्यं विडम्बनामात्रम्, शिष्यादिद्रोहश्च। ततश्च महाप्रभावक-तार्हस्यापि प्राकृतयतित्वमात्रम्, सोऽयमपात्रगुरोरपराधः। स्वात्मनः पात्री-करणे सत्त्वविरहेऽपि स्वापात्रताज्ञापनमात्रे तु सत्त्ववतैव किं न भाव्यम्?

पात्रैश्वर्यमोषेऽपात्रस्पृहा वध्यमण्डनाशंसा। स्वापात्रताप्रकटघोषणा च सा। पात्रस्य तु हृदयं हस्तगतैश्वर्येऽपि निरीहतानीरधिः। तथा च श्रीपूज्यवृत्तम्– 'त्रिशतश्रमणानां तु, समुदाय इतो महान्, इतश्च

---

શિષ્ય, વ્યાખ્યાનની પાટ, પદવી... ચાહે કોઈ પણ વાત હોય પહેલાં નંબરમાં એ વિચાર આવવો જોઈએ કે ખરેખર મારી એના માટે પાત્રતા છે ખરી ? એક મહાત્માને આચાર્યપદ સ્વીકારવાનો આગ્રહ કરવામાં આવ્યો, ત્યારે એમણે જાહેરમાં કહ્યું હતું કે, 'હું તો કહું છું કે મારી નવેસરથી દીક્ષા કરી દો, જેથી હું નિરતિચાર જીવન શરૂ કરી શકું...

અને જો પાત્રતા વિનાનું ઐશ્વર્ય જોઈતું હોય તો એ તો માત્ર વિડંબના જ છે. એ શિષ્ય વગેરેનો ય દ્રોહ છે. એ પદનું પણ અપમાન છે. પોતાની નિઃસત્ત્વતાને કારણે શિષ્યના વિકાસમાં સ્વયં બાધક બને એવું પણ બનવા જોગ છે.

પાત્રતા કેળવવાનું સત્ત્વ ન હોય તો કમ સે કમ 'મારી પાત્રતા નથી' આટલું સ્પષ્ટ જણાવી દેવાનું સત્ત્વ તો કેળવવું જ જોઈએ.આજે પણ આવા સત્ત્વશાળી આત્માઓ છે ખરાં. બીજા પાત્ર પાસેથી ય દીક્ષાર્થીને ખેંચવાની વૃત્તિ હોય તો તે તો વધ્યમંડનની સ્પૃહા સમાન છે. પૂર્વકાળમાં અપરાધીને પ્રાણાન્ત દંડ થાય ત્યારે તેને શણગારીને વધ સ્થાને લઈ જવામાં આવતો હતો. તેનો જે શણગાર એ જ વધ્યમંડન. એની આશંસા કરવી જેમ ઉચિત નથી, એમ પાત્રતા વિના ઐશ્વર્યની આશંસા કરવી પણ ઉચિત નથી. વળી આ આશંસા જ પોતાની અપાત્રતાની જાહેરાત છે.

तत्स्वकान्यासन्, सप्तदश विनेयकाः।।' इत्यादि।

तादृशमहापुरुषवृत्तमपि विभाव्यमानं स्वापात्रतासाक्षात्कारद्वारेण स्पृहाविषलताङ्गारवृष्टिसरूपम्।

दानादिचतुर्विधधर्मपरायणानामद्भुतदेवगुरुभक्तिकटिबद्धानां सुविशुद्धतरसम्यक्त्वानां श्राद्धानां किमहं वन्दनीयोऽपीति चिन्त्यम्। क्व च मे तदुपदेशकतेत्यपि विभावनीयम्।

धम्मो जिणपन्नत्तो 'पकप्पजइणा कहेयव्वो' इति पारार्षमप्यत्र स्मरणीयम्, न च सम्यक्प्रवृत्त्याऽदोषः, अनधिकारिणः कुत्रापि

---

**આચાર્ય પ્રેમસૂરિજીએ ૩૦૦ સાધુઓના વિરાટ સમુદાયનું સર્જન કર્યું, પણ એમના પોતાના માત્ર ૧૭ શિષ્યો હતાં એ પણ ન છૂટકે.. બે જ કારણથી, એક તો પોતાના ગુરુની આજ્ઞા અને બીજું દીક્ષાર્થીનો અત્યાગ્રહ. ઉચ્ચ પાત્રતા હતી, છતાં ય લઘુતા કેવી ! એક તેજસ્વી દીક્ષાર્થીએ તો મીઠી ચીમકી (!) આપી દીધેલ.. 'બીજાનું નામ બોલ્યા છો તો ઓઘો ત્યારે જ પાછો આપીશ.'**

**ધન્ય છે એ મહાપુરુષોને. નિઃસ્પૃહ આત્માએ બધી જ પદવીઓ પરાણે રોતા રોતા લીધી છે. પ્રચંડ શક્તિ હોવા છતાં વ્યાખ્યાનની પાટ ગજાવી નથી. આ બધાનો વિચાર કરીએ તો આપણી જાત પર તિરસ્કાર છૂટ્યા વિના ન રહે. આપણી સ્પૃહાઓ ઓગળી ગયા વિના ન રહે. આપણને એવી વસ્તુઓનો બીજા તરફથી આગ્રહ થતાં આંખમાંથી અશ્રુની ધારા વહ્યા વિના ન રહે.**

**આજે શ્રાવકો-શ્રાવિકાઓ કેટકેટલી સાધના કરે છે. કેટકેટલી આશ્ચર્યજનક દુષ્કર તપસ્યાઓ કરે છે. પરસેવો પાડીને કમાયેલું ધન સાતે ક્ષેત્રોમાં જીવદયા અનુકંપામાં ઉલ્લાસપૂર્વક વાપરે છે. દેવગુરુની ભક્તિમાં ગાંડા-ગાંડા થઈ જાય છે. સમ્યક્ત્વ પણ તેમનું વિશુદ્ધતર સંભવે છે.**



सम्यक्करणाभावात्। एवं स्थितेऽपि व्याख्यानपीठाभीप्साऽपरेर्ष्यादि चेति बाढमसामञ्जस्यम्, अधिकं न्यायविशारदे।

निरीहता पात्रताबद्धलक्ष्यता पात्रप्रमोदश्चेति त्रितयमैश्वर्यसिद्धिरहस्यम्। तत्परिणत्यै **नार्थ्यत** इत्यादि परमर्षिसुभाषितं प्रतिपदं स्मरणीयम्।

विस्मृतैतदुपनिषदामाशावैवश्यव्याकुलात्मनां सततमनुधावतां परित्यक्तसदाचाराणां कूटनीतिपरायणानामिर्ष्यादहनदग्धहृदां नीरसपुण्योदीरणयत्नतत्पराणां क्लेशैकफलानां तु सुदूर एवाभिवाञ्छितसिद्धिः।

---

**શું પોતે ખરેખર તેમને વંદનીય છે ? તેમને ઉપદેશ આપવાની યોગ્યતા ધરાવે છે ? એનું ચિંતન કરીએ તો સ્પૃહા-ઈર્ષ્યા આદિ પર સરળતાથી વિજય મેળવી શકાય.**

**જેણે છેદસૂત્રોનો અભ્યાસ કર્યો છે એ દેશનાના અધિકારી છે એવી ભગવાનની આજ્ઞા છે. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કહે છે કે જે અધિકારી નથી એની કોઈ પણ પ્રવૃત્તિ સમ્યક્ ન હોઈ શકે. આમ હોવા છતાં વ્યાખ્યાનની સ્પૃહા કરવી, ન મળે તો ઈર્ષ્યા વગેરે કરવી એ અતિ અનુચિત છે. આ વિષયમાં ન્યાયવિશારદ વાર્તિકમાં વધુ સ્પષ્ટીકરણ કર્યું છે.**

**નિઃસ્પૃહતા, પાત્રતાનું ધ્યેય અને પાત્રની હાર્દિક અનુમોદના આ ત્રણ વસ્તુ આવશે એટલે બધું આવી ગયાં વિના રહેવાનું નથી. પરમર્ષિનો આ શ્લોક 'नार्थ्यते यावद्' ડગલે ને પગલે યાદ રાખવા જેવો છે. આ રહસ્ય ભૂલીને જીવ પોતાની અદમ્ય ઈચ્છાથી આકુળ-વ્યાકુળ થઈ જાય છે. આકાશ-પાતાળ એક કરે છે. સદાચારને નેવે મૂકે છે. ખોટા દાવપેચ રમે છે પણ એનું મનોવાંછિત તો દૂર ને દૂર ભાગતું રહે છે. રસ વિનાની શેરડી હોય અને એના પણ નીચોવાઈ ગયા પછીના છોડા હોય, એના જેવા પુણ્યની પેલો ઉદીરણા કર્યા કરે છે. ફરી ફરી એ છોડાને સંચામાં નાંખે છે. એક ટીપું ય નીકળે**

परिणतोपनिषदां तु सततं परमानन्दसमाधिनिमग्नानां न किञ्चिद्धर्षशोकप्रभविष्णु। अन्वाह च- अन्तर्निमग्नः समतासुखाब्धौ, बाह्ये सुखे नो रतिमेति योगी - इति।

न हि शुक्लं शुक्लीक्रियत इति किं परमानन्दनिमग्नानां सुखीकरणेन ?। आह च - तह सोक्खं सयमाया, विसया किं तत्थ कुव्वंति ? - इति[1]।

કે કેમ એ તો ભગવાન જાણે, એ તો પરસેવે રેબઝેબ થયા વિના રહેતો નથી. જીવની કેવી કારમી વિડંબના !

પણ જેને આ વિડંબના સતાવતી નથી. જેને પેલું રહસ્ય બરાબર આત્મસાત્ થઈ ગયું છે. એને નથી સંપત્તિમાં હર્ષ કે નથી વિપત્તિમાં શોક. એ તો પરમાનંદની સમાધિમાં ઉત્કૃષ્ટ આનંદમાં મગ્ન છે. એમાં હર્ષ-શોક શાના... અરે ભૂલ્યો.. એમાં તો સંપત્તિ-વિપત્તિ જ શાના ? એ અદ્ભુત મસ્તીમાં મસ્ત આત્માઓના આ અંતરોદ્‌ગાર છે - 'ચિદાનંદ કી મોજ મચી હૈ, સમતા રસકે પાનમે...'

એક રાજા ડિપ્રેશનનો ભોગ બની ગયો. એના કારણે અનેક રોગો આવ્યાં. વૈદો-હકીમો-માંત્રિક-તાંત્રિકો-ભૂવાઓ બધાં જ નિષ્ફળ ગયાં. રાજા ત્રાસી ગયો. તપાસ કરતાં ખબર પડી કે એક પ્રભાવશાળી સંત છે. મંત્રીઓ તેની પાસે ગયાં. પધારવાની વિનંતિ કરી. સંતે ઈન્કાર કરી દીધો. મંત્રીઓએ કહ્યું, 'રાજા તમને ખુશ કરી દેશે.' આ સાંભળીને સ્મિત કરતાં સંતે એટલો જ જવાબ આપ્યો કે - 'હું ખુશ જ છું.'

સંતની વાત કેટલી માર્મિક ! આશંસા પૂરી કરીને ખુશ થવું છે - સુખી થવું છે. એનો અર્થ એ જ કે આપણે પહેલા દુઃખી હતાં. એ પણ આશંસાનું જ દુઃખ. અને એ દુઃખને ઉભુ કરનાર આપણે

૧. પ્રવચનસાર.



आशंसापूर्तिजन्यसौख्यं पूर्वदुःखाविनाभावि, तद्दुःखमप्याशंसाजन्यम्, तत्कर्ताऽपि स्वयमिति विडम्बनाऽवधिः।

निःस्पृहस्य गुणत्रयमुक्तवान् परमर्षिः। आदिमः स्थैर्यम्, स्थितप्रज्ञतेत्यर्थः, सेयं काममात्रविरहिता सन्तोषसारा चित्तवृत्तिः सुखासुखरागेतरसंवेदनविमुक्ततेति परेऽपि।

धैर्यमित्यपरो गुणः। उक्तश्चायं प्राक्। सहिष्णुतासहायोऽयम्। अकालफलवाञ्छनविरहफलोऽप्ययमिति वृद्धाः। उक्तं च- किं भुक्खियवसेण उंबरु पच्चइ ? - इति। अकालफलमित्यामघटजलधारा। ततश्चोभय-

પોતે જ... રે વિડંબના. આ તદ્દન વિચિત્ર પરિસ્થિતિ જોઈને આચાર્ય હરિભદ્રસૂરિજીના મુખમાંથી શબ્દો સરી પડ્યા છે. 'धिगहो दारुणं तमः।'

જે આ વિડંબનાથી મુક્ત છે. એમની ત્રણ અદ્ભુત વિશેષતા પરમર્ષિ બતાવે છે. (૧) સ્થિર-એટલે કે સ્થિતપ્રજ્ઞ. ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે સ્થિતપ્રજ્ઞ એને કહેવાય કે જેના મનમાં કોઈ કામના નથી. જે માત્ર આત્મામાં જ તુષ્ટ છે. જેને દુઃખનો દ્વેષ નથી અને સુખનો રાગ નથી.

મહોપાધ્યાયજી કહે છે કે જ્યાં સુધી સ્થિરતા ન આવે ત્યાં સુધી ધર્મક્રિયાઓથી ખરેખરી સફળતા ન મળે.

(૨) ધીર - આ પણ ખૂબ મહત્વની વિશેષતા છે. ધીરજ વિષે પૂર્વે કહ્યું છે. ધીરજ એ સહિષ્ણુતાનો સાથીદાર છે. પૂર્વાચાર્યોએ ધીરજની મજાની વ્યાખ્યા કરી છે – અકાળે ફળની ઝંખના ન કરવી તેનું નામ ધીરજ. નવાંગી વૃત્તિકાર શ્રીઅભયદેવસૂરિજીએ જયતિહુઅણ સ્તોત્રમાં કહ્યું છે - મારું મન ઘણું ઉત્સુક છે. પણ શું ભૂખ લાગે એટલા માત્રથી કાંઈ ઉંબરું-ફળ પાકી જાય ખરું ? કહેવત પણ છે - અકાળે આંબા ન પાકે. કોઈ પણ સમુદાયના

विनाशः। उग्रज्ञानादिसाधनानलपरिपक्वघटसङ्काशा हि स्वपरहितहेतवः।

स्वात्मविस्मरणं हि परं विनिपातनिबन्धनम्। तत्स्मृत्यनुरूपाचरणधीराणां तु काले स्वतः सम्पत्समागमः।

तृतीयगुणो गाम्भीर्यम्। हर्षविषादादावनुपलभ्यमानचित्तविकारतैतदिति समयविदः। अस्थानदुःखप्रकाशनं नाम स्फुटमेव लाघवम्। न च गाम्भीर्ये सति स्वप्नेऽपि तत्सम्भवः, गभीरस्य सेव्यावस्थावस्थित-

---

**અગ્રણીઓ પ્રાયઃ ઉગ્ર જ્ઞાન-વૈયાવચ્ચ-તપ વગેરે સાધના કરીને આવ્યા હોય છે. અકાળે ફળ એ તો કાચા ઘડામાં પાણીની ધારા જેવું છે. તેનાથી તો કાચો ઘડો ને પાણી બંનેનો વિનાશ થાય છે. ઉગ્ર સાધના કરીને યોગ્ય કાળે ફળ મેળવે છે, તેઓ પાકા ઘડા જેવા છે. અને તેઓ જ સ્વ-પરના હિતકારી થાય છે.**

**પોતાના સ્વરૂપનું વિસ્મરણ એ પરમ વિનિપાતનું કારણ છે. જે તેને યાદ રાખીને ધીરજથી તેને અનુરૂપ આચરણ કરે તેને તો યોગ્ય સમયે પોતાની મેળે જ સંપત્તિનો સમાગમ થાય છે.**

(૩) ગંભીર- શાસ્ત્રકારો કહે છે કે સુખ-દુઃખના સમયમાં પણ જેની મુખમુદ્રાદિથી હર્ષ-શોક કળી ન શકાય એનું નામ ગંભીર.

પોતાને સહારાની જરૂર હોય, એવી પરિસ્થિતિમાં પણ જે બીજાનો સહારો બને એનું નામ સજ્જન. કેટલાકને પોતાના દુઃખના ગાણા ગાયા કરવાની ટેવ હોય છે. આ વસ્તુ ગંભીરતાની તદ્દન વિરુદ્ધ છે. વિપત્તિ એ કદાચ કર્માધીન છે પણ એને સો ગણી કરીને ભોગવવી કે ભૂલી જવી એ તો સ્વાધીન જ છે ને ? રડતું મોઢું ને દુઃખના ગાણા, આ સ્વયં કરેલું પોતાનું લાઘવ છે. મૂઢ જીવો ત્રણ રીતે પોતાની જાતને દુઃખી કરે છે, દુઃખ નથી આવ્યું ત્યારે એની કલ્પના કરીને, દુઃખ આવે ત્યારે રોઈ રોઈને એને ભોગવીને અને દુઃખ ગયા પછી તેને યાદ કરીને. મહાપુરુષોને તો દુઃખ આવે ત્યારે પણ તેની પ્રતીતિ થતી નથી.



स्यापि सेवकभावानिवृत्तिः, अन्वाह च - अवष्टम्भः कष्टितस्य च। गतायुषोऽपि धीरत्व - मित्यादि।

अनागतकल्पना-ऽऽगतरुदन-गतस्मृति-त्रितयेन मूढस्यात्मदुःखीकरणम्। महात्मनां तु दुःखकालेऽपि तत्प्रतीतिशून्यता। तदिदमाहसमसुखदुःख इति परमकलावलोकनानाकल्यमानसुखदुःखः, क्व चास्येङ्गितेष्वपि तत्प्रकाशनवार्तेति।।३०।।

स्थैर्यादित्रितयानुचरं सत्त्वम्, यदविनाभाविनी सिद्धिः। त्रिकालगोचरोऽयं न्याय इति ख्यापयन्नाह–

**ये सिद्धा ये च सेत्स्यन्ति[१], सर्वे सत्त्वे प्रतिष्ठिताः।**
**सत्त्वं विना[२] हि सिद्धिर्न, प्रोक्ता[३] कुत्रापि शासने।।३१।।**

---

પ્રવચનસારમાં એવા મહાપુરુષ માટે એક વિશેષણ વાપર્યું છે - સમસુખદુઃખ. સ્થૂળ દૃષ્ટિએ લાગે કે જે સમભાવે સુખ-દુઃખ ભોગવી લે એ સમસુખદુઃખ. પણ ટીકાકારે એની અદ્ભુત વ્યાખ્યા કરી છે - પરમકલાના અવલોકનમાં જેની એટલી મગ્નતા છે કે તેને સુખ-દુઃખનું સંવેદન જ થતું નથી એનું નામ સમસુખદુઃખ. એવા મહાપુરુષના તો ઈંગિત-આકારમાં પણ સુખ-દુઃખનું પ્રકાશન સંભવિત નથી. સુખ-દુઃખના અનુભવોને વ્યક્ત કરવાનું બંધ કરીએ એટલે એના અનુભવ-વિચારોની અસર પણ મોળી પડે છે. પરિણામે એ જ દશા આવીને ઉભી રહે છે કે જે પરમર્ષિએ કહી – 'बाध्यते न च हर्षेण विषादेन न च क्वचित्।' આ વિશેષતાઓ વિના સત્ત્વશાળી બનવું અશક્ય છે અને સત્ત્વ વિના સિદ્ધિ મેળવવી અશક્ય છે, પરમર્ષિ કહે છે –

**જે કોઈ આજ સુધી સિદ્ધ થયા છે, અને જેઓ સિદ્ધ થશે એ બધામાં સત્ત્વ ગુણ પ્રતિષ્ઠિત હતો અને હશે. સત્ત્વ વિના શાસનમાં ક્યાંય પણ સિદ્ધિ કહી નથી.।।૩૧।।**

---

१. क- सित्स्य। २. क-ख-ग- विनापि। ३. क- प्रोक्तापि जिनशासने। ख- प्रोक्तापि शासने।

पणया वीरा महावीहिं - इति[१]। सिद्धिमार्गो हि सत्त्वशालिनामित्याशयः। द्रव्याद्यपायेष्वपि विहिताचारप्रतिबद्धहृदयोऽनिगूहितपराक्रमधृतिबलव्यवसायः कूटचरित्रविनिर्मुक्तोऽशठः सर्वथा चारित्रीति पारमर्षम्। नात्राऽपवादपदसम्भवः, तच्च्युतेः रागादिकार्यत्वात्। एवं च निःसत्त्वस्य चारित्रासम्भवः, तस्य संहननाद्यालम्बनस्यापि मायाचारमात्रत्वात्। तुर्यारेऽप्यस्य पराक्रमादेरसम्भवः। इतरेषां त्वद्यापि प्रत्यक्षैवोग्रचर्येति।।३१।।

---

હરિનો માર્ગ છે શૂરાનો... અહીં માયકાંગલાનું કામ નથી. જેને યથાશક્તિ સાધના પણ કરવી નથી, એને ચારિત્રી કહેવા માટે શાસ્ત્રકારો હરગીઝ તૈયાર નથી. શાસ્ત્રોમાં ઉત્સર્ગો ય છે ને અપવાદો ય છે. પણ શાસ્ત્રકારોએ તો સંયમીની એક કાયમી વ્યાખ્યા બાંધી છે, અને એમાંથી છટકીને કોઈ જ પોતાને 'સંયમી' કહી શકે તેમ નથી. આ રહી એ વ્યાખ્યા – 'જે પોતાના ધૃતિ, સત્ત્વ અને વ્યવસાયને ગોપવ્યા વિના માયા છોડીને સંયમમાં યત્ન કરે એ જ અવશ્ય ચારિત્રી છે.' શાસ્ત્રકારોનું આ એલાન છે – 'असढो सव्वत्थ चारित्ती' આ ચારિત્રી વધુમાં વધુ સાત-આઠ ભવમાં મોક્ષમાં જશે જ એવી શાસ્ત્રકારો ખાતરી આપે છે.

પણ આ ત્યારે જ શક્ય બને જ્યારે આત્મામાં સત્ત્વ પ્રતિષ્ઠિત થઈ જાય. કાળ, સંઘયણ વગેરેના બહાનાથી નિઃસત્ત્વતાને ઢાંકવી એટલે હાથે કરીને આપણા આત્માને સિદ્ધિથી વંચિત કરવો. સત્ત્વ વિના ચોથા આરામાં ય મરીચિની શું દશા થઈ હતી ? અને આજના કાળમાં ય આપણી આસપાસ મહાસત્ત્વશાળીઓનો ક્યાં તોટો છે ? સિદ્ધિલક્ષ્મી જાણે વરમાળા લઈને એ સત્ત્વશાળીઓની રાહ જ જોઈ રહી છે. ચાલો, આપણે ય સિંહસત્ત્વના સ્વામિ બનીએ અને એમનામાં આપણો પણ નંબર લગાડી દઈએ. ।।૩૧।।

---

૧. આચારંગસૂત્ર.



किं सुखेन सिद्धेरसम्भव एव इत्यारेकायामाह–

**एवमेव सुखेनैव, सिध्यन्ति यदि कौलिकाः[१]।**
**तद् गृहस्थादयोऽप्येते, किं न सिध्यन्ति कथ्यताम्।।३२।।**
**सुखाभिलाषिणोऽत्यर्थं, ग्रस्ता ऋद्ध्यादिगौरवैः।**
**प्रवाहवाहिनो ह्यत्र[२], दृश्यन्ते सर्वजन्तवः।।३३।।**
**एवमेव सुखेनैव, सिद्धिर्यदि च मन्यते।**
**तत्प्राप्तौ[३] सर्वजन्तूनां, तदा रिक्तो भवेद् भवः।।३४।।**

अभ्यासतः प्रकर्ष इति सुखेऽपि योजयन्ति कौलिकाः। तन्न,

---

પણ જો સુખ ન જ છૂટે તો ? સત્ત્વ ન જ જાગે તો ? સિદ્ધિનો બીજો પણ કો'ક ઉપાય હશે ને ? એનો જવાબ આપતા પરમર્ષિ કહે છે –

**જો સત્ત્વ ફોરવ્યા વિના આમ ને આમ સુખશીલ (વામમાર્ગી) જીવો સિદ્ધિ પામી શકતા હોય તો પછી આ ગૃહસ્થોએ શું ગુનો કર્યો છે ? એમનો મોક્ષ કેમ થતો નથી એ તો કહો.।।૩૨।।**

**આખી દુનિયા તો સુખની અત્યંત અભિલાષી છે, ઋદ્ધિ, રસ અને શાતા ગારવમાં લપટાયેલી છે. એક નદીનો પ્રવાહ-ગાડરિયા ટોળાની માફક ચાલ્યો જાય છે. તેમાં બધાં નિઃસત્ત્વપણે તણાતા જાય છે.।।૩૩।।**

**અને આ રીતે સુખ ભોગવતાં ભોગવતાં જ જો મોક્ષ મળતો હોય, તો તો બધાનો મોક્ષ થઈ જાય. અને આ આખો સંસાર સાવ ખાલી થઈ જાય.।।૩૪।।**

કહ્યું છે ને ? 'मुण्डे मुण्डे मतिर्भिन्ना' જેટલા માથા એટલા અભિપ્રાય. ઠીક છે, પણ એ અભિપ્રાયમાં જ્યારે કદાગ્રહ ભળે છે, એમાં પાછો સ્વાર્થ ભળે છે અને એને માયાનો સાથ મળે છે, ત્યારે

---

१. क - कोलिका। २. ग - हात्र। ३. ग - प्राप्तै ।

बाधकसद्भावे न्यायसङ्कोचस्यावश्यकत्वात्, गृहिमुक्तिप्रसङ्गश्चात्र बाधकः। तथाप्यसद्ग्रहोऽनादिसञ्ज्ञापोषप्रयोजनो मायाचारः। ततश्चोभयानर्थः। प्रायः सर्वेषामपि सुखान्वेषितया शक्यवञ्चनत्वात्। तथा चार्षम्- सव्वे पाणा परमाहम्मिया- इति। एवं च मुग्धानां मार्गभ्रंशः।

चरमजिनचरणसाधनामनुस्मरन् को नाम सशूकः सुखं मुक्तिहेतुं ब्रूयात् ? ध्यानमात्रान्मुक्तिरित्यपि मिथ्यात्विवचः। संयमतपःपराक्रमो हि ध्यानादिसहायो मुक्त्यवन्ध्यनिबन्धनमिति परिणतप्रवचनसुधारसोद्गारः।

---

એ ખતરનાક સ્વરૂપ ધારણ કરે છે. આવો જ એક ખતરનાક અભિપ્રાય એટલે વામમાર્ગ - 'સુખ ભોગવો અને મોક્ષે જાવ.' વાહ ભાઈ વાહ, આવો ધર્મ તો કોને ન ગમે ? અનાદિકાળના સુખશીલતાના સંસ્કાર તોડવા માટે તો ધર્મ છે. એ જ તો મોક્ષમાર્ગ છે. એ મોક્ષમાર્ગ પર પાપા પગલી ભરતાં જીવને આવો કો'ક હિતેચ્છુ (?) ભટકાઈ પડે છે અને બિચારાને પટકી નાંખે છે.

શું પરમાત્મા મહાવીરમાં આ અદ્ભુત ધર્મનું (?) જ્ઞાન ન હતું કે સાડા બાર વર્ષની ઘોર સાધના કરી ? ભૂલે ચૂકે એવા હિતેચ્છુના (?) પનારે પડતા મા. પરમર્ષિ એને સ્પષ્ટ બાધક આપી દે છે કે તો ગૃહસ્થોનો મોક્ષ કેમ નથી થતો ?

આની સામે પેલા ધ્યાન-બ્યાનની સૂફિયાણી વાતો ભલે કરે. સર્વજ્ઞ ભગવંતોની ચોખ્ખી વાત છે કે એ બધો આળસુ-સુખશીલ જીવોનો પોતાનો દોષ પોષવાનો માયાચાર છે. એ રીતે કદી મોક્ષ ન મળી શકે. તમારે મોક્ષ જોઈએ છે ? તો સત્ત્વ ફોરવો અને ધ્યાનાદિસહિત તપ-સંયમમાં પરાક્રમ કરો. તમારી શક્તિનો પૂરેપૂરો ઉપયોગ સાધનામાર્ગે કરો. એ સિવાય મોક્ષ મળે એવી કોઈ જ શક્યતા નથી. અનુસ્રોત જ સંસાર છે અને પ્રતિસ્રોત જ સંસાર પાર ઉતરવાનો ઉપાય છે એવું આગમવચન પણ અહીં સાક્ષી છે.



अनुस्रोत एव संसारः, प्रतिस्रोत एवास्योत्तार इत्यागमवचोऽप्यत्र साक्षि। अन्यथा तु वज्रलेपायमाना सर्वजीवमोक्षापत्तिः, अनुस्रोतएकगामित्वाद् भवस्य। तथा च पारमर्षम्- भूएहि जाण पडिलेह सायं - इति।।३४।।

आस्तां लोकोत्तरसिद्धिः, लौकिकसिद्धिरप्येवं दुर्लभेत्याह–

**लोकेऽपि सा[1]त्त्विकेनैव, जीयते परवाहिनी।**
**उद्धूलि[2]कोऽपि नान्येषां, दृश्यतेऽह्नाय नश्यताम्।।३५।।**

---

આચારાંગ સૂત્ર કહે છે - અનંત અનંત જીવોની એક જ અભિલાષા છે – સુખ મેળવવાની' જેમ જેમ જીવને થોડી-ઘણી સાધનસામગ્રી મળતી જાય છે એમ એમ એ ઋદ્ધિ-રસ-શાતા ગારવનો ભોગ બનતો જાય છે. ખૂબ જ સહજતાથી, કોઈ શિક્ષણ વિના, કોઈ પણ ઉપદેશ કે પ્રેરણા વિના, જાણે અજાણતા જ જીવ સુખને મેળવવા પ્રયત્નો કરતો રહે છે.

જો સુખથી જ મોક્ષ મળતો હોય, તો આખો સંસાર જ ખાલી ન થઈ જાય ? બધાનો મોક્ષ ન થઈ જાય ? આ સંસાર ભર્યો-ભર્યો દેખાય છે એ જ બતાવી આપે છે કે સુખ ભોગવવાથી કદી મોક્ષ ન મળી શકે. આગળ વધીને પરમર્ષિ કહે છે -

**અરે, મોક્ષની વાત તો શું કરીએ, દુનિયામાં એક સામાન્ય યુદ્ધમાં પણ વિજય મેળવવો હોય- દુશ્મન સેનાને જીતવી હોય તો એ કામ પણ સત્ત્વશાળી જ કરી શકે એમ છે. બાકી તો દુશ્મનોથી ગભરાઈને નિઃસત્ત્વ જીવો ઝપાટાભેર ભાગતાં હોય અને એમાં કોઈ જોરાવર દોડવીર અત્યંત તેજ ગતિથી ભાગે તો એ નામોશી જ છે, પ્રશંસાસ્પદ નથી, લોકો એને કોડિમાં ય લેખતા નથી.।।૩૫।।**

---

१. ख-ग- सात्वि। २. क-ख-ग- लको।

**लोकोत्तरान्तरङ्गस्य, मोहसैन्यस्य तं विना।**
**सम्मुखं नापरैः स्थातुं, शक्यते नात्र कौतुकम्।।३६।।**

वीरभोग्या वसुन्धरेति लोकेऽपि प्रसिद्धम्। निःसत्त्वास्तूभयत्र पराजिताः स्युः, यथोक्तम्- दुःखाद्विरक्ताः प्रागेवेच्छन्ति प्रत्यागतेः पदम्।

---

**તો પછી આ તો લોકોત્તર યુદ્ધ છે. અનાદિ કાળથી દુનિયા પર - આપણા આત્મા પર સામ્રાજ્ય જમાવીને બેઠેલું ખૂબ ખૂબ શક્તિશાળી મોહરાજાનું સૈન્ય છે. તો પછી તેને તો સત્ત્વ વિના કેવી રીતે જીતી શકાય ? અરે, જીતવાની વાત તો દૂર રહી સત્ત્વ વિના તો તેની સામે ઉભા રહેવું પણ શક્ય નથી.।।૩૬।।**

લૌકિક જગતમાં ય એક કહેવત પ્રસિદ્ધ છે - વીરભોગ્યા વસુન્ધરા - જે વીર છે એ રાજા થઈને પૃથ્વીને ભોગવે છે. નિઃસત્ત્વ જીવો તો લૌકિક અને લોકોત્તર બંને જગતમાં પરાજિત થાય છે.

અધ્યાત્મસારમાં નિઃસત્ત્વ સાધકો માટે કાયર સૈનિકોની ઉપમા આપતાં કહ્યું છે - દુઃખથી વિરક્ત એવા એ જીવો કર્મસંગ્રામની પૂર્વે જ પીછેહઠની ઈચ્છા કરતાં હોય છે. જેમ કે યુદ્ધમાં અધીર સૈનિકો લપાતા છૂપાતા આસપાસના વન-વગડામાં પ્રવેશી જાય છે.

શત્રુની કલ્પનામાત્રથી ડરી જાય, તેઓને શત્રુના સાનિધ્યમાં સત્ત્વનો વિલય થઈ જાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. સાત્વિક વ્યક્તિ તો એકલો હોય તો ય આખી સેનાને પહોંચી વળે.

એક વાર કુમારપાળ રાજાએ યુદ્ધ કર્યું. શત્રુએ તેની આખી સેના ફોડી નાંખી હતી. રણમોરચામાં બધાને પ્રશાંતમૂર્તિ જોઈને કુમારપાળે મહાવતને પ્રશ્ન કર્યો, ઘટસ્ફોટ થયો. કુમારપાળે પૂછ્યું, 'મારે પક્ષે કોણ છે ?' જવાબ મળ્યો, 'આપ, હું ને હાથી.' કુમારપાળ કહે મારા માટે આટલા પણ ઘણા છે.' હાથીને સીધો શત્રુ રાજાના હાથી તરફ લેવડાવ્યો. ધસમસતા હાથીને જોઈને પેલો ગભરાઈ ગયો. હાથીને પાછો ઠેલવા માટે કાન ફાડી નાંખે એવા



अधीरा इव सङ्ग्रामे, प्रविशन्तो वनादिकम् - इति। रिपुकल्पनामात्रभीतानां तत्सान्निध्ये सत्त्वविलय इति नात्र किञ्चिदपि चित्रम्। सात्त्विकस्त्वेकोऽपि वाहिन्यधिकः, कुमारपालनृपवत्।

एवं चानादिरिपुमोहराजविद्रोहे सत्त्वत एव सिद्धिः। अत एव महासत्त्वानां मरणान्तोपसर्गेष्वपि सैंही वृत्तिः। ततः सिद्धिरसंशयम्।

स्कन्दकाचार्यशिष्य-सुकोशलादिमुनिसिंहानामालम्बनान्यनुस्मरतः कस्य

---

શંખનાદ કરાવ્યાં. તરત જ કુમારપાળે પોતાના ખેસના બે ટુકડા કરીને હાથીના કાનમાં નાખી દીધાં. નજીક જઈને શત્રુરાજાની અંબાડીમાં કૂદકો લગાવી દીધો અને તેના ગળે તલવારની ધાર ધરીને વિજય મેળવ્યો.

પરમર્ષિ કહે છે - સત્ત્વ વિના લૌકિક સિદ્ધિ પણ અસંભવિત છે, તો લોકોત્તર સિદ્ધિની તો ક્યાં વાત રહી ? મહાસત્ત્વ જીવોને તો સત્ત્વના પ્રભાવે જ ઉપસર્ગોમાં પણ સિંહ જેવી વૃત્તિ હોય છે. જેના પ્રતાપે તેઓ નિશ્ચિતરૂપે સિદ્ધિને મેળવી લે છે. યાદ કરો... પેલા સ્કંદકાચાર્યના ૫૦૦ શિષ્યો. જેમણે ઘાણીમાં પીલાવાની અસહ્ય અસહ્ય વેદનામાં ધગધગતા સત્ત્વ સાથે ક્ષપકશ્રેણિ પર આરોહણ થયા. પેલા ગજસુકુમાલ... સત્ત્વની પરાકાષ્ઠા બતાવી અને અંગારાથી બળતા માથાની વેદનાને ખુમારીથી સહી લીધી. પેલા મેતારજ મુનિ... કચકચાવીને બાંધેલી ચામડાની વાધરે તડકો ખાધો, સંકોચાતી ગઈ.. વેદના અસહ્ય બની તો સત્ત્વ પણ નિઃસીમ બન્યું. આંખના ડોળા બહાર નીકળી ગયાં. પણ સત્ત્વનો અંશ પણ ઓછો ન થયો. પેલા ખંધક મુનિ... જીવતે જીવતાં આખા શરીરની ચામડી ઉતારવાનો એ ભયાનક ઉપસર્ગ પણ અદ્ભુત સત્ત્વથી હસતાં હસતાં સહી લીધો. પેલા ઝાંઝરિયા મુનિ... માથું કપાવાની વેદના ભોગવતાં સત્ત્વનો સાગર હિલોળે ચઢ્યો. પેલા વ્રજાચાર્ય... સિંહે જીવતા ફાડી ખાધા પણ પૂર્ણ સમાધિ સાથે સત્ત્વને જાળવી રાખ્યું. પેલા કીર્તિધર

न सत्त्वप्रकर्षप्राकट्यम्। श्रमणी-श्राद्ध-श्राद्धीनामपि महापराक्रमाणामन-

---

અને સુકોશલ મુનિ.... વાઘણના ઉપસર્ગનો પ્રથમ લાભ લેવા માટે પડાપડી કરી. પ્રકૃષ્ટ સત્ત્વથી એ ભયંકર ઉપસર્ગને ખમી લીધો. પેલા ધર્મઘોષ મુનિ... માસક્ષમણના તપમાં ભયંકર તૃષાને સહન કરી અને આતમનું કાજ સાધી લીધું. પેલા સનત્કુમાર રાજર્ષિ... ચિકિત્સાની શક્તિ હોવા છતાં રોગોની ભયંકર વેદનાને ખુમારીપૂર્વક સહી લીધી. પેલા ઋષભસેન મુનિ.... ઉપાશ્રય બળવા લાગ્યો અને સપરિવાર મહાસત્ત્વથી આરાધના કરી લીધી. શેરડીના ખેતરમાં દંશ પરીષહને સહન કરતાં મહાત્મા... લાખો ચટકા સહન કરીને કેવળજ્ઞાન અને નિર્વાણ પામી ગયાં. પેલાં ધન્ના-શાલિભદ્રજી... અગ્નિના ભઠ્ઠા જેવી શિલા પર પરમ સત્ત્વથી દેહ ઓગાળી દીધો. પેલા અવંતિ સુકુમાલ... શિયાળણી અને એના બચ્ચા એમના દેહની ઉજાણી કરતાં ગયાં અને એમના સત્ત્વનો પારો ઊંચે ને ઊંચે ચઢતો ગયો. પેલા અર્ણિકાપુત્ર આચાર્ય... ત્રિશૂળથી વીંધાઈ ગયાં પણ સત્ત્વ તો અખંડ ને અખંડ જ રહ્યું. પેલા જિનધર્મ અણગાર.. પશુ-પંખીઓએ માંસના લોચે લોચા ઉડાવી દીધા અને અફાટ સત્ત્વથી કાયોત્સર્ગમાં સ્થિર રહ્યા. પેલા ચિલાતીપુત્ર... જંગલી કીડીઓ પગથી અંદર ઘૂસી અને છેક માથું પણ ફોલી ખાધું અને અપ્રતિમ સત્ત્વથી એ વેદનાને માણી લીધી. પેલા ઉદાયન રાજર્ષિ... આખું શરીર ઝેરથી લીલુંછમ બની ગયું.... ખેંચાણ વધતું જતું હતું. અસહ્ય વેદના થતી હતી... છતાં ય સત્ત્વ ન ચૂક્યાં... અને ક્ષપક-શ્રેણિ લગાવીને સિદ્ધિ મેળવી લીધી. પેલા ભદ્રબાહુસૂરિના ચાર શિષ્યો... મરણાંત શીતવેદના સહન કરી અને સત્ત્વને સતત જીવંત રાખ્યું. પેલા વ્રજસ્વામિએ પાંચસો મુનિવરો સાથે દુકાળમાં અણસણ સ્વીકાર્યું. અને અંગારા જેવી શિલા પર સંથારો કર્યો... તેમના આલંબને કોમળ દેહવાળા બાળમુનિએ પણ એવી શિલા પર પોતાના માખણ જેવા શરીરને



ल्पोदाहरणानि सुलभानि। नैतन्मात्रम्, दुःसहोपसर्गेष्वपि परमधैर्यावलम्बि-तसत्त्वानां मुनिकल्पतिरश्चामपि निदर्शनानि न दुर्लभानि। तेषामनुमोद-

---

ઓગાળી દીધું. પેલા સાગરચન્દ્ર.. આખું શરીર સોયાઓથી વીંધાઈ ગયું હતું એ પરિસ્થિતિમાં પણ સત્ત્વના શિખરે ચઢીને કાયાને વોસિરાવી દીધી. ભડભડતી અગ્નિની જ્વાળાઓમાં બળતા ચાણક્ય.. અજબ ગજબના સત્ત્વ સાથે ધ્યાનથી લેશ પણ ચલિત ન થયાં. પેલો ચંડકૌશિક... કીડીઓએ શરીરને ચાલણી જેવું કરી નાખ્યું. પણ ન તો સ્થાનથી ચલિત થયો કે ન તો ધ્યાનથી. પેલાં કંબલ--સંબલ બળદો, પેલો વૈતરણી વાનર, શ્રાવકપુત્ર માછલો, પેલો વિરાધિતશ્રામણ્ય પોપટ, મણિયાર દેડકો, સેડુગ દેડકો, મરુભૂતિનો જીવ હાથી, પેલી બ્રાહ્મણી કૂતરી, ચારુદત્તનો બકરો, ક્ષુલ્લક પાડો, પેલો વિક્રમ રાજાનો ઘેટો, મુનિસુવ્રતસ્વામિ દ્વારા બોધિત ઘોડો, ધરણેન્દ્ર સર્પ... આ બધા તો તિર્યંચ હતાં પણ એક ગીતાર્થ મહામુનિને છાજે એવી રીતે તેમણે ભયંકર ઉપસર્ગોને સહન કર્યા. અદ્ભુત અંતિમારાધના કરી અને સત્ત્વની પરાકાષ્ઠાથી સિદ્ધિસુંદરીને પોતાની અનુરાગી બનાવી દીધી.

પરમર્ષિ કહે છે - આ મહાસત્ત્વશાળીઓને યાદ કરો. એમણે જે પ્રચંડ સત્ત્વથી મોહસેનાને પરાસ્ત કરી એની અંતરથી અનુમોદના કરો. પ્રાયોગિકપણે તમારા જીવનમાં પણ સત્ત્વનો વિકાસ કરતાં જાઓ. ડગુમગુ થાઓ એ પૂર્વે જ ફરી ફરી આ મહાપુરુષોને યાદ કરો. એમની અદ્ભુત સાધનાની સામે તમારી નજીવી અડચણોને સરખાવો, પછી તો તમને એ અડચણરૂપ જ નહીં લાગે. અને એક દિવસ તમે એ મહાસત્ત્વશાળીઓમાંના એક બની શકશો. સિદ્ધિ સ્વયં તમને વરમાળા પહેરાવી દેશે.

કેટલીક વાર આપણું મન કાવાદાવા કરે છે. આ સહન થઈ શકે પણ આ તો નહીં જ. આ સહેલું છે, પણ આ તો ખૂબ જ

नाद्यपि सत्त्ववल्लीकादम्बिनी। अतिदुष्करमेतदिति चेत् ? अत्राह-

**सर्वमज्ञस्य[1] दीनस्य, दुष्करं प्रतिभासते।**

**सत्त्वैकवृत्तिवीरस्य[2], ज्ञानिनः सुकरं पुनः।।३७।।**

आभिमानिकौ सुकरदुष्कराविति हृदयम्।

अत एव सात्त्विकचक्रिणः षट्खण्डत्यागः पटलग्नरेणुवत्सुकरः, इतरस्य तु द्रमकस्य कूटभिक्षापात्रत्यागोऽप्यतिदुष्करः। ज्ञानसत्त्वाभ्यां यत्सुकरं तदेव तयोर्विरहे दुष्करमित्यत्र निष्कर्षः।

---

અઘરું. પણ વાસ્તવમાં સુકર કે દુષ્કર શું છે ? એની સ્પષ્ટ સમજ આપતાં પરમર્ષિ કહે છે –

**જે અજ્ઞાની છે અને દીન-નિઃસત્ત્વ છે, એને મન બધું જ દુષ્કર છે અને જે સત્ત્વવૃત્તિમાં વીર છે અને જ્ઞાની છે એને મન બધું જ સુકર છે.।।૩૭।।**

સુકર અને દુષ્કર એ આભિમાનિક વસ્તુ છે - મનના માનેલા છે. વાસ્તવ નથી. એવો અહીં આશય છે.

આ જ વાત ઉપદેશમાલામાં બીજા શબ્દોમાં કરી છે - ચક્રવર્તીને સત્ત્વ જાગે એટલે એ વિરાટ છ ખંડના સામ્રાજ્યને પણ ધૂળ ખંખેરીએ એ રીતે છોડી દે છે. જ્યારે નિઃસત્ત્વ ભિખારી પોતાના ભીખ માંગવાના ચપ્પણિયાનો પણ ત્યાગ કરી શકતો નથી.

પરમર્ષિ એટલું જ કહેવા માંગે છે કોઈ પણ કાર્ય વાસ્તવમાં સુકર કે દુષ્કર હોતું નથી. જ્ઞાન અને સત્ત્વ હોય તો બધું જ સુકર છે અને અજ્ઞાન અને નિઃસત્ત્વતા હોય, તો બધું જ દુષ્કર છે.

જ્ઞાન વિનાનું સત્ત્વ પણ નકામું, અને સત્ત્વ વિનાનું જ્ઞાન પણ નકામું... રથ તો બે પૈડાથી જ ચાલે ને ?

કાર્તિકી પૂર્ણિમાનો દિવસ હતો. ચાતુર્માસ પરાવર્તનનો કાર્યક્રમ પૂરો થયો. વ્યાખ્યાન બાદ બધાં લોકોના મોઢે એક જ વાત હતી કે

---

१. क- मन्यस्य। २. क-ख- सत्वै।



सुखशीलस्य विद्यार्जनस्वप्नमपि नीरविलोडनम्। अन्वाह च - सुखार्थिनः कुतो विद्या कुतो विद्यार्थिनः सुखम् - इति। अल्पायुरनल्पशास्त्र-ज्ञानार्जनमुख्यवयःपर्यायतत्क्षमत्वादीननुपश्यतः कस्यास्मिन् क्षणमपि प्रमादः?

बाह्यभावादिः स्वसामर्थ्यकुण्ठीकरणहेतुः ततः क्रमेण ज्ञानतृष्णा-

---

અત્યારે એક નવા મહાત્મા ક્યાંથી આવી ગયાં ? વાસ્તવમાં એ મહાત્મા આખું ચાતુર્માસ ત્યાં જ હતાં. બીજા મહાત્માઓની સાથે જ હતાં. પણ દિવસ-રાત દીવાલ સામે બેસીને જ્ઞાનસાધનામાં મગ્ન હોવાથી લગભગ કોઈ એમના દર્શન પણ કરી શક્યું ન હતું. કેવી અજબ-ગજબની જ્ઞાનાર્જનમાં મગ્નતા !

જ્ઞાનથી સત્ત્વ પ્રગટે છે એ વાત સાચી, પણ સાથે એ વાત પણ સાચી કે જ્ઞાન મેળવવા માટે પણ સત્ત્વ જોઈએ છે. કહ્યું છે ને - 'સુખ જોઈતું હોય તો જ્ઞાન છોડો અને જ્ઞાન જોઈતું હોય તો સુખ છોડો.'

નાનકડું જીવન, તેમાં પણ અભ્યાસના વર્ષો કેટલાં ? અને એમાં પણ જો ગલ્લા તલ્લા- હોતા હૈ ચલતા હૈ- ની સ્થિતિ હોય, આખી દુનિયાના સમાચારોનું ધ્યાન હોય, કોણ આવ્યું-ગયું, કોણ શું કરે છે એ બધી જાણકારી હોય તો જ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ થવી શક્ય નથી.

આજે તો કેટલાંય નાની ઉંમરના તીક્ષ્ણ બુદ્ધિવાળા તેજસ્વી કિશોરો દીક્ષિત થાય છે. જો તેઓ ઓછામાં ઓછું ૧૦ થી ૧૫ વર્ષ પણ ઉગ્ર જ્ઞાનસાધના કરે તો અદ્ભુત પરિણામ આવ્યા વિના ન રહે. તેમના ગુરુજીઓએ આ બાબત અપ્રમત્ત થવાની જરૂર છે. તેમણે તેમને ભણવાનો ઉત્સાહ જાગે તેવો બધી જાતનો પ્રયત્ન-પ્રેરણા કરતાં રહેવા સાથે તેમને ભણવાની બને એટલી વધુ અનુકૂળતા કરી આપવી જોઈએ. સ્વયં ભોગ આપ્યા વિના આ કદી શક્ય નહીં

विगमः, ततश्चाकालमृत्युरध्ययनस्य।

प्रातराश इत्यपि ज्ञानार्जनप्रतिपन्थी, यतोऽसौ चित्तैकाग्रताविघ्नम्। न खलु प्रतिबन्धकविगममन्तरेण कारणस्वरूपलाभः। ततश्चायं परमकर्तव्यः कार्यार्थिनः।

---

બને. બાહ્યભાવ, બાહ્યપ્રવૃત્તિ, ગૃહસ્થો સાથેનો વ્યવહાર વગેરેથી મનમાં અનેક કચરા ભરાય છે. આ બધું કર્યા પછી ચોપડી લઈને ખૂણામાં બેસે ત્યારે ય મન ચારે બાજુ ભમતું હોય છે. છેવટે ભણવાનો રસ છૂટી જાય છે અને ભીનું સંકેલીને જ્ઞાનસાધનાનું સર્વમંગલ કરી દેવામાં આવે છે.

જ્ઞાનસાધનામાં બીજું એક મોટું બાધક હોય તો એ છે નવકારશી. સવારનો સુવર્ણ સમય જ્ઞાનાર્જન માટે શ્રેષ્ઠ છે. ઠંડો પહોર અને ખાલી પેટ એ મનની એકાગ્રતાના અનન્ય સહકારી છે. એક વાર પેટ ભરાય એટલે નિયત સમય માટે મનને એકાગ્ર રાખવું દુષ્કર થઈ જાય છે. માંડ માંડ મન થોડું ઘણું એકાગ્ર થાય ત્યાં તો બપોરની ગોચરીનો સમય થઈ જાય. એના પછી પાછી એ જ દશા. પડિલેહણ-પરચૂરણ કામકાજ ને દિવસ પૂરો. વર્ષોના પર્યાય પછી ય સાવ નજીવો જ્ઞાનાભ્યાસ હોય તો એનું એક મહત્ત્વનું કારણ આ પણ હોઈ શકે છે.

હા, વિશિષ્ટ ઉણોદરીથી થોડી રાહત થાય ખરી. પણ એકાસણા-આયંબિલના તપસ્વી ૪-૫ કલાકમાં જે અઠળક જ્ઞાનાર્જન સવારના કરી લે એની તોલે એ ન આવી શકે. 'મારે હવે વાપરવાનું છે.' આટલું ધ્યાન પણ સ્વાધ્યાયની ગુણવત્તા ઘટાડી દે છે.

'મને ભણવાનો રસ નથી.' આવું કોઈ કહે તો એની નીરસતાના કારણ શોધવા જોઈએ. જેમકે ઉપર એક કારણ બતાવ્યું છે. હજારો પ્રેરણા જે પરિણામ ન લાવી શકે એ પરિણામ આવું એકાદ પરિવર્તન લાવી શકે. ક્ષયોપશમ વગેરે જ્ઞાનાર્જનના હેતુ છે. જેમાં બાહ્યભાવ



संयमस्वाध्यायारोग्याद्यनेकप्रयोजनसिद्धिदं श्रमणानां रसत्यागोनोदरतासचिवं नित्यैकाशनं तपः। अन्यथा तु प्रायो भोगप्राधान्यम्, मौर्ख्यम्, निःसत्त्वता, असंयमः, गृहिप्रायोजीवनसमाप्तिश्च।

पढमं नाणं तओ दया, नाणा पयट्टए चरणं, ज्ञानस्य फलं विरतिः, नाणाहिओ वरतरं इत्यादीन्यार्षाणि ज्ञानमाहात्म्यज्ञापकानि,

---

આદિ પ્રતિબંધક છે. હેતુ હોવા છતાં પણ પ્રતિબંધકને કારણે કાર્યનો ઉત્પાદ થઈ શકતો નથી. માટે કાર્યને ઉત્પન્ન ન કરી શકવાથી હેતુનો સ્વરૂપલાભ પણ થતો નથી, અર્થાત્ હેતુ એ હેતુ તરીકે મટી જાય છે. માટે જેને કાર્ય જોઈતું હોય- જ્ઞાનાર્જન કરવું હોય. એણે સૌ પ્રથમ તેના પ્રતિબંધકોને વિદાય આપવી પડે. તો જ તેનો ક્ષયોપશમ આદિ જ્ઞાનાર્જનનો હેતુ બની શકે - જ્ઞાનાર્જન કરવા દ્વારા તે પોતાના ક્ષયોપશમને સફળ કરી શકે.

શ્રમણજીવનમાં જિનાજ્ઞા, સંયમ, આરોગ્ય વગેરે અનેક દૃષ્ટિએ પ્રાયોગિક ત્યાગ અને ઉણોદરી સાથેના એકાસણા કે આયંબિલ લાભદાયી છે. સવારે પેટ ભરી લેવું. બપોરે ન વાપરવું એ અનેક રીતે ખરાબ પરિણામ લાવનાર છે. આ એક વિષમ વિષચક્ર છે. પછી તો અનેક તકલીફો એના જ પરિણામે ચાલું થઈ જાય છે.

જે જ્ઞાન વિના એક દિવસ પણ પસાર ન કરી શકાય એવા ઓઘનિર્યુક્તિ, પિંડનિર્યુક્તિ, આવશ્યકનિર્યુક્તિ આદિના જ્ઞાન વિના આખું શ્રમણજીવન પૂરું થઈ જાય એના જેવી દુઃખદ બીના બીજી કઈ હોઈ શકે ? ઉપદેશમાલાકારનું સ્પષ્ટ બયાન છે - 'नाणा पयट्टए चरणं'. ચારિત્રની પ્રવૃત્તિ જ્ઞાનથી જ થઈ શકે. દશવૈકાલિક સૂત્રમાં પણ કહ્યું છે - 'पढमं नाणं तओ दया'. પહેલા જ્ઞાન અને પછી દયા (ચારિત્ર) પ્રશમરતિમાં કહ્યું છે - 'ज्ञानस्य फलं विरतिः' જ્ઞાનનું ફળ વિરતિ છે. ઉપદેશમાલામાં કહ્યું છે - 'नाणाहिओ वरतरं' - ઉગ્રક્રિયાકારક

युक्तं चैतत्, तदन्तरेण चरणासम्भवात्, ज्ञापकं चात्र षड्जीवनिकाज्ञ-स्यैवोपस्थापनाकरणम्, अन्यथा तु स्फुटैव गृहिनिर्विशेषताऽर्हदाद्याशातना च।

चरणकरणपरायणा अपि स्वपरसमयानभिज्ञा निश्चयशुद्धचरण-करणसारवञ्चिताः, न चैषु निश्चयसम्यक्त्वसम्भवोऽपि। माषतुषोपमेषु तु गीतार्थगुरुपारतन्त्र्यादेव तद्योग इति समयविदः।

गुरुभिरपि गौणीकृतेतरकृत्यैः स्वाध्यायाय मुख्यभावोऽर्पणीयः। स्मर्तव्याश्च महोपाध्याययशोविजया अत्र। यद्गुरुभिरद्भुतं स्वाध्यायसाहाय्यं वितीर्णम्। अत एव स्तवेष्वपि सकृतज्ञं तन्नामोल्लेखस्तैः कृतः, आस्तां

---

**કરતાં પણ જ્ઞાનાધિક આત્મા ચડિયાતો છે.**

**તાત્પર્ય એ જ છે કે જ્ઞાન અને ક્રિયાના સમુચ્ચયથી મોક્ષ થાય છે. પણ જ્ઞાન વિના ક્રિયા (ચારિત્ર) સંભવિત નથી, એટલે જ જ્યાં સુધી ષડ્જીવનિકા-અધ્યયન સુધી અભ્યાસ ન થાય ત્યાં સુધી વડીદીક્ષા કરવાનો નિષેધ છે. એમાં પણ એ જ આશય છે કે જેનામાં એટલું પણ જ્ઞાન નથી એ ષડ્જીવનિકાયની રક્ષા કરે એ તદ્દન અસંભવિત છે. અને જો એટલી રક્ષા પણ ન કરે તો સાધુ અને ગૃહસ્થમાં કોઈ જ ફેર નહીં રહે. વળી અરિહંત ભગવાન વગેરેની આશાતના પણ થાય કારણ કે તેમની સાક્ષીએ લીધેલા પચ્ચક્ખાણોનો ભંગ થાય અને મહાપુરુષોના વેશની પણ વિડંબના થાય. ઉપદેશપદમાં પૂ.હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે 'શીતલવિહાર એ અરિહંતોની પરમ આશાતના છે.'**

**સિદ્ધસેન દિવાકરસૂરિજી તો કહે છે કે સ્વ-પરસિદ્ધાન્તના જ્ઞાન વિના નૈશ્ચયિક સમ્યક્ત્વ પણ ન સંભવે. એવા આત્માઓ ચારિત્રની ક્રિયાઓમાં કદાચ મચી પડ્યા હોય તો ય એઓ ચારિત્રના સારને**



शास्त्रेषु। अभिदधन्ति चाकरे - अभिप्रायः सूरेरिह हि गहनो दर्शनततिः, निरस्या दुर्धर्ष्या निजमतसमाधानविधिना। तथाप्यन्तः श्रीमन्नयविजय-विज्ञांह्रिभजने, न भग्ना चेद् भक्तिर्न नियतमसाध्यं किमपि मे - इति, तथा - निर्गुणो बहुगुणैर्विराजितान्, तान् गुरूनुपकरोमि कैर्गुणैः।

---

**નથી પામી શકતા. હા, માષતુષ મુનિ જેવા એમાં અપવાદ હોઈ શકે ખરા, એમના જેવાને તો સંપૂર્ણપણે ગીતાર્થગુરુપારતંત્ર્યથી નૈશ્ચયિક સમ્યક્ત્વ અને શુદ્ધ ચારિત્ર સંભવે છે. પણ જેમની શક્તિ-ક્ષયોપશમ છે તેમનું શું ?**

**આ બાબતને વડીલો ગંભીરપણે ધ્યાનમાં લે અને સ્વાધ્યાયને મુખ્યતા આપીને ગૌણપણે બીજા કાર્યો-કાર્યક્રમોની જવાબદારી લેવાય. તેઓ સ્વયં પણ એના માટે સમય ફાળવે તો જરૂર સારામાં સારું પરિણામ આવી શકે.**

**મહોપાધ્યાયજી યશોવિજયજી ન થયાં હોત તો નયવિજયજી મહારાજનું નામ પણ કોણે સાંભળ્યું હોત ? એમણે શિષ્યની જ્ઞાનસાધના માટે જે ભોગ આપ્યો હતો એનું કૃતજ્ઞ પણે મહોપાધ્યાયજીએ જે વર્ણન કર્યું છે તે વાંચીને પણ ગદ્ગદ્ થઈ જવાય.**

**શાસ્ત્રવાર્તાસમુચ્ચયના લગભગ દરેક પ્રકરણની ટીકા બાદ મહોપાધ્યાયજી એક જ વાત કરે છે કે ગ્રંથકાર હરિભદ્રસૂરિજીનો અભિપ્રાય ખૂબ ગંભીર છે. દુર્બોધ છે. ષડ્દર્શનની તીક્ષ્ણ ચર્ચાઓ સામે મારે ઝીંક લેવાની છે. એમાં પણ સ્યાદ્વાદદર્શનને અત્યંત વળગી રહીને અતિ કુશાગ્ર બુદ્ધિથી ખૂબ કપરા કામને પાર પાડવાનું છે.. પણ જો ગુરુદેવશ્રી નયવિજયજીની ચરણસેવામાં મારી અખંડ ભક્તિ હોય તો મારા માટે કાંઈ જ અસાધ્ય નથી.**

**દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશકાની અંતે તેઓ ગુરુના પ્રત્યેના કૃતજ્ઞતાની**

वारिदस्य ददतो हि जीवनं, किं ददातु बत चातकार्भकः - इत्यादि।

सन्त्यद्यापि तादृशा अविरला दीक्षिताः, यद्गुर्वधीनः प्रायोऽभ्युदयश्चेति ज्ञानसत्त्वसम्पादने यतितव्यम्। तद्वत एव स्वपरशिवबीजत्वात्। अनन्तपुद्गलपरावर्तान् यावदेकेन्द्रियादिभ्रान्तौ छेदभेदादिविद्रुतस्य सर्वदुःखाटवीदवानलसधर्माल्पकालीनव्रतकष्टं कियन्मात्रमिति जानानस्य सात्त्विकस्य

---

**અભિવ્યક્તિ કરતાં કહે છે - હું તો નિર્ગુણ છું અને ગુરુદેવ તો અનલ્પગુણોથી શોભાયમાન છે. તેમની હું કયા ગુણોથી ભક્તિ કરું ? જીવનદાતા એવા જલધરનો પ્રત્યુપકાર ચાતકનું બચ્ચું શી રીતે કરી શકે ?** ગુરુ કદાચ ઓછું ભણ્યા હશે. પણ શિષ્યને ભણાવવાની એમની જે લાગણી હશે, જે પુરુષાર્થ હશે અને જે ભોગ હશે... મને ચોક્કસ લાગે છે કે ઉપરોક્ત વાત લખતાં લખતાં મહોપાધ્યાયજીનાં રોમાંચ ખડા થઈ ગયાં હશે, આખા શરીરમાં ઝણઝણાટી થઈ ગઈ હશે, હૃદય ગદ્ગદ્ બની ગયું હશે અને આંસુઓની ધારા વહેવા લાગી હશે. મને કહેવા દો કે જો નયવિજયજી મહારાજે શિષ્યની ઉપેક્ષા કરી હોત તો કદાચ આજે આપણને મહોપાધ્યાયજી ન મળ્યા હોત. જિનશાસનને એક ભારે ખોટ પડી હોત.

આજે મહોપાધ્યાયજી નહીં તો કમ સે કમ લઘુમહોપાધ્યાયજી થઈ શકે એવા પણ સંખ્યાબંધ દીક્ષિતો હશે, જેમના ગુરુઓ મહેનત કરે તો જરૂરથી શાસનનો અભ્યુદય લાવી શકે, માટે જ પરમર્ષિ કહે છે **જ્ઞાન અને સત્ત્વ ભળે એટલે બધું જ સુકર થઈ જાય - સાવ સહેલું થઈ જાય. પાંચમા પ્રસ્તાવમાં પરમર્ષિએ કહ્યું છે કે હે આત્મન્ ! તું અનંત અનંત પુદ્ગલાવર્ત સુધી એકેન્દ્રિયાદિ સર્વ યોનિઓમાં ભટક્યો... અને બધી જગ્યાએ છેદન, ભેદન, વધ વગેરે કાળી વેદનાઓને સહન કરી. હવે તો તને જે વ્રતમાં દુઃખ**



किं नाम दुष्करम् ? सक्रियं ज्ञानं हि सत्त्वम्, यदनुभावान् महोपसर्गसहनमपि क्रीडामात्रमिति।।३७।।

अथ सत्त्वोपदेशावगमहेतुकपरदोषदर्शनानर्थनिवारणायाऽऽह–

---

**દેખાય છે, જે સાધના કઠણ લાગે છે, એ તો એની સામે કાંઈ જ નથી. અને એટલી સાધના કરવાથી, એટલું અલ્પકાલીન દુઃખ સહન કરવાથી જ તારા બધાં જ દુઃખો કાયમ માટે ભસ્મીભૂત થઈ જવાના છે. માટે તું સત્ત્વ ફોરવ અને બધાં જ દુઃખ સહી લે.**

પરમર્ષિની આટલી જ વાત મનમાં બરાબર ફીટ થઈ જાય એટલે નિઃસત્ત્વતા જતી રહે. જ્ઞાન સક્રિય બને. સત્ત્વના સાગરમાં ભરતી આવે અને કોઈ પણ સાધના દુષ્કર ન રહે. બધું જ જાણે રમત બની જાય. એક આનંદમય અનુભવ બની જાય. ॥૩૭॥

હવે પરમર્ષિને એક વાતનો ખટકો રહે છે કે મેં સત્ત્વ ને ધીરતા વગેરેની ઉંચી ઉંચી ઘણી વાતો કરી. પણ કદાચ બાળજીવો આ વાતોને સ્વજીવનમાં ઉતારવાને બદલે આને આગળ કરીને બીજાના દોષો જોતા થઈ જાય તો ? તો તો મારી આ બધી મહેનત પાણીમાં મળી જાય.. એટલું જ નહીં એના આત્માના ભયાનક નુકશાનમાં હું નિમિત્ત બની જાઉં... એ તો મને હરગીઝ ન ચાલે.

આ વિચારીને પરમર્ષિ - ‘કાળ-કર્મ વગરેને કારણે ગુણોનો દુકાળ છે. તેથી કોઈના દોષો ન જોવા પણ ગુણાનુરાગી દૃષ્ટિ કેળવીને જ્યાં જેટલાં ગુણ દેખાય એના પ્રત્યે પ્રમોદભાવ કેળવવો જોઈએ’- એવો ઈશારો કરતાં કહે છે -

**તમે આખી દુનિયા ફરી વળો અને તેમાં બે-ચાર વ્યક્તિ જ એવી મળે કે જે ધીરતા, ગંભીરતા, ઉદારતા વગેરે ગુણોથી શોભતી હોય. તો ય તમે નાચી ઉઠજો. સમજી લેજો કે તમને સહરાના રણમાં કલ્પવૃક્ષ મળી ગયું છે. આ તો હળાહળ કલિકાલ છે. અહીં તો આટલા મળ્યા તે ય મોટું આશ્ચર્ય છે.**

द्वित्रास्त्रिचतुरा वा[1]पि, यदि सर्वजगत्यपि।
प्राप्यन्ते धैर्य- गाम्भीर्यौ-दार्यादिगुणशालिनः।।३८।।
बाहुल्येन तदाभास- मात्रा अपि कलौ कु[2]तः ?।
बु[3]सप्रायैस्तु लोकोऽयं, पूरितो भवपूरकैः।।३९।।

ततश्चान्याय्यो गुणाऽऽग्रहविहितहेतुकतिरस्कार इत्याशयः। गुणशस्यदुष्कालः खलु कलिकालः। तस्मिन् जन्माप्यल्पपुण्यधनतापिशुनम्।

**અરે, આવા વાસ્તવિક ગુણવાન તો નહીં પણ જેમનામાં આવા ગુણોનો આભાસ થાય એવી વ્યક્તિઓ પણ આ કાળમાં મળવી દુર્લભ છે.**

**કારણ કે આ દુનિયા તો ભૂંસા જેવા નિઃસાર લોકોથી ભરેલી છે. જન્મ મળ્યો છે તો એને ગમે તે રીતે પૂરો કરો - એવા ભવપૂરકોથી આ સંસાર ભરેલો છે. ।।૩૮-૩૯।।**

માટે બીજામાં ગુણો જ હોવા જોઈએ એવો આગ્રહ રાખીને કરેલો તિરસ્કાર ઉચિત નથી. કળિકાળ એટલે ગુણરૂપી ધાન્ય માટેનો દુષ્કાળ. તેમાં જન્મ થવો એ જ બતાવે છે કે પુણ્યધન અલ્પ છે. જીવો કર્માધીન છે અને પોતાના દોષથી જ પ્રતિહત છે, પછી એમાં ગુણનો આગ્રહ કેમ રાખવો ? તેમના દોષોના કારણે પોતાની જાતને દોષિત બનાવવામાં કઈ બુદ્ધિમત્તા છે ? અને જે પોતાના દોષોથી જ દંડાય છે, તેને દંડવામાં શિષ્ટતા પણ ક્યાં છે ?

દુનિયામાં કાંઈ પણ દેખાય એ પ્રાયઃ સર્વથા નિર્દોષ પણ નથી હોતું, અને સર્વથા નિર્ગુણ પણ નથી હોતું. હા, દ્દષ્ટાનો પક્ષપાત કઈ તરફ છે, એ વાત અલગ છે.

એટલે જો તમને તમારી આજુબાજુ સત્ત્વ વગેરે ગુણોની ખામી દેખાય તો દુર્ભાવ નહીં લાવતાં. તેની પ્રત્યે તિરસ્કારભર્યો વ્યવહાર નહીં કરતાં. પણ તમને દુનિયામાં જે બે-ચાર પણ ગુણવાન મળે

१. क-ख-ग- वा ते। २. ग- कुभ। ३. क- तुषासप्रा। ख- बुधप्रा।



कर्माधीनाश्च जन्तवः, स्वदोषनिहताश्च। कः खल्वेतेषु गुणाऽऽग्रहः ? का खलु तद्दोषेणात्मदुष्टीकरणे चातुरी ? का च निहतहनने शिष्टतेति।

दृष्टं किमपि लोकेऽस्मिन्, न निर्दोषं न निर्गुण-मिति न्यायात् सर्वत्र गुणदोषसम्भवः, क्व द्रष्टुः पक्षपात इत्यन्यदेतत्। परगुणपरमाणून् पर्वतीकृत्य दर्शनं गुणसिद्ध्युपनिषत् परा।

सहवासो नाकलह इति नीतिसूत्रम्। अत्रापवादपदं गुणानुरागवात्सल्यसहिष्णुतात्रितययुतसहवासः। तद्विरहे परदोषापादनं मोहः। कथञ्चित्

એની જ ભરપેટ અનુમોદના કરજો. એટલું જ નહીં કોઈ પણ વ્યક્તિમાં જે પરમાણુ જેવો પણ ગુણોનો અંશ દેખાય એને તમે પર્વત જેવો સમજી તેની હૃદયથી અનુમોદના કરજો.

કો'કે માર્મિક વાત કરી છે - માણસ મિત્ર સાથે પ્રેમથી રહી શકે છે. ભાઈ સાથે નહીં. આનું શું કારણ ? નીતિસૂત્ર કહે છે - 'सहवासो नाकलहः' સાથે રહેવું અને કલહ ન થવો એ લગભગ શક્ય નથી. વાસણ હોય તો ખખડે. પણ એનાથી પરસ્પર વૈમનસ્ય - સંકલેશનું વાતાવરણ કેમ ઊભુ કરીએ ? પરમર્ષિની આટલી શીખ યાદ રાખીએ તો એ નીતિસૂત્રને ય ખોટું પાડી શકાય.

આપણને સગાં-સંબંધી-ભક્તો માટે જેટલો પ્રેમ-સદ્ભાવ છે એટલો સહવર્તી સંયમીઓ પર ખરો ? એનો અંશ પણ ખરો ? એક વાર પ્રેમ રવાના થઈ જાય એટલે નજીવી વાતોમાં ય વાંકુ પડ્યા વિના ન રહે. ગુણાનુરાગભરી દૃષ્ટિ, પ્રેમ અને સહિષ્ણુતા હોય તો સ્વર્ગ ઉતરી આવે. આરાધનાનો ઉત્સાહ જાગે અને સંયમ જીવનનો ખરો આનંદ માણી શકાય. સંક્લેશ થાય તો સમજી લેવું જોઈએ કે આપણામાં આ ત્રણ વસ્તુની ખામી છે.

વાસ્તવમાં પરમર્ષિનો આશય ખૂબ ખૂબ ગંભીર છે. પરમર્ષિ બરાબર સમજે છે કે બળતું માથુ સહેવાનું સત્ત્વ હજી કદાચ ફોરવી

प्राणान्तोपसर्गसहनाधिकसत्त्वसाध्यैतत्त्रितययुतसहवासः। अत एव सत्त्वोपदेशचूलेयम्। महासत्त्वास्त्वल्पदोषस्यापि प्रशंसाकृतः, यथाहुः–

---

શકાશે પણ સહવર્તી પ્રત્યે દુર્ભાવ ન થવાં દેવો, એના દુર્વ્યવહારમાં પણ માથુ ઠેકાણે રાખવું, એના દોષ પ્રત્યે પણ કરુણા-ઉદાસીન વૃત્તિ રાખવી, એની પ્રગતિની ઈર્ષ્યા ન કરવી એના ગુણોની હાર્દિક અનુમોદના કરવી.... આ બધા માટે સત્ત્વ ફોરવવું તો અતિ અતિ કઠિન છે. એટલે જ તો એમણે સત્ત્વોપદેશના કળશ તરીકે એ પરાકાષ્ઠાના સત્ત્વ તરફ ઈશારો કરી દીધો છે. પહેલી દૃષ્ટિએ કદાચ એમાં ધિક્કારના દર્શન થાય પણ પૂર્વાપર પ્રકરણ, પરમર્ષિની કરુણા અને તેમના ગંભીર અભિપ્રાયનો વિચાર કરતાં આ આશયની પ્રતીતિ થયા વિના ન રહે. કલ્યાણની ભાવનાથી સત્ત્વોપદેશ આપતાં પરમર્ષિ કોઈની ઘસાતી વાત તો ન જ કરે ને ?

મલધારી શ્રી હેમચન્દ્રસૂરિજી કહે છે - 'જેમના અનેક ગુણો હોય એવા જીવો તો અત્યંત વિરલ જ છે. પણ જેમનામાં એકાદ ગુણ હોય એવા જીવો પણ બધે નથી હોતાં. અરે, ગુણની તો શું વાત કરવી. જેમનામાં દોષો નથી એમને ય ધન્યવાદ છે. એટલું જ નહીં જેમનામાં થોડાક જ દોષો છે, તેની ય અમે અનુમોદના કરીએ છીએ.

કેવી અદ્ભુત વાત ! ગુણનો આગ્રહ રાખવાને બદલે આ વૃત્તિ આવી જાય તો કેટલું સરસ ! દોષિત વ્યક્તિ એના દોષનું પરિણામ નિશ્ચિતપણે ભોગવવાની છે. એ કર્માધીન છે. એના પ્રત્યે કરુણાની બદલે ધિક્કાર કરવો એ અનુચિત છે. આ તો બીજાના દોષની સજા જાતને કરવા જેવું છે. જેવું પુણ્ય લઈને આવીએ એવો જ સહવાસ મળે, હવે એમાં ઝગડવું કે એને ભવ્ય બનાવવો એ પોતાના હાથની વાત છે. વળી મારામાં પણ ક્યાં દોષો નથી ? આવી વિચારધારા



भूरिगुणा विरल च्चिय, इक्काइगुणो वि जणो न सव्वत्थ। निद्दोसाण वि भद्दं, पसंसिमो थोवदोसे वि।। इति।

स्वपुण्यानुरूपो हि सहवासः, ममापि न के दोषाः ? इत्यादिविभावनेन परदोषदर्शनस्य तद्धेतुकवैमनस्यादेश्च निराकरणं स्यात्।।३९।।

अथ मनुष्यत्वादिदुर्लभप्राप्तिफलायोत्साहयन्नाह–

**मानुष्यं दुर्लभं लब्ध्वा, ये न लोकोत्तरं फलम्।**
**गृह्णन्ति सुखमायत्यां, पशवस्ते[1] नरा अपि।।४०।।**

तदिदं तृषितस्य मरुभूमिं विलङ्घ्य सरससरसीतीरान्निवर्तनमित्यभिप्रायः। अज्ञतासाधर्म्याच्च पशुत्वम्। दुर्लभसन्दोहप्राप्तिप्राप्यः खलु

---

આવે તો પરદોષદર્શન અને તેના કારણે તથા વૈમનસ્યનું નિરાકરણ થઈ શકે. ।।૩૯।।

ગુણાનુરાગ-પ્રેમ અને સહિષ્ણુતાથી કોઈનો પણ હૃદયપલટો થયા વિના રહેતો નથી. જરૂર છે માત્ર ધીરજની. ચાલો આપણે સત્ત્વ કેળવી આ ગુણોની પ્રાપ્તિ કરીએ. મનુષ્યભવ-સદ્ગુરુયોગથી માંડીને ચારિત્રપ્રાપ્તિ સુધીના આપણા બધા લાભ એનાથી જ સફળ થવાનાં છે. નહીં તો... પરમર્ષિના શબ્દોમાં જ સાંભળો...

**જેઓ દુર્લભ એવા માનવભવ (અને ઉપલક્ષણથી ચારિત્ર સુધીની ઉત્તરોત્તર વસ્તુઓ) પામીને ભવિષ્યના અનંત સુખના દાયક લોકોત્તર ફળનું ગ્રહણ કરતાં નથી. તેઓ દેખાવમાં ભલે મનુષ્ય હોય તો ય વાસ્તવમાં તો પશુ જ છે.।।૪૦।।**

કોઈ સરસ મજાના સરોવરના કિનારેથી તરસ્યો પાછો આવે તેના જેવી આ મૂર્ખતા છે - અજ્ઞાન છે. પશુ પણ અજ્ઞાની હોય છે. એ પણ અજ્ઞાની હોવાથી પશુ જેવો જ છે. અનેક અનેક દુર્લભ

---

१. क- पश्यव ।

संयमः, प्राप्ते चास्मिन् किं न सिद्धिदः सत्त्वोत्कर्षोऽधिगन्तव्यः ? तदाहुर्भगवन्तः - तिण्णो सि अण्णवं महं किं पुण चिट्ठसि तीरमागओ ? - इति। लोकोत्तरफलैव लोकोत्तरप्राप्तिर्भवतीति। तं फलमेवाह–

**तत्पुनर्मोक्षदो धर्मः, शीलाङ्गवहनात्मकः।**
**प्रतिश्रोतःप्लवात् साध्यः, सत्त्व[१]सारैकमानसैः।।४१।।**

વસ્તુઓની પ્રાપ્તિથી જ સંયમની પ્રાપ્તિ થઈ શકે. તેને પામ્યા પછી એક અપૂર્વ સત્ત્વોત્કર્ષ આવી જાય અને સિદ્ધિ થયા વિના ન રહે, શું એટલા માટે આપણે પ્રમાદ કરશું ? પ્રભુ વીરે ગૌતમ સ્વામિના નામે આપણને સર્વને આ પ્રેમાળ પ્રેરણા કરી છે - વત્સ ! આખો મહાસાગર તરી ગયો છે, કિનારાની સમીપ પણ પહોંચી ગયો છે. હવે જરાક માટે અટકી કેમ જાય છે ?

અધ્યાત્મકલ્પદ્રુમમાં કહ્યું છે - ‘મોક્ષની પ્રાપ્તિ માટે નીકળેલા ઓ મુનિ ! ચારિત્રી તરીકેના તારા નામમાત્રથી પણ તું લોકોમાં પૂજ્ય બની ગયો છે. તો એ જ ચારિત્રના શુદ્ધ પાલનથી તને કયાં ઈષ્ટ સુખો નહીં મળે ? ઓ સાધુ ! તું જેના મીઠાં ફળોને પ્રત્યક્ષ ભોગવી રહ્યો છે, એ સંયમ પ્રત્યે તારા હૃદયમાં હજી શ્રદ્ધા નથી બેઠી ? સત્ત્વની પરાકાષ્ઠાએ પહોંચીને સંયમસાધનામાં મચી પડ... એનાથી જ તું અનંત સુખનો સ્વામિ થઈ શકીશ.

લોકોત્તર પ્રાપ્તિનું ફળ પણ લોકોત્તર જ હોય છે. સુખદાયક એવા એ ફળને જ સ્પષ્ટપણે જણાવતાં પરમર્ષિ કહે છે -

**એ લોકોત્તર ફળ છે શીલાંગને ધારણ કરવારૂપ મોક્ષદાયક ધર્મ. અને એ ધર્મ એ જ જીવો કરી શકે કે જેમનું મન નક્કર સત્ત્વથી ભરેલું હોય, જેઓ નદીના વહેણની સામે તરવા જેવું પરાક્રમ દાખવી શકે. ।।૪૧।।**

१. क-ख-ग- सत्व।



गीतार्थ-तन्निश्रितान्यतर एवाष्टादशशीलाङ्गसहस्ररूपो विरतिभावः सम्पूर्णः, बाह्यप्रवृत्तेर्व्यभिचारित्वात्। स एव मोक्षदो धर्मः सत्त्वभावित-

પંચાશકમાં અઢાર હજાર શીલાંગનું સ્પષ્ટીકરણ કરતાં કરતાં આચાર્ય હરિભદ્રસૂરિજી કહે છે કે જ્યારે ન છૂટકે અપવાદપદે ષટ્કાયમાંથી કોઈની વિરાધનાનો પ્રસંગ આવે ત્યારે ૧૮૦૦૦ શીલાંગ સંપૂર્ણ ઘટી ન શકે. છતાં પણ એ સાધુ વંદનીય હોઈ શકે છે. સાધુ તરીકે માન્ય હોઈ શકે છે. કારણ કે આ શીલાંગની વાત વિરતિભાવની અપેક્ષાએ છે, બાહ્યપ્રવૃત્તિની અપેક્ષાએ નહીં. પણ શરત એટલી જ કે એ સાધુ ગીતાર્થ ગુરુને સંપૂર્ણપણે સમર્પિત હોવો જોઈએ. જે કદી પણ ગીતાર્થગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી, એ જ શાસ્ત્રને ચારિત્રી તરીકે માન્ય છે.

કેવી અદ્ભુત વાત, હરિભદ્રસૂરિજીએ ૧૮૦૦૦ શીલાંગોની વ્યાખ્યા તરીકે ગીતાર્થગુરુપારતંત્ર્ય કહી દીધું. ઉપદેશમાલાકાર તો ચોખ્ખુ કહે છે – ‘आणाए च्चिय चरणं’ - ગીતાર્થગુરુની આજ્ઞાનું પાલન એનું જ નામ ચારિત્ર.

હરિભદ્રસૂરિજી કહે છે કે જે અભિનિવેશથી ગીતાર્થગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે. એ ઉલ્લંઘન એને ‘સાધુ’ ની કક્ષાથી ઉતારી દે છે. અને એના આ દોષનું પ્રાયશ્ચિત ‘મૂલ’ જ હોઈ શકે. (નવેસરથી મહાવ્રતોની ઉપસ્થાપનાથી જ તેની શુદ્ધિ થઈ શકે.)

કારણ કે આજ્ઞા જ ચારિત્રનું જીવન છે. એ જાય, એટલે ચારિત્ર મરી પરવારે. એટલે જ પરમર્ષિએ શીલાંગવહન એ સર્વવિરતિ ધર્મ છે અને એ જ મોક્ષદાયક છે, એમ કહ્યું છે.

હવે પરમર્ષિ આ ધર્મના સાધકનો પરિચય આપે છે. જેની રગ રગમાં સત્ત્વ-બ્લડગ્રુપનું લોહી વહેતું હોય, જેનું હૃદય સત્ત્વથી ઠાંસી ઠાંસીને ભરેલું હોય, મોક્ષની અદમ્ય ઈચ્છાથી જે બધુ કરી છૂટવા

हृदामनुपमसंवेगनिर्वेदादिगुणान्वितानां कर्मसङ्ग्रामबद्धकक्षाणामनादिसञ्ज्ञाद्विषामवधीरितदेहप्रतिबन्धानां मदोन्मादमदनानामेव सुसाध्यः, इतरस्य गुरुपारतन्त्र्यस्य दुष्करत्वात्। प्रतिस्रोतःप्लवोपमोऽयं धर्मः। न खल्वनासन्नसिद्धिकानां तादृशगुरुपारतन्त्र्यम्। तन्मूलमप्येतदभिदधन्त्याचार्याः - सिद्धान्तकथा सत्सङ्गमश्च मृत्युपरिभावनं चैव। दुष्कृतसुकृतविपाकालोचनं मूलमस्यापि - इति।।४१।।

अथ सत्त्वोपदेशप्रासादपताकाप्रतिनिधिरूपोपदेशत्रितयेनोपसंहरन्नाह-

તલપાપડ હોય, જેને શરીરની કોઈ પરવા ન હોય, જેને પોતાની ઈચ્છાઓની નરી ઉપેક્ષા હોય. કર્મસંગ્રામમાં જેને મરણિયા થઈને શત્રુઓનો ખાત્મો બોલાવવો હોય. અનાદિકાળના પોતાના દોષો પ્રત્યે-સંજ્ઞાઓ પ્રત્યે જેમને અત્યંત ધિક્કારભાવ હોય એ જ આ ધર્મને સાધી શકે. એ જ ગીતાર્થ ગુરુને પૂર્ણપણે સમર્પિત રહી શકે. એ જ પોતાની ઈચ્છાઓને દફનાવીને, પોતાની અનુકૂળતાને ફગાવીને, પોતાના અભિમાનને ઓગાળીને ગુર્વાજ્ઞાને તહત્તિ કરી શકે.

હા, આ કામ સહેલું નથી. જાણે નદીનું ધસમસતુ પૂર આવતું હોય, એમાં કિનારાના વૃક્ષો પણ જડમૂળથી ઉખેડાઈ ઉખેડાઈને તણાતા હોય એવા પૂરના વહેણની સામે તરવા જેવું આ દુષ્કર કામ છે. પણ જો સત્ત્વ છે તો આ પણ રમતની વાત છે. હવે આવું અદ્ભુત ગુરુપારતંત્ર્ય આવે એવા સત્ત્વને લાવવા માટે શું કરવું ?

આના માટે આચાર્ય હરિભદ્રસૂરિજીએ ષોડશક પ્રકરણમાં પાંચ ઉપાય બતાવ્યાં છે. (૧) શાસ્ત્રાભ્યાસ (૨) સત્સંગ-સંવિજ્ઞગીતાર્થ મહાત્માઓની સોબત (૩) મૃત્યુપરિભાવન (૪) દુષ્કૃતવિપાકચિંતન (૫) સુકૃતવિપાકચિંતન.

આપણે આ ઉપાયોને બરાબર અમલમાં મૂકીએ એટલે સત્ત્વનો અપૂર્વ ઉલ્લાસ થયા વિના ન રહે. પરમર્ષિ હવે આ જ સત્ત્વને સક્રિય બનાવવાની પ્રેરણા સાથે પ્રસ્તાવનો ઉપસંહાર કરતા કહે છે-



**ततः सत्त्वमवष्टभ्य[1], त्यक्त्वा कुग्राहिणां ग्रहम्।**
**क्रियतां भो सुधर्मस्य, करणायोद्यमः[2] सदा।।४२।।**

कृतसत्त्वावष्टम्भानां ह्यन्यावष्टम्भप्रतिबन्धविरहः, ततश्च स्यादेव सर्वसङ्गविमुक्तता परमानन्दरसालसता च। कुग्रहफलं कुतर्कः। स च बोधरोगः शमापायः श्रद्धाभङ्गोऽभिमानकृद् भावरिपुरित्याचार्याः।

**આ રીતે સત્ત્વનું અવલંબન કરો, અસદ્ગ્રહવાળા જીવોના એ કદાગ્રહ ભાવનો ત્યાગ કરો અને સુધર્મના પાલન માટે હંમેશા ઉધમ કરો. ।।૪૨।।**

પરમર્ષિએ છેલ્લે છેલ્લે એવી ધજા ફરકાવી છે કે આફરીન આફરીન થઈ જવાય. જે સત્ત્વનું અવલંબન કરે, એને કોઈનું ય અવલંબન ન કરવું પડે. એને કદી પરાધીન ન રહેવું પડે. એને કોઈની ગુલામી ન કરવી પડે.

મારામાં ઠંડી સહન કરવાનું સત્ત્વ ઘટશે એટલે મારે બીજી કામળી રાખવી પડશે... મારે ધાબળાની ગુલામી કરવી પડશે, મારે પેક મકાનની પરાધીનતા રાખવી પડશે. આવી તો કેટકેટલી ગુલામી નિઃસત્ત્વ જીવોના જીવનમાં ઘર કરી ગઈ હશે. પરમર્ષિના આ શબ્દોની કરોડો રૂપિયાથી પણ તુલના થઈ શકે એમ નથી. બસ એક સત્ત્વનું અવલંબન કરો, તમે રાજા છો, તમારે કોઈની ગુલામી નહીં, તમારા જેવા કોઈ સુખી નહીં.

પરમર્ષિ બીજી વાત કરે છે કદાગ્રહ છોડો. કદાગ્રહ એ તત્ત્વપ્રતિપત્તિમાં મોટું વિઘ્ન છે. નૈશ્ચયિક દૃષ્ટિએ તો કદાગ્રહ એટલે મિથ્યાત્વ. એ વસ્તુ પાછી ગુરુની સામે આવે એટલે થઈ રહ્યું. સાધનાના રામ રમી ગયાં. યોગદૃષ્ટિસમુચ્ચયમાં કહ્યું છે કે કુતર્ક એ ભાવશત્રુ છે. એના અનેક દુષ્પરિણામો છે - (૧) બોધરોગ - એ

१. क-ख- सत्वम। ग- सत्वंम। २. क- कारणा।

अतोऽयमत्यन्तं हेयः। अन्वाहुश्च- ग्रहः सर्वत्र तत्त्वेन मुमुक्षुणामसङ्गतः इति। असद्ग्रहग्रस्तानां विद्यादिदानं तु शुनीशरीरकस्तूरिकाविलेपन-सदृशम्। शुद्धनयाभिप्रायेण कुग्रह एव मिथ्यात्वम्। सत्यप्रियता हि सम्यक्त्वबीजम्, तदरिश्च कुग्रह इति। एवं च कुग्रहविमुक्त एव सत्त्वोपयोगः सिद्धिदः, अन्यथा प्रत्युतानर्थ इति फलितम्।

सुधर्म इति भावधर्मः, विशुद्धतरसंयमस्थानप्राप्तिर्वा, धर्मविशेषणा-

---

સદ્બોધમાં મોટું બાધક છે. (૨) શમાપાય - પ્રશમસુખમાં આપત્તિ છે. (૩) શ્રદ્ધાભંગ - એ શ્રદ્ધાને તોડી નાંખે છે. (૪) અભિમાનકૃત્ - એ અભિમાન કરાવે છે. જીવ નિર્ગુણ હોવા છતાં કદાગ્રહ અને કુતર્કને કારણે પોતાને જ્ઞાની અને ગુણવાન સમજી લે છે અને પોતાનો સર્વનાશ નોતરે છે.

મહોપાધ્યાયજી કહે છે કે જે કદાગ્રહી છે એ વિદ્યા અને પ્રેરણા માટે તદ્દન અપાત્ર છે. એને એ વસ્તુઓ આપવી એ હડકાઈ કૂતરીને કસ્તૂરીના વિલેપન કરવા જેવું છે. હરિભદ્રસૂરિજી તો ત્યાં સુધી કહે છે કે જે મોક્ષમાર્ગના સાધક છે એમણે કોઈ પણ વાતમાં આગ્રહ રાખવો ઉચિત નથી.

સત્યપ્રિયતા એ સમ્યક્ત્વનું બીજ છે અને કદાગ્રહ એ સત્યપ્રિયતાનો શત્રુ છે માટે આ વાતનો ગંભીરતાથી વિચાર કરવો જોઈએ.

પરમર્ષિને છેલ્લી એક જ ચિંતા છે કે મારા સત્ત્વોપદેશથી સત્ત્વનો વિકાસ થઈ જાય, પણ જો કદાગ્રહ નહીં જાય તો એ જ સત્ત્વ સ્વ-પરને મારનારું, અહિતકારી થઈ જશે. એટલે પરમર્ષિ કહે છે કે સત્ત્વનો અવષ્ટંભ કરો પણ કદાગ્રહને છોડીને.

પરમર્ષિએ અહીં એક વિલક્ષણ પ્રયોગ કર્યો છે. સુધર્મમાં ઉદ્યમ કરો. અહીં પ્રશ્ન થાય છે કે જે ખરેખર ધર્મ જ છે એ તો સુધર્મ જ



न्यथानुपपत्तेः। तत्करणोद्यमेनैवायं सत्त्वोपदेशसाफल्यं मनुष्यत्वादिसा-र्थक्यं चेति।

स्वपरसत्त्वोदयप्रयोजन एते संस्कृतगुर्जरवार्त्तिके। मूलमेतयोः जिन-

---

હોય ને, ખરાબ ધર્મ થોડી હોય, ખરાબ હોય તો એને ધર્મ જ ન કહેવાય, તો પછી પરમર્ષિને 'સુ' લગાવવાની જરૂર કેમ પડી ?

અધ્યાત્મમતપરીક્ષામાં મહોપાધ્યાયજીએ આવા જ એક પ્રશ્નનો જવાબ આપ્યો છે. - પ્રશ્ન છે - જે અધ્યાત્મમત છે એની તમે પરીક્ષા કેમ કરો છો ? એની પરીક્ષાની શું જરૂર ? જવાબ છે - કોઈ પણ વસ્તુના ચાર નિક્ષેપ હોય છે. નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ. એમાં ભાવ-અધ્યાત્મમતની પરીક્ષાની કોઈ જરૂર નથી. હું જેની પરીક્ષા કરું છું. એ નામ-અધ્યાત્મમત છે. વાસ્તવગુણરહિત છે.

એ જ રીતે દુર્ગતિથી બચાવે અને સદ્ગતિમાં સ્થાપન કરે એ ધર્મ છે. એના નામ નિક્ષેપમાં ઉદ્યમ કરવાનું પરમર્ષિ નથી કહેતાં. એટલે જ એમણે આગળ 'સુ' ઉમેરી દીધું છે. જેથી સદ્ધર્મ - શુદ્ધધર્મ - વાસ્તવિક ગુણવાળો ધર્મ = ભાવધર્મમાં ઉદ્યમ કરવાની પ્રેરણા આપી શકાય. એમાં ઉદ્યમ કરવાથી જ આ સત્ત્વોપદેશ પણ સફળ થઈ જશે અને મનુષ્યપણું વગેરે જે ઉત્તરોત્તર દુર્લભ વસ્તુઓ મળી છે, એ પણ સફળ થઈ જશે.

હવે બીજો અર્થ-ધર્મનો અર્થ ભાવધર્મ જ છે. 'સુ' નો અર્થ વિશુદ્ધતર. સર્વવિરતિ ધર્મને સંયમસ્થાનો સાથે સીધો સંબંધ છે. ઊંચા ઊંચા વિશુદ્ધતર સંયમસ્થાનો એટલે સુધર્મ. આવા સુધર્મ માટે પરમર્ષિ પ્રેરણા કરી રહ્યા છે. ચાલો, આપણે સત્ત્વનો વિકાસ કરી વિશુદ્ધતર વિશુદ્ધતર સંયમસ્થાનોનો સ્પર્શ કરીએ.

પરમર્ષિનો આ સત્ત્વોપદેશ મારામાં અને મારા સાધર્મિક-સંયમીઓના જીવનમાં જીવંત બને તે માટે લખેલી આ સંસ્કૃત અને ગુજરાતી

शासनानुरागः साधर्मिकवात्सल्यं चेति। तथाऽपि चेत्कस्यचिदेताभ्यां मनोदुःखं तदा क्षन्तव्यो लघुबन्धुः, बालादपि हितं ग्राह्यमिति। चेदुत्सूत्रितं तन्मिथ्याऽस्तु दुष्कृतम्। अर्हम्।

[1]इति चरमतीर्थपतिश्रमणभगवन्महावीरस्वामिशासने
श्रीतपागच्छीयाचार्यदेवश्रीमद्विजयप्रेम-भुवनभानु-
पद्म-हेमचन्द्रसूरीश्वरशिष्य-
आचार्यश्रीविजयकल्याणबोधिसूरिसंवर्णिता
श्रीयोगसारचतुर्थप्रस्ताववार्त्तिकरूपा
सत्त्वोपनिषद्

---

વાર્તિક દ્વારા જો કોઈની લાગણી દુભાઈ હોય તો તેમની અંતરથી ક્ષમા ચાહું છું. શાસન પ્રત્યેની લાગણી અને સંયમીઓ પ્રત્યેના પ્રેમથી નાના ભાઈએ આ કહેલી વાતો છે - એમ સમજીને એને ક્ષમા કરશો. નાના મોઢે મોટી વાત કરી છે. પણ કહ્યું છે ને ? - बालादपि हितं ग्राह्यम्। જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

ઈતિ
ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીરસ્વામિશાસને
શ્રીયુગાદિદેવના દિવ્ય સાન્નિધ્યે તપાગચ્છીય આચાર્યદેવ
શ્રીમદ્વિજયપ્રેમ-ભુવનભાનુ-પદ્મ-
હેમચન્દ્રસૂરીશ્વરશિષ્ય-
આચાર્યવિજયકલ્યાણબોધિસૂરિસંવર્ણિતા
શ્રીયોગસારચતુર્થપ્રસ્તાવવાર્તિકરૂપા સત્ત્વોપનિષદ્

---

१. क-ग- प्रतौ प्रान्ते - इति योगसारे तत्त्वज्ञः सत्वोपदेशश्चतुर्थः प्रस्तावः।



